

કુમાર

અંક ૩૮

ઉગતી પ્રજાનું માસિક

ંત્રી રવિશંકર રાવળ · માહ :: ૧૯૮૩ · વર્ષ ૪: અંક ૨

કુમાર

માહ ૧૯૮૩


અંક ૩૮

તંત્રી રવિશંકર રાવળ; મુદ્રક-પ્રકાશક બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય ૨૭૦૬ રાયપુર અમદાવાદ

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર ‘સૌરાષ્ટ્ર’માં પ્રગટ થાય છે.



'કુમાર'ના માઘ ૧૯૮૩ના અંકનું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું
આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ૪ અંક ૨ માહ : ૧૯૮૩

સાધના

મહત્ત્વાકાંક્ષાની મીટ ભરીને પછી તો જીવનનો આતુર મુસાફર સાધનાની વાટ તરફ પગલાં માંડે છે. અને ખરું જ તો. મનમાં મોટી ઇચ્છાઓ કરી હાથપગ જોડી બેસી રહ્યે શો આરો ? એને જીવનમાં ઉતારવા માટે તો ઉગ્ર ઉપાસના કરવી પડે. એ સાધના.

ખોટી મોટાઇ મેળવવાની ઝંખના પાછળ ઘણા જે ધમાધમી અને મથામણ કરે છે તે સાધના નહિ. સાધનાનો તો પહેલો જ મંત્ર છે આંતરશુદ્ધિ કરી પાત્રતા કેળવવાનો; પાંગરતી શક્તિઓને વેડફી દેવાને બદલે તેમને કેન્દ્રિત કરી એક ધ્યેય તરફ વાળવાનો.

સાધના એટલે કોઈ કલ્યાણપ્રદ હેતુ ખાતર માંડેલી તપસ્યા. એને માટે અખુટ ઉત્સાહપૂર્વક કરેલું મુંગું મંથન; એની પાછળ અવિરત ઉદ્યોગ કરતાં કરતાં ફના થઈ જવાની ખુમારી; લેશમાત્ર ધીરજ ખોયા વિના અનંતકાળ સુધી મથ્યા કરવાની અપરાજિત સહનશીલતા.

સાધક એટલે અનુભવનો ભીષ્મ: નવ્વાણુ હાર ખાઇને ઉઠનાર ટેકીલો ધૈર્યશીલ આત્મા. હળવા શબ્દોમાં કહીએ તો, લોહી અને પરસેવો કાઢવાની પ્રામાણિક રીત તે સાધના.

અને એવી સાધનાને કશું અસાધ્ય નથી.

દેશળજી પરમાર

રમત માત્ર કુદરતી પ્રેરણા અને સ્વતંત્રતાના વાતાવરણમાં જન્મે છે. રમત અને 'લેસન'નો ફરક એટલો જ છે કે 'લેસન' કોઇ હેતુથી, કે કોઇના તરફના દબાણથી કે કોઇ જાતની ફરજથી કરવાનાં હોય છે, અને તે જડ ભાર લાગે છે. રમતમાં ઘણી વાર પાઠ કરતાં વધુ શ્રમ, વધુ એકાગ્રતા તથા એકનિષ્ઠાની જરૂર પડે છે, છતાં તેમાં જીવની પોતાની સ્ફુરણા હોવાથી તેનો ભાર કે થાક જણાતો નથી અને પરિણામે વિકાસ અને બળ આપોઆપ મળી જાય છે.

રમત પરાણે રમાતી નથી. પાઠ તો દાબથી, કાયદાથી, લાલચથી કે હરીફાઇથી કરાવી શકાય છે. આટલી તો સિદ્ધ વાત છે કે જે જે વિષયો શાળામાં નથી ચાલતા તેમાંનો કોઇ પણ વિષય વિદ્યાર્થી પોતાના શોખથી કરતો હોય છે, ત્યારે તેમાં તે બેવડો ઉમંગ અને મહેનત બતાવે છે. જે વાર્તા શાળાના અભ્યાસમાં પાઠ્ય પુસ્તક તરીકે દાખલ થાય છે તે વિદ્યાર્થીને કંટાળો આપતી લાગે છે; પણ જે વાર્તા તે પોતાની મેળે નિજાનંદ ખાતર વાંચવા ઉપાડે છે તે રાત જાગીને પણ વાંચી કાઢે છે અને તેની અસર વડે તેનું જીવન ઘડાય છે.


છોકરાઓના પોતાના સાહસથી કે સંપથી ચાલતાં મંડળો અને અખાડા જુઓ, અને સ્કુલની કસરતશાળા કે ડિબેટિંગ ક્લબની હાજરી જુઓ; તરત સમજાશે કે સ્વેચ્છાથી કરવાના વિષયમાં હુકમ કે ફરમાન આવતાં તેનો રસ ઉડી જાય છે. શેરીઓમાં અને પોળોમાં રજાને દિવસે છોકરાઓ કે છોકરીઓ રમતની જે ધુન મચાવે છે તે વાતાવરણ નિશાળના મેદાનમાં કે શાળાના મેળાવડામાં નહિ જુઓ. કારણ, બધે જ કડક નિયમપાલન અને નહિ-તો તેના ભંગ માટે ઝઝુમતી તલવાર જેવા કાયદા, ઓછા માર્ક (માઇનસ) કે કંઈ સજા, દંડ કે માસ્તરની ટીકા! 'સ્કાઉટિંગ' જેવો અતિ રસ-



દાયક વિષય પણ આવા જ કારણે મોટે ભાગે સફળ થઈ શકતો નથી, એવી કબુલાત ઘણા સ્કાઉટ માસ્તરોએ અમને આપી છે. શાળામાં મળેલા દિવાની ફોજદારીના હક્કો છોડતાં શિક્ષકોને, વાઇસરૉયને હિંદ છોડતાં લાગે તેના કરતા યે વધુ આંચકો લાગે છે.

શિક્ષકોની કરડી કટાક્ષભરી આંખ તેમની અને વિદ્યાર્થીની વચ્ચે મોટું અંતર રાખે છે. શાળાના પાંચે ય કલાક એ આંખ નીચે થાક અને દબાણ ભોગવતો વિદ્યાર્થી ક્યારે છુટું ક્યારે છુટુંના જપ જ કરતો હોય છે. વધારાનાં લેસન તો એકલા ગમે તેમ કુટી કાઢીશું એમ સમાધાન લેતો ઘેર જાય છે. ઘણી વાર તો સ્વપ્નાંમાં પણ ભવાં ચડાવેલા ગુરુદેવના દર્શન પામતો હોય છે.

આ બધું જાણે કે હજી ઓછું હોય તેમ હેડમાસ્તર સાહેબો અને પ્રિન્સિપાલ સાહેબોએ તેમને પોળના મિત્રોથી છુટા પાડી સાંજનો બાકીનો બધો વખત પોતાની હકુમત નીચે ખેંચવા માંડ્યો છે. ઘણા સારાસારા ખેલાડી અને કસરતબાજોનો ઉત્સાહ ઠંડો કરવામાં જાણીતી સંસ્થાઓના અતિ વિદ્વાન પ્રિન્સિપાલો કારણભૂત થયા છે તેના પણ દાખલા અમને મળ્યા છે.



જે કામમાં હાથની મજુરીની જરૂર પડે અને જેમાં હસ્તકુશળતાના વિકાસને અવકાશ હોય તેનું નામ ઉદ્યોગ. અને ઉદ્યોગ વિના અભ્યાસ કદિ પણ તેજસ્વી થનાર નથી.

શાળાઓએ વિદ્યાર્થીજીવનનો બધો વખત દબાવેલો હોવાથી આજે પોળોમાંથી પહેલાંની રમતો અદૃશ્ય થઇ છે. આજે પોળના રસ્તાઓમાં લખોટા રમતા છોકરાઓ, ભમરડાની ઝપટ લગાવતા નિશાનબાજો કે મોઇદંડાની રમરમાટી બોલાવતા બહાદરો શોધ્યા જડતા નથી. નાનાંનાનાં બચુકડાં પણ દફતર માં લઇ નિશાળે જાય છે ને આવે છે, અને ઓટલે બેસી આંક કે પાઠનું દાળદર ઉકેલતા નજરે પડે છે.

કન્યાજીવનના કિલકિલાટ કે ગીતધ્વનિ ઉપર પણ શાળાના જ શાપ પડ્યા છે એમ કહીએ તો ખોટું નથી. ભાઇ ઝવેરચંદ મેઘાણી, પોતે હમણાં તાજી જ બહાર પાડેલી વ્રતકથાની પ્રસ્તાવના લખીને આપણને એ જીવનનું એક સુંદર સ્વપ્ન યાદ કરાવે છે; પણ શાળામાં છોકરાઓની પેઠે જ લેસન અને પરીક્ષાનાં પોટલાં વહેતી નાની બહેનોને કોઈ વિચાર આવે છે કે તેઓ પોળ અને ઘર સુનાં રાખી શાળાના ચોખંડા ઓરડાઓમાં રાસ, ગરબા કે રસોઇના રસ શી રીતે સમજતી હશે? શાળાનો વખત એટલો લાંબો, નિરર્થક ક્રિયાઓથી ભરેલો અને થકવનારો થઈ પડે છે કે જીવનની બીજી દિશાઓમાં રસ લેવાની ઊર્મિ મરી જાય છે. પરીક્ષા ખાતર કે મેળાવડાના જશ ખાતર ક્રિયા થાય ત્યારે દિલના ઉમળકા અધૂરા જ રહે.

સાહિત્ય, કલા, તથા હુન્નર ઉદ્યોગો ખીલવનારા માણસોનાં જીવન તપાસશો તો માલુમ પડશે કે તેમને પોતાની ધુન ચાલુ રાખવા પુષ્કળ વખત અને નવરાશ મળતાં તેમને કોઇએ રોક્યા હોત, કોઇ બીજાં કામોનો તેમને ભાર હોત તો તેઓ કશું સાધી શક્યા ન હોત. શરીરવિકાસ કરનારા માણસોને પણ પોતાનો વખત સ્વાધીન રાખવો પડતો હતો.

દેશને સાધનો કરતાં ય શક્તિની વધુ જરૂર છે. શક્તિ જળવાશે તો સાધનો ઉત્પન્ન કરી લેવાશે.

પાનખર

પાનખર આવી પહોંચી છે. ગામ બહારનું એકેએક ઝાડ વાયુ વડે હાલી રહ્યું છે અને પાકાંપીળાં જીર્ણ પાન ખેરવી રહ્યું છે. કુદરત ચેતનભરી મંજરીઓથી ગતિમાન બની છે.

શિયાળાથી ઉનાળો, ઉનાળાથી ચોમાસું અને ચોમાસાથી પાછો શિયાળો એ ઋતુચક્ર જુદીજુદી અસર અને મીઠાશથી કોઈ એવી અજબ રીતે ચાલે છે કે એમાં કુદરત અને આખી માનવજાત પળેપળ નવા પ્રાણ મેળવી શકે છે.

શિયાળો સ્થૂલના સંકોચની ને શક્તિના સંગ્રહની ઋતુ છે. એનો કોરો ને ઠંડો પવન સઘળે સુકી નરવાઈ ને શાતી-ચોળ તાજપ ફેલાવે છે. અને એ પવન એટલો બધો વાય છે કે જીવતા જગતનાં જીર્ણ પડો ઉખડવા માંડે છે અને સૌના અંતરમાંથી નવી ગુલાબી, નવું ચેતન ને નવી ચમક ફૂટવા લાગે છે. થોકબંધ કામ અને ઓછામાંઓછો થાક; તીવ્ર પાચનશક્તિ અને તાજું ચોકખું લોહી; અવયવોમાં વીજળી અને વેગ: એ સઘળાં આ ઋતુનાં નીરોગી ફળો છે.

પણ આજના જુવાન તો ઠંડીથી ચમકે છે અને સ્વેટર ને મફલર, ગળપટ્ટો ને ગરમ કોટ, મોજાં ને શાલ વગેરે વગેરેથી પોતાનાં નબળાં શરીરને વીંટાળી વધુ નબળાં બનાવે છે. એ તે કંઇ શિયાળો માણવાની રીત છે ?

શિયાળાના શક્તિસંચય પછી ઉલ્લાસભરી વસંત ખીલે છે. નવો દેહ, નવાં પાંન, નવાં ફુલ અને અવનવા રંગોનો એ મેળો છે. સૌ પોતપોતાની સર્જકતા ધારણ કરી રહે છે અને આનંદનું વાતાવરણ પાથરે છે.

અને પછી વસંત ગાઢ થતીથતી ઉડવા માંડે છે, ફુલ બધાં ફળ બને છે; ફળો વધીને મોટાં થાય છે. ઉનાળાનો રસ પકવતો તાપ પડે છે તેની ગરમીમાં ફળો પોતાનો લીલો રંગ બદલી સોનેરી પીળાશ પકડે છે. માનવસમાજમાં પણ એમ જ સદ્વિચારો અને સત્કર્મના મરવા બેસે છે અને પછીથી પાકી સાખો પડે છે.

દે. પ.

ૐ

શહેરના રહેવાસીઓ કુદરતથી એટલા અળગા થએલા હોય છે કે આજે કઇ ઋતુ ચાલે છે એનું પણ તેમને ભાન નથી હોતું. આજના આપણા કેળવાએલા—મુછ વગરના કે મુછ કુંટેલા—છોકરાઓને પુછો કે કયા મહીનામાં કયાં ફુલ ફુટે છે, જાંબુ કયા મહીનામાં થાય છે, ઇંદ્રધનુષ કયા કયા મહીનામાં દેખા દે છે, આકાશમાંથી કરા કયા મહીનામાં પડે છે ? શહેરના છોકરાઓને એટલી જ ખબર હોય છે કે આઇસક્રીમની ઋતુ પછી છત્રી ઓઢવાની ઋતુ આવે છે અને ત્યાર પછી ગળે મફલર બાંધીને ફરવાની ઋતુ આવે છે ! ગામડાંના લોકોનું જીવન ઋતુઓ સાથે પુરેપુરૂં સંકળાએલું હોય છે. ધાર્મિક માણસના તહેવાર ઋતુ અનુસાર ગોઠવેલા હોય છે.

(દ. બા. કાલેલકર)





ગુજરાતના રસસાહિત્યમાં અપૂર્વ અને અનન્ય ફાળો આપી તેને રિદ્ધિવંતું કરનાર ગુજરાતના આ કવિવરની ૫૧મી વર્ષગાંઠ આવતા ચૈત્ર સુદ ૧ને દિવસે આવે છે તે પ્રસંગે એમનો જન્મસુવર્ણમહોત્સવ ઉજવવાનું ઠર્યું છે. અમે એ વિચારને સહર્ષ વધાવીએ છીએ અને કવિશ્રીને દીર્ઘાયુ ઇચ્છીએ છીએ.

'કુમાર' માત્ર વાંચન ફેલાવનારૂં સાધન જ બની રહે એવું અમે ઇચ્છતા નથી; પણ તે દરેક વાંચનારના જીવનમાં ઉપયોગી ને પ્રેરક થાય તથા માર્ગદર્શક બને એ અમને એનું મહત્ત્વનું ધ્યેય લાગે છે. આ હેતુ વધુ ચોક્કસ રીતે પાર પાડવાને અમે ગ્રાહકો આગળ એક નવી યોજનાની દરખાસ્ત મુકીએ છીએ. જે ગ્રાહકને—પોતાને જ માટે—કોઇ પણ હકીકતની માહીતી, સુચના કે સલાહ 'કુમાર કાર્યાલય' તરફથી જોઈતાં હશે તેમને, પોસ્ટેજ ચોડેલું પોતાના સરનામા-વાળું કવર અમને પત્ર સાથે મોકલવાથી વળતો જવાબ આપીશું. જે વિષયોના જવાબ અમે આપવા અશક્ત હોઇશું તેને વિષે, અમારી સાથે સંબંધ રાખતા જાણકાર હોશિયાર અનુભવીઓને પુછીને પણ યોગ્ય જવાબ આપવા યત્ન કરીશું.

આ રીતે કુમાર કાર્યાલય સાથે સીધો જીવંત સંબંધ બાંધવાની પ્રત્યેક ગ્રાહકને તક મળે છે. અમે આશા રાખીએ છીએ કે એવી તક મળતાં દરેક ગ્રાહક હૃદય ખોલીને અમારી સાથે પત્રવ્યવહારનો પ્રસંગ પાડશે.

—તંત્રી

સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય






'ચીંથરિયા' મનુષ્ય આધુનિક યુગનો નવીન આવિષ્કાર છે. હાડકાંનો માળો ચામડી નામના આવરણ નીચે છુપાવો: વચલી જગ્યામાં અહીંતહીં ગમે ત્યાં થોડાક સ્નાયુના લોચા ભરો. બસ: 'ચીંથરિયો' તૈયાર. તમે 'ચીંથરિયા' તો નથી ને?

તમારા શરીરમાં આ ચિત્રોમાં દેખાતા બધા યે સ્નાયુઓ સમાયાનું તમે માનશો ખરા? જુઓ કેવી સુંદર વ્યવસ્થા છે! પ્રત્યેક અંગના સંચાલનની સાથે સમતોલપણાનું તત્ત્વ પણ આ વિકાસમાં છે. યોગનાં આસનો અને વિવિધ દંડ-બેઠકની પ્રણાલિ તથા સ્નાયુવિકાસના વ્યાયામથી આવું શરીર મેળવનાર ભાઈ લાલશંકર ભાવનગરના ગણેશ ક્રીડામંડળના સભ્ય છે. ૫ ફુટ ૩॥ ઇંચ ઉંચા અને ૧૧૫ રતલ વજનના આ યુવાનની પીઠનો વિકાસ કેટલો સરસ છે! પેલી પેટી જેવી છાતીમાં સમાએલાં ફેફસાં કેવું ઉત્તમ આરોગ્ય સાચવતા હશે!

હવે ફોટો વિષે. આમાં ભાઇ લાલશંકરે પોતાના સ્નાયુઓ જ દેખાડવા પ્રયત્ન કર્યો છે. વાસ્તવિકરીતે સ્નાયુવિકાસથી સધાતી શરીરની સર્વાંગ સુંદરતા દર્શાવવાનો જ પ્રયત્ન કરવો જોઇતો હતો. નીચલા ડાબી બાજુના ફોટોમાં એમની બેઠેલી સ્થિતિમાં પણ સમતોલપણાનું તત્ત્વ સચવાયું નથી. ઉંડા વિચારમાં પડેલા યુવાનનાં આરામ લેતાં અંગોનું દર્શન કરાવનાર આ સ્થિતિ છે: જમણી બાજુએ આપેલા બીજા ચિત્ર પરથી એ સમજાશે. ભાઇ લાલશંકરે આરામ લેતાં શિથિલ અંગોને બદલે સ્નાયુઓના અસમ ખેંચાણથી થોડી બેડોળતા આણી છે.





એક જીવનમાં બે સિદ્ધિ મેળવનાર ચિત્રકાર અને શોધક

સૅમ્યુઅલ મોર્સ

આજથી લગભગ સોએક વર્ષ પહેલાં, હૅવ્રેથી ન્યૂયોર્ક જતા સુલી નામના વહાણમાં એક પ્રખ્યાત અમેરિકન ચિત્રકાર કેટલાક જાણીતા પુરુષોની સાથે ખાણું લેતો હતો. સ્વાભાવિક રીતે જ, એ વેળા દુનિયાને અચંબો પમાડતી વિજળીની શોધખોળ ઉપર વાત નીકળી અને બેન્જામિન ફ્રૅન્કલિનના પતંગના અખતરા તથા ઍમ્પીઅરના ઇલેક્ટ્રોમૅગનેટ (વિદ્યુત-લોહચુંબક)ના પ્રયોગો પર ચર્ચા ચાલી.

'શું વિજળીનો પ્રવાહ ઘણે લાંબે સુધી વાળાની અંદર વહેતાં ખુટી જતો નથી?' મંડળમાંથી એકે પુછ્યું.

'બીલકુલ નહિ; અખતરાથી સાબીત થયું છે કે વિજળી ગમે તેટલે દૂર, ખુટી ગયા સિવાય એક ક્ષણમાં પહોંચી જાય છે.' બીજાએ પ્રત્યુત્તર વાળ્યો. અને આના ટેકામાં, ફ્રૅન્કલિને વિદ્યુતનો તણખો ઘણે દૂર, વાળાને છેડે એક જ ક્ષણમાં પેદા કર્યો હતો તે પ્રયોગની વાત કરી.

આ વાત સાંભળતાં જ પેલો ચિત્રકાર એકદમ બોલી ઉઠ્યો, 'જો વાળામાં ગમે તેટલે દૂર એક જ ક્ષણમાં વિદ્યુત દેખી શકાય, તો શામાટે તે વડે ગમે તેટલે દૂર વગર વિલંબે સંદેશા ન મોકલી શકાય?'

આ શબ્દો જોકે તેના મુખમાંથી સહજ નીકળ્યા હતા, પણ બીજી જ ક્ષણે એ અમેરિકન ચિત્રકાર, સૅમ્યુઅલ ફિન્લે બ્રીઝ મોર્સને ભાન થયું કે પોતે એક ભારે મહાન શોધનો ખ્યાલ ઉપજાવ્યો છે. પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી એક જ ક્ષણમાં સંદેશા પહોંચાડી શકે તેવા સંદેશવાહક યંત્રની શોધથી જગતનું કેટલું કલ્યાણ કરી શકાય એ ખ્યાલથી તેને રોમાંચ થઇ ગયો. અવનવા વિચારોની પરંપરાથી તે પુલકિત થયો. દૈવે જ પોતાને આ પ્રકાશ દેખાડ્યો હોય એમ તેને ભાસ્યું.

મંડળમાં તો કોઇને મોર્સની વાતથી કાંઇ નવાઈ લાગી નહિ અને વાત આગળ ચાલી. પણ મોર્સનું મગજ ધમધમી ઉઠ્યું. તેના આખા શરીરમાં જાણે વિદ્યુતનો પ્રવાહ વહેતો હોય તેમ તેને લાગ્યું. તે ખાણા ઉપરથી ઉઠી સ્ટીમરના ડેક ઉપર ગયો. સમુદ્રનાં પ્રચંડ મોજાં સ્ટીમરની બાજુ સાથે અથડાઇ ઘોષ કરતાં હતાં અને તેમાંથી ઉડતાં જલશીકરોથી હવા શીતળ થતી હતી તે સમયે મોર્સના મગજમાં, હજારો માઇલ દૂર મનુષ્યના વિચારો લખી શકે તેવા યંત્રની રચના ઘડાતી હતી.


તેણે વિચાર્યું કે વિદ્યુતનો પ્રવાહ એક જ ક્ષણમાં ગમે તેટલે અંતરે તારમાં જઇ શકે છે. જો તે તારને ગમે ત્યાં વચમાં તોડી નાખવામાં આવે તો તણખો થાય.



સૅમ્યુઅલ મોર્સ ૮૧ વર્ષની વયે



ભવિષ્યમાં કોઇ દિવસ ટેલિગ્રાફની શોધ વિષે સાંભળો તો યાદ રાખજો કે તે તમારા ભાગ્યશાળી સુલી વહાણ પર થઈ છે!



મોર્સે શોધેલું પહેલું ટેલિગ્રાફ યંત્ર જેને વિજળી જોડતાં તથા અટકાવતાં એક પેન્સિલ ઉંચીનીચી થતી, જે વડે કાગળની પટી પર મારેલા ટપકાં-લીટા પાડી શકાતા

તણખા તે એક ચિહ્ન, તેની ગેરહાજરી તે બીજું ચિહ્ન, અને તે ગેરહાજરીના સમય તે ત્રીજું ચિહ્ન. આ ત્રણ ચિહ્નોની વિવિધ રચનાથી હું અક્ષરો શબ્દો અને વાક્યો બનાવીશ. જો વિજળી આ ચિહ્નોને દસ માઇલ લઇ જઇ શકે તો પછી તો હું તેને આખી દુનિયા ઉપર લઇ જઇ શકીશ !

એક કલાકના ચિંતનને અંતે યંત્રનો આકાર નિશ્ચિત થયો અને અમેરિકાના એ નામાંકિત ચિત્રકાર મોર્સ, ૪૧ વર્ષની ઉમરે, એક ક્ષણમાં ચિત્રકાર મટી ટેલિગ્રાફ-તાર-યંત્રનો શોધક બન્યો !

તેણે ખીસામાંથી પોતાની સ્કેચ બુક કાઢી તેમાં ટપકાં અને લીટાની ગોઠવણ કરી. પ્રથમ દસ સુધી આંક ગોઠવ્યા, અને પછી તે આંકને જોડી શબ્દો કલ્પી કાઢયા. તેની પ્રથમ ગોઠવણ આ પ્રમાણે હતી:

. (એક ટપકું એટલે) ૧, . . (બે ટપકાં એટલે) ૨, . . . ૩, ... ૪, ... ૫, . — ૬, . . — ૭, . . . — ૮, ... — ૯, ... — ૦.

આ પ્રમાણે અંકની ગોઠવણ કર્યા પછી નીચે મુજબ શબ્દરચના કલ્પી કાઢી: જેમકે ૨૧૫=લડાઇ. ૨૧૫ની નિશાનીઓથી 'લડાઇ' શબ્દ સમજવો. આમાં: . . । . । . . . . . એટલે લડાઇ. ૫૬ની સંજ્ઞાથી હોલાંડ, ૧૫ની નિશાનીથી બેલજિયમ, ૨૫૨ એટલે ઈંગ્લંડ સમજવાં: જેમકે . . . . . । . — (હોલાંડ) . । . . . . . (બેલ્જિયમ), . . । . . . . . । . . (ઈંગ્લંડ). આ પ્રમાણે તેણે અનેક કલ્પના કરી કાઢી. દુનિયા પર હાલમાં બહુ જ છુટથી વપરાતી ટપકાં—લીટાની ભાષાની ઉત્પત્તિનો આ ઇતિહાસ; સેમેફોર, હેલિયોગ્રાફ, તાર, વાયરલેસ વગેરેમાં વપરાતા કક્કાનો આ ઉત્પત્તિક્રમ, અને તેનો પિતા એ મોર્સ; તાર, ટેલિફોન, વાયરલેસ અને રેડિયો એવા અનેક ચમત્કારોનું આ મુળ.

વહાણ દિવસરાત અમેરિકા તરફ ધસતું હતું અને મોર્સ આ શોધને પૂર્ણ કરવાના વિચારોમાં એક પછી એક નિદ્રા વગરની રાત્રિઓ પસાર કરતો હતો. આ શોધની તેને ધગશ લાગી હતી.

પણ વિજળી તથા તેના સંચા બાબતનું તેનું જ્ઞાન ઘણું જ થોડું હતું. તે જ્યારે યેલ કૉલેજમાં ભણતો ત્યારે વિજળી સંબંધી તેણે થોડા પ્રયોગો જોએલા અને તેના પરિણામે તેને વિજળીની શોધખોળનો રસ લાગેલો. બૅટરીની રચના, વિદ્યુત-લોહચુંબકના ગુણો અને બીજી અનેક નાનીમોટી વિજળીની શોધોથી તે માહીતગાર રહેતો.

હવે તેણે વિચાર કરવા માંડ્યો કે પોતાના આ નવા સંદેશાવાહી યંત્રમાં વિજળીની કઇ શોધનો પોતે સારામાં સારો ઉપયોગ કરી શકે. વિજળીના ઝબકારા વડે દૂર સંદેશા મોકલવા કરતાં વિદ્યુત–લોહચુંબકની મદદથી દૂર એક લોઢાના કટકાને જો ઉંચોનીચો ચલાવી શકાય, તો તેમાંથી અવાજ નીકળે, અને તે અવાજથી સંદેશા મોકલવાની પદ્ધતિ વધુ સરળ થઈ પડે.

આમ વિચારી તેણે એવા એક યંત્રનો નકશો તૈયાર કર્યો અને તેમાં કેવા તાર વાપરવા તેની પણ નોંધ કરી. પોતાની આ નવી શોધના નકશા તેણે પોતાનાં સાથેના સ્ટીમર ઉપરના મુસાફરોને બતાવ્યા અને એ શોધ શું કામ કરશે તે સમજાવ્યું. તેઓ તો માત્ર આશ્ચર્ય અને શંકાથી ડોળા ફાડી જોઇ જ રહ્યા!

આખરે સ્ટીમર બંદરે આવી પહોંચી અને મોર્સ સ્ટીમરના કૅપ્ટન પેલને મળવા ગયો. વાતચીતમાં તેણે કહ્યું, 'ભવિષ્યમાં જો કોઇ દિવસ ટેલિગ્રાફની શોધ વિષે તમારા સાંભળવામાં આવે તો યાદ રાખજો કે તે શોધ તમારા ભાગ્યશાળી સુલી વહાણપર થઇ છે !'

વિજ્ઞાનના ઇતિહાસમાં કોઇ પણ શોધકને પોતાની શોધ વિષે આવા પરિપૂર્ણ અને ચોક્કસ વિચારો પ્રથમથી કદિ સ્ફુર્યા નથી. મોર્સે સુલી વહાણના કૅપ્ટન આગળ ભાખેલી ઉપલી ભવિષ્યવાણી તેને શોધક તરીકેનું અદ્વિતીય સ્થાન આપે છે.

પણ દુનિયાની એ પરમ મહાન શોધના એ શોધકને સ્વપ્ને ય ખ્યાલ નહોતો કે જનસમાજ પોતાની શોધ સ્વીકારશે તે પહેલાં પોતાને કેટલાં ય વર્ષો નિરાશા, ઝોડમત અને કંગાલિયતમાં પસાર કરવાં પડશે. બીજા ઘણાખરા શોધકોને પોતાની શોધને માત્ર પૂર્ણ કરવામાં સર્વસ્વનો ભોગ આપવો પડ્યો છે; જ્યારે મોર્સની પાસે શોધ તો પૂર્ણ હતી; પરંતુ તેને અશ્રદ્ધાળુ લોકોને ગળે ઉતારતાં સર્વસ્વનો ભોગ આપવો પડ્યો; અને તદુપરાંત જીવનભર મથીને ચિત્રકાર તરીકે મેળવેલી ખ્યાતિનો ભોગ આપી લાગટ બાર

વર્ષ સુધી પરિણામશૂન્ય પ્રયત્નોમાં ગાળવા પડ્યા.

મોર્સના જીવનમાં આશ્ચર્યકારક બીના તો એ છે કે તેણે એક જીંદગીમાં બે જીંદગી ઉભી કરી. અને તે બંનેમાં નીચેથી ઉંચે ચઢી તેણે ખ્યાતિ મેળવી. ચિત્રકાર તરીકેનું તેનું જીવન પણ બહુ મુશ્કેલીથી ઘડાએલું હતું. તેણે એક ફેરિયા તરીકે જીવનની શરૂઆત કરી હતી અને ન્યૂ ઈંગ્લંડમાં ચીંથરેહાલ, ભૂખ્યાં, રખડુ ગામડિયાઓનાં ચિત્રો દોરી તે બે પૈસા પેદા કરતો. આ પ્રમાણે લગભગ વીસ વર્ષના સતત પ્રયાસ પછી તેની ગણના અમેરિકામાં એક સારા ચિત્રકાર તરીકે થવા લાગી, અને પછી તો એવો વખત આવ્યો કે તેની સમક્ષ અમેરિકાના પ્રેસિડેન્ટ, સરદારો અને મહાન પુરુષો પોતાનાં ચિત્રો દોરાવવા માટે બેસવા લાગ્યા અને ચિત્રકાર તરીકેની તેની ખ્યાતિ અમેરિકા બહાર પણ દૂર દેશોમાં પ્રસરી.

આમ જ્યારે તે ચિત્રકાર તરીકેની કીર્તિના ઉચ્ચ શિખરે પહોંચ્યો હતો અને યૂરોપથી પૂર્ણ યશ મેળવી પાછો સ્વદેશ આવતો હતો, જ્યારે સુખ અને સમૃદ્ધિની છોળો તેને હાથવેંતમાં જણાતી હતી એવે સમયે, એકાએક આકાશવાણીની જેમ તેને એક એવી નવી સ્ફૂરણા થઇ કે જેને ખાતર તે સર્વસ્વનો ત્યાગ કરવા તત્પર થયો, અને ફરીથી શોધક તરીકેનું નવું જ જીવન શરૂ કરવાનો તેણે નિશ્ચય કર્યો.

તેના આ બીજા જીવનમાં પ્રથમ જીવનના કેટલાક અમોલા અનુભવો તેને બહુ ઉપયોગી થઇ પડ્યા. ચિત્રકાર થવા માટે તેણે જે અત્યંત ધીરજ કેળવી હતી તે તેને આ વખતે ખપ લાગી. અનુભવે તેને શીખવ્યું હતું કે અનેક નિષ્ફળતા અને પ્રયત્નોને પરિણામે જ પૂર્ણતા મેળવી શકાય છે. એક વાર તે ઈંગ્લંડમાં ચિત્રકળાનો અભ્યાસ કરતો ત્યારે તેણે નૅશનલ ઍકેડેમીમાં મુકવા માટે એક ચિત્ર બનાવેલું. તે વખતના ઈંગ્લંડના પ્રથમ પંક્તિના એક ચિત્રકાર બેન્જામિન વેસ્ટને તેણે તે બતાવ્યું અને પૂર્ણ આશાથી તેમને પુછયું, 'આપ આ ચિત્ર માટે શું ધારો છો?'

'ઘણું સરસ છે; પણ તમે તેને પુરૂં કરો.' તેમણે જવાબ આપ્યો.

'પણ આ તો પુરૂં જ કરેલું છે.' મોર્સે કહ્યું.

'ના ના; જુઓ આ;' એમ કહી મિ. વેસ્ટે ચિત્રમાં અધુરાં રહેલાં બેચાર સ્થળો મોર્સને બતાવ્યાં.

ઉત્થાન



: અંજની :

દેશદેશ વંટોળ ચઢ્યો ને
લોકલોક જુવાળ ભર્યો છે;
ઉંઘ ઘોરતો એકલસુરો
સાથી, શું બેઠો?


જો! જુનાં બંદર ખડે છે,
નવી દિવાલો ત્યાં ઉપડે છે;
તો શાને પાતાળ ગરે છે
સાથી, તું હેઠો?

પ્હરોડની નોબત ગગડે છે,
તુજ પાંપણ સ્વપ્નો રસળે છે;
તુજ લોચન સુરજ પ્રજળે છે:
સાથી, કાં ઉંઘ્યો?

બેરી વિખેરી દે પામરતા,
તોડફોડ કારી કાયરતા;
સિંહ સમોવડ બાળ હીંદવો
સાથી, આ છુટ્યો.

માતહૃદય ઉલ્લાસ ધરે જો-
પિતૃ આત્મ સંતોષ ભરે જો-
કૌમારે રોમાંચ ચડે તો
સાથી, તું ઉઠ્યો.

દેશળજી પરમાર



મોર્સે ૧૮૪૪માં જે યંત્ર ઉપર વૉશિંગ્ટનથી બાલ્ટિમોર પહેલવહેલો સંદેશો મોકલેલો તે યંત્ર

નિરાશ થએલો એ નાનકડો ચિત્રકાર ચિત્રને ઘેર લઈ ગયો અને તેના ઉપર એક અઠવાડિયું વધુ મહેનત કરી. ત્યાર પછી પાછું તે મહાન ચિત્રકાર પાસે બતાવવા લઇ ગયો. આ વખતે ગુરુએ ચિત્રનાં પુષ્કળ વખાણ કરી કહ્યું, ' પણ હજી એને પુરૂં કરો.'

' શું આ પૂર્ણ નથી ? ' અધીરાઇથી મોર્સે પુછ્યું.

' નહિ જ. જુઓ તમે આ સ્નાયુ બરાબર દોર્યા નથી; અહીં આંગળીનો વળાંક બરાબર ભાવદર્શક નથી.'

ફરી વાર મોર્સે તે ચિત્ર ઉપર કેટલા યે દિવસ સુધી મહેનત કરી. જ્યારે મોર્સ ત્રીજીવાર ચિત્ર લઇને આવ્યો ત્યારે બેન્જામિન વેસ્ટે તો તેનો તે જ જવાબ આપ્યો, ' બરાબર છે, સારૂં છે; પણ એને પુરૂં કરો.'

' હું પુરૂં નહિ કરી શકું. ' આટલું બોલતાંબોલતાં તો મોર્સ ગદ્‌ગદિત થઇ ગયો.

' ગભરા નહિ, જુવાન ! હું તારી કસોટી કરવા જ આમ કહું છું. તું હવે બરાબર સમજ્યો હોઇશ કે ઘણાં ચિત્રો દોર્યે કાંઈ ચિત્રકાર થઇ જવાતું નથી; પણ એક ચિત્ર સંપૂર્ણ કરવાથી જ સારા ચિત્રકાર થવાય છે.'

જીવનના પ્રભાતકાળે મળેલી આ અનુભવપૂર્ણ સલાહ મોર્સને જીવનભર કામતી થઈ પડી, અને એ સલાહથી ઘડાએલા મગજે, ૧૮૩૨ની સાલમાં આધેડ વયે, જગતને ટેલિગ્રાફનો પ્રથમ સંચો આપવાનું કામ તેણે શરૂ કર્યું.

વહાણમાંથી ઉતરી તે પરભાર્યો પોતાના ભાઇને ઘેર ગયો અને ત્યાં સગડી પર કેટલુંક સીસું ગાળી તેના દાળા પાડ્યા. એમ કરતાં થોડું સીસું ખુરશીઓ તથા શેતરંજી પર ઢળ્યું તેથી તેના ભાઇની સ્ત્રી ચીડાઇ. આથી તે પોતાના બીજા બે ભાઇઓ છાપખાનું ચલાવતા હતા તે મકાનને પાંચમે માળ એક કાતરિયામાં રહેવા લાગ્યો. તેનું ઘર, તેનું દીવાનખાનું, તેનો સુવાનો ઓરડો અને તેની ઉદ્યોગશાળા જે ગણો તે એ કાતરિયું જ હતું.

આ સ્થળે તે દિવસરાત અવિરતપણે કામ કરવા લાગ્યો. યૂરોપની સફરમાં તેણે બધા પૈસા વાપરી નાખ્યા હતા, એટલે પેટને ભાડું આપવા સારૂ તેને અવારનવાર ચિત્રકાર તરીકે શિક્ષણ આપી અથવા ચિત્રો દોરી પૈસા કમાઈ લેવા પડતા હતા. તેની આ નવી ધૂનને માટે તેના મિત્રો તેને ખ્યાલી સ્વપ્ન-દ્રષ્ટા કહેતા; કેટલાક તેને ' પાગલ પયગમ્બર ' પણ કહેતા ! નવા સાંચા બનાવતાં તેને આવડતા નહિ, તેમ જ વિદ્યુતનું કોઇ યંત્ર પણ તેને મળી શકે તેમ ન હતું; એટલે લાકડામાં યંત્રની આકૃતિ કોતરી તેના પરથી તેને બીબાં પાડવાં પડતાં. પોતાને જોઇતું યંત્ર બનાવવામાં તેને માત્ર લોઢાનો ટુકડો તારને બીજે છેડે ઉંચોનીચો થઇ અવાજ આપે તેટલું જ કરવાનું હતું, કે જે વડે એક છેડા સાથે વિજળીનો સંબંધ જોડવાથી કે તોડવાથી, બીજે છેડે ગમે તેટલે દૂર એક જ ક્ષણમાં સંદેશો મોકલી શકાય.

પ્રથમ તેણે કાગળની એક લાંબી પટી, એક પેન્સિલ નીચે ચાવીથી સીધી ચાલે તેવું કર્યું, અને પછી વિદ્યુત-લોહચુંબકથી પેન્સિલ ઉંચીનીચી થાય અને કાગળને અડે અથવા ન અડે તેવી ગોઠવણ કરી. જો પેન્સિલ થોડી વાર અડે તો કાગળની પટી પર માત્ર એક ટપકું પડે, અને જો લાંબો સમય અડી રહે તો લીટો પડે, તેવી રચનાનું યંત્ર બનાવ્યું; અને એ ટપકાં, લીટા અને ખાલી જગ્યાની વિવિધ યોજના કરી એક ભાષા ગોઠવી. સુલી વહાણ ઉપર થએલી સ્ફુરણા પછી ત્રણ વર્ષે આ યંત્ર પુરેપુરૂં બની રહ્યું. એ યંત્રની જન્મભૂમિ સિટી ઑફ ન્યૂ યૉર્કની યુનિવર્સિટી હતી, કે જ્યાં મોર્સ કલા અને સ્થાપત્યના પ્રોફેસર તરીકે કામ કરતો હતો.

ઇ. સ. ૧૮૩૭માં યુનિવર્સિટીના મકાનમા મોર્સે પ્રથમ સંદેશો ૧૭૦૦ ફુટ લાંબા તારમાં મોકલ્યો, અને ભલભલા વિજ્ઞાનવિશારદો આશ્ચર્યચકિત થઇ તે જોઇ રહ્યા. તે જ વર્ષમાં વૉશિંગ્ટનમાં પોતાના એ 'અમેરિકન ઇલેક્ટ્રો મૅગ્નેટિક ટેલિગ્રાફ' યંત્રના પેટન્ટની તેણે માગણી કરી, અને બીજે જ વર્ષે જાહેર જનસમાજ સમક્ષ દસ માઇલ દૂર સંદેશો મોકલવાનો પ્રયોગ પૂર્ણ ફતેહમંદીથી કર્યો. દુનિયામાં તાર રસ્તે સૌથી પ્રથમ પસાર થએલા તે શબ્દો આ હતા:

Attention, the Universe ! By kingdoms right wheel !

મોર્સને પોતાના પરિશ્રમનાં ફળ નજદીક જણાવાં લાગ્યાં. વખત જતો ગયો તેમતેમ તે યંત્રમાં એક પછી એક સુધારા કર્યે ગયો. ઘણે દૂર સંદેશો મોકલતાં તેનો અવાજ તથા શક્તિ મંદ ન પડી જાય તે માટે તેણે 'ઇલેક્ટ્રિક રિલે'ની એક નવી શોધ કરી, કે જે તેની સર્વે શોધોમાં અગ્રસ્થાન ભોગવે છે.

ટપકાં અને લીટાના પોતાના કક્કામાં તેણે હવે આંકડાને સ્થળે અક્ષરો ગોઠવ્યા અને સીધી ભાષામાં સંદેશો મોકલી શકાય તેવી સરળતા આણી. આ વખતે તેને યૂનિવર્સિટીમાં ભણતા આલ્ફ્રેડ વેઇલ નામના એક શ્રીમંત જુવાન તરફથી સહાનુભૂતિ તથા દ્રવ્યની જે બહુ જ ઉપયોગી મદદ મળી ગઈ તે વિસરાય એમ નથી. અમેરિકામાં પાછળથી 'અમેરિકન ટેલિફોન ઍન્ડ ટેલિગ્રાફ કંપની'નો પાયો નાખનાર થં એોડોર વેઇલ તે આ આલ્ફ્રેડ વેઇલનો જ પૌત્ર.

આ પ્રમાણેના પ્રયત્નો પછી પૂર્ણ આશામાં તે અમેરિકન કૉંગ્રેસની મદદ મેળવવા વૉશિંગ્ટન ગયો. ત્યાં તેણે કૉંગ્રેસના પ્રેસિડેન્ટ વાન બ્યુરેન તથા સભ્યો સમક્ષ તારનું યંત્ર ગોઠવી સંદેશા મોકલી બતાવ્યા અને પ્રયોગ ખાતર તારની એક લાઇન નાખવા માટે ત્રીસ હજાર ડૉલરની માગણી કરી.

આ પ્રમાણે કરી, અમેરિકાનું કામ પોતાના મિત્રોને સોંપી દૂરના દેશોમાં પોતાના યંત્રનું પેટન્ટ મેળવવા તે યુરોપ ગયો. ઈંગ્લંડમાં તો તેનું કાંઇ વળ્યું નહિ, પણ ફ્રાન્સમાં ત્યાંના વિજ્ઞાનવિશારદોએ તેને ખુબ માન આપ્યું. પોતાની માતૃભૂમિ પોતાને ખુબ ટેકો દેશે તેવી આશામાં તે ૧૮૩૯માં અમેરિકા



આ જમાનાનું છેલ્લામાં છેલ્લી ઢબનું, પોતાની મેળે ચાલતું ટેલિગ્રાફનું ટાઇપરાઇટર રીસીવર. જે વડે લંડનથી સાનફ્રાન્સિસ્કો-૭૪૦૦ માઇલને અંતરે એક જ ક્ષણમાં સંદેશો મોકલી શકાય છે. લંડનમાં બેઠેલો માણસ જે સંદેશો ટેલિગ્રાફમાં આપે તે બીજે છેડે સાનફ્રાન્સિસ્કોમાં આ યંત્ર કાગળની પટી ઉપર પોતાની મેળે ટાઇપરાઇટરવડે છાપી કાઢે છે!

પાછો આવ્યો. પણ જેવો તે ન્યૂ યૉર્ક પહોંચ્યો કે તેને માલુમ પડ્યું કે તેની આશાઓ ધુળ ભેગી થઇ ગઇ છે. ગત વર્ષમાં કૉંગ્રેસે કાંઇ પણ ઉકાળ્યું ન હતું અને તેના મિત્રો પણ બધા ખસી ગયા હતા !

સર્વથી તજાએલો અને ગજવામાં ફુટી કોડી પણ નહિ એવી હાલતમાં તે ન્યૂ યૉર્કમાં એકલો ભટકવા લાગ્યો. પેટને ભાડું આપવા માટે પણ તેને પૈસા ઉધાર માગી લાવવા પડતા. અંતે તેણે ફરીથી પીંછી અને રંગનો આશ્રય શોધ્યો અને પેટ ખાતર તે એક વાર ફરીથી ચિત્રકળાનો શિક્ષક બન્યો.

એક દિવસ મોર્સે પોતાના એક શિષ્યને પુછ્યું, 'કાં ભાઇ, તારા આ હપતાની ફીના પૈસા તું ક્યારે આપી શકીશ ?'

'હું દિલગીર છું, સાહેબ; આ વખતે ઘેરથી પૈસા આવવામાં જરા ઢીલ થઇ છે; પણ એકાદ અઠવાડિયામાં તો જરૂર આવી જશે.' વિદ્યાર્થીએ જવાબ આપ્યો.

'એકાદ અઠવાડિયે !' મોર્સ બોલી ઉઠ્યો; 'ત્યાં તો હું મરી પણ ગયો હોઇશ.'

'મરી?' વિદ્યાર્થી તો ડઘાઈ જ ગયો!

'હા, ભુખમરાથી.' મોર્સે જવાબ આપ્યો.

'હાલ તરત દસ ડૉલર આપું તો ચાલશે?'

'અરે દસ ડૉલર તો મારી જીંદગી બચાવશે.' મોર્સે કહ્યું, અને વિદ્યાર્થીએ દસ ડૉલર આપ્યા. બંનેએ સાથે ભોજન લીધું અને જ્યારે તેઓ જમી રહ્યા ત્યારે મોર્સે કહ્યું, 'ભાઇ, છેલ્લા ચોવીસ કલાકમાં હું અત્યારે જ જમ્યો. મારી સલાહ માને તો તું ધંધાદારી ચિત્રકાર ન થતો. ચિત્રકાર એટલે ભિખારી. તેના કરતાં તો કુતરાં પણ સુખી હોય છે.'

અંતે તેણે એક છેલ્લો જીવતોડ પ્રયત્ન કરી જોવા હામ બીડી તથા તેમાં લોકોને રસ ઉત્પન્ન કરવા ખાતર તેણે પાણીની અંદર દોરડું રાખીને ન્યૂ યૉર્કના કૅસલ ગાર્ડનથી ગવર્નરના ટાપુ ઉપર જળમાર્ગે સંદેશો મોકલવાની યોજના બહાર પાડી અને લોકોને તે જોવા માટે આમંત્રણ કર્યું.

પ્રયોગના આગલી રાત્રે મોર્સે પાણીની અંદર તાર ગોઠવ્યો અને બીજે દિવસે સવારે લોકોનાં ટોળાં આ ચમત્કાર જોવા ભેગાં થયાં. મોર્સે સંદેશો મોકલવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ! લોકો હસવા લાગ્યા. મોર્સની નિરાશાનો પાર રહ્યો નહિ.

યંત્રમાં શી ખામી છે તે તેનાથી એકદમ સમજાયું નહિ. રાતમાં કેટલાં યે વહાણો તેના તાર ઉપરથી પસાર થયાં હશે. તેમાંથી એકાદે લંગર ઉઠાવતાં તેમાં તેનો તાર ભરાવાથી તે પણ ઉઠાવી લીધેલો અને બસોએક વાર જેટલો તે ખેંચી પણ કાઢેલો; પણ એ શું છે તે નહિ સમજાતાં તે કાપી નાખી લંગરને મુક્ત કરેલું!

પણ નિષ્ફળતાની આ પરંપરાથી તે હજુ હતાશ થયો નહિ. તેણે મિત્રોની મદદથી ફરી પાછા વૉશિંગ્ટન જઇ કૉંગ્રેસ પાસે પૈસાની મદદ માટે માગણી કરવાનો વિચાર કર્યો. પણ મિત્રોએ શુભેચ્છા સિવાય કાંઇ આપ્યું નહિ!

છતાં તે વૉશિંગ્ટન તો પહોંચ્યો જ: કેવી રીતે તે વાતની ક્યાંય પણ નોંધ નથી. કૉંગ્રેસના સભ્યો સમક્ષ તેણે ફરી પોતાનું યંત્ર ઉભું કર્યું, અને તેની ખુબી સમજાવવા પ્રયત્ન કરવા લાગ્યો. કેટલીકવાર તો સમજાવી સમજાવી તે રડી પડતો! છતાં કેટલાક સભ્યો રસ લેતા; જ્યારે કેટલાક તેને હસી પણ કાઢતા.

અંતે, મહામહેનતે ટેલિગ્રાફને માટે ત્રીસ હજાર ડૉલરની મંજુરીનો ખરડો કૉંગ્રેસમાં મુકાયો તો ખરો. પણ દિવસ પર દિવસ જવા લાગ્યા, છતાં પરિણામ કાંઇ આવે નહિ. નથી કહી શકાતું કે કેવી રીતે બન્યું, પણ છેક છેવટે, કૉંગ્રેસની છેલ્લી બેઠકના છેલ્લા કલાકમાં ટેલિગ્રાફનો એ ખરડો, જાણે કાંઇ ચમત્કાર થયો હોય તેમ, મંજુર થઇ ગયો! પુરુષ પ્રયત્નનું ફળ આપવા દૈવે જ આ કાર્ય કર્યું હોય તેમ લાગ્યું. વૉશિંગ્ટનથી બાલ્ટીમોર સુધીના ચાળીસ માઇલમાં તારના દોરડાં નાખવાનું મંજુર થયું, અને તેની દેખરેખનું કામ મોર્સને સોંપાયું. એક વર્ષની અંદર તો વૉશિંગ્ટન અને બાલ્ટીમોર વચ્ચેની તારની રચના પૂર્ણ થઇ ગઇ.

જેને ખાતર સુખસમૃદ્ધિની આવતી છોળોને નકારી કાઢીને મોર્સે પોતાનું સર્વસ્વ હોમ્યું હતું, બારબાર વર્ષ સુધી અનેક ઝહેમતો અને નિરાશાઓ સામે લડીને જેની પાછળ તેણે અખંડ પ્રયાસ કર્યો હતો તે, જગતની એક ભારેમાં ભારે કલ્યાણકારી ટેલિગ્રાફની શોધ જગતના ઉપયોગ માટે તા. ૨૪મી મે ૧૮૪૪ને દિવસે ખુલ્લી મુકવામાં આવી.

આજે વૉશિંગ્ટન–બાલ્ટિમોર લાઇન—દુનિયાની પ્રથમ ટેલિગ્રાફ લાઇન—નું ખાતમુહૂર્ત હતું. તારના યંત્ર ઉપર મોર્સ બેઠો હતો. તેની ચોમેર ફરતા મોટા-મોટા અધિકારીઓ ભેગા મળ્યા હતા. ચાળીસ માઇલ ઉપર આવેલા તારને બીજે છેડે, બાલ્ટીમોરમાં તેનો મિત્ર આલ્ફ્રેડ વેઇલ સંદેશો લેવા બેઠો હતો. તે સમયે નીચેનો, દુનિયાનો પ્રથમ સુપ્રસિદ્ધ તારનો સંદેશો વિદ્યુતવેગે ઝબક્યો: **What hath God wrought!** (શી પ્રભુની ગતિ!)

ચિત્રકાર–શોધક મોર્સની ભવ્ય શોધ સંપૂર્ણ થઇ હતી.


(અંગ્રેજી ઉપરથી)

ગજાનન ભટ્ટ

મનુ—બાપા, હું એક રૂપિયો ઘણા દિવસ ચલાવી શકું છું.

બાપ—બરાબર, દરેક માણસે કરકસર કરતાં શીખવું જ જોઇએ; પણ તું કેવી રીતે ચલાવે છે તે તો કહે!

મનુ—બીજી કઇ રીતે વળી? એક કવરમાં પેક કરી ઑસ્ટ્રેલિયા મોકલી દઉં છું!



સાઇકલ ચોર

વિજયે મોટરની પાછળ જ સાઇકલ મારી મુકી

(ગયા અંકને અનુસંધાને પુરૂં)

તે એટલા તો જોરથી પડ્યો કે ઘડીભર તો શ્વાસ લેવો પણ કઠણ થઇ પડ્યો. સદ્ભાગ્યે તે એક જાળામાં પછડાયો હતો. એકાદ ઘડી સુધી તે કોઇનાં પગલાંની રાહ જોતો ત્યાં જ પડ્યો રહ્યો. થોડે દૂરની ઓરડીમાંથી આવતો બે જણની વાતચીતનો ધીમો અવાજ તેને કાને પડ્યો. આસપાસ એક ચપળ દૃષ્ટિ ફેરવી તે ફરી ઉઠીને ઝડપથી આગળ વધ્યો ને ચુપકીથી જાળી પાસે પહોંચી અંદરની વાતચીત સાંભળવા માટે કાન ધર્યાં. ઓરડામાંનો એક માણસ કર્કશ અવાજે પણ સ્પષ્ટ રીતે બોલતો હતો ને બીજો સમજી પણ ન શકાય તેવું બબડતો હતો.

'એ અહીં લાવ, કરીમ.' પહેલાએ કહ્યું. જમીન ઉપર પાઇપ પછડાવાથી જેવો અવાજ થાય તેવો એક મોટો અવાજ થયો. 'આ છેલ્લી જ છે ને?'

બીજાના અસ્પષ્ટ શબ્દો અને ગાડાંની કમાન દબાયાનો કઠોર અવાજ તરત આવ્યો.

'હા, હું જાણું છું. પણ આપણે તો અનેક વાર પ્રયત્ન કરવાનો છે. એને બરાબર ઢાંકી દઇશું એટલે કંઇ હરકત નહિ આવે. અને બીજું, પેલું નંબરનું પાટિયું પણ બદલી નાખીએ.'

ફરીવાર બબડાટ સંભળાયો, અને જે અવાજ વિજય સમજી શકતો હતો તે અધીરાઇથી બોલી ઉઠ્યો, 'કરીમ! એમ છોકરીની પેઠે ડરી મરે છે શું? આપણે ચાર વખત તો નિર્વિઘ્ને મુસાફરી કરી ચુક્યા છીએ. એવા ડરપોકવેડા છોડી દે. વળી આ કદાચ આપણી છેલ્લી ખેપ છે. હવે એ લોકોએ જ્યારે ઇનામ જાહેર કર્યું છે ત્યારે તો જવું જ સારૂં છે. પેલું પાટિયું ક્યાં છે? તું આગળ જઇને બદલી નાખ. હું અહીં બધું ઠીકઠાક કરૂં છું.'

હથોડી જેવું કંઇક જમીન સાથે અથડાયું અને આમ તેમ ફરનાં પગલાંનો અવાજ આવ્યો. કુતૂહલ વધારે વખત ટકાવી ન શકવાથી વિજય ઉંચો થયો અને બારીના ઓટા સુધી આંખો લાવી અંદર દૃષ્ટિ નાખી. બારીમાં બધે કરોળિયાનાં જાળાં હતાં, અને અંદર પણ નમતી સંધ્યાને લીધે બધે અંધકાર હતો. એ અંધકારમાં તેણે બારીથી બે ત્રણ પગલાં દૂર એક જુની ટૅક્સીનો પાછળનો ભાગ જોયો. એના પડદા ખુલ્લા હોવા છતાં તે ખુબ નીચાણમાં હોવાથી મોટરની અંદર શું હતું તે એ ન જોઇ શક્યો. નીચે જોતાં તેને એક માણસનું માથું દેખાયું. અવાજ ઉપરથી લાગ્યું કે તે માણસ ચાકી મજબુત કરતો હતો. આ વખતે બીજો માણસ નંબરનું પાટિયું

બદલાવતો હતો. એવામાં ચાકી મજબુત કરનાર માણસ ઉભો થયો કે તરત વિજય માથું ખેંચી લઈ નીચે બેસી ગયો.

'બધું તૈયાર છે.' અંદરથી અવાજ આવ્યો.

'ચાલો ત્યારે આપણે જરા ખાઇ લઇએ ને પછી ઉપડીએ. કલાકેકમાં તો અંધારૂં ઘોર થઇ જશે. પછી કાંઇ બો નથી. ફર્નિચર ભરેલી ટૅક્સી તો માણસ ગમે ત્યારે લઇ જઈ શકે. તો યે ચેતના રહેવું સારૂં. આપણે શહેરની બહાર થઇને દીનગામ વાળે લાંબે રસ્તે થઇને જ જવું. મારો વિચાર રામપુર સાડાત્રણ વાગ્યે પહોંચવાનો છે, કેમકે સવાર પહેલાં તો આપણે ગાડી ખાલી કરી અહીં પાછા આવી જવું જોઇએ.'

થોડીવાર પછી પગલાંઓ જતાં સંભળાયાં, બારણું બંધ થતું જણાયું અને છેલ્લે કુતરાનો ભસવાનો અવાજ આવ્યો. વિજય ત્વરાથી દોડીને એક દાડમડીમાં જઈ ભરાયો અને શરીર સંકોચીને ઢળી પડતી ડાળીઓની આડમાં બેસી ગયો. ચોમેર પ્રસરતા અંધકારને લીધે બધું અસ્પષ્ટ થતું જતું હતું.

૭

ટૅક્સીમાં શું છે તે વિજય જાણતો હતો તેથી આગળ તપાસ કરવાનો વિચાર પડતો મુકી ચોરોને કઇ રીતે સપડાવવા તેનો જ તે વિચાર કરવા લાગ્યો. જેમ બને તેમ જલદીથી પોલિસને આ ખબર આપવા જોઇએ. શહેર બહાર ગયા પછી તો ચોરોને માટે પાંચ છ રસ્તા હતા, એટલે ટેલિફોનથી ખબર મોકલવા છતાં યે તેઓ છટકી જાય એવો સંભવ હતો. જે કંઈ બની શકે તે જલદી કરી લેવાની જરૂર હતી. માલજી ભવનમાં તો ટેલિફોન નહિ હોય એવી વિજયની ખાતરી હતી. એટલે સૌથી નજીકનો ટેલિફોન શોધી પોલિસ સ્ટેશન સાથે સંબંધ બાંધવો એ જ શ્રેષ્ઠ હતું.

અંધારી ઓરડીઓ ઉપર છેલ્લો દ્રષ્ટિપાત કરી વિજયે વાડી પસાર કરી વાડની બીજી બાજુએ ગયો અને ત્યાંથી સાવચેતી છોડી દઇ તે ખરાબ જમીન ઉપર બની શકે તેટલી ઝડપથી દોડવા લાગ્યો. થોડી વારમા તેણે પોતાની સાઇકલ શોધી કાઢી ને શહેર તરફ ઝડપથી પેડલ ચલાવવા માંડ્યાં.

તારાનું તેજ હવે પ્રસરતું હતું. ઓરડીનું બારણું બંધ થયાંને કેટલો વખત થયો તેનો વિજય વિચાર કરવા લાગ્યો. તેણે ગણત્રી કરી તો લગભગ બારેક મિનિટ ચાલી ગઇ હતી. વિજયે વિચાર્યું કે એટલી વારમાં તો ચોરોએ ઉતાવળથી ખાવાનું પતાવી રસ્તો પકડ્યો હશે. તેઓએ શહેરની બહાર થઇને જવાનું કહ્યું હતું અને જો એ જ રસ્તો પકડે તો ટૅક્સીને ધીમી જ ચલાવવી પડે; કેમકે રસ્તો ઘણો જ ખરાબ હતો, અને વળી માર્ગમાં નદીનો પુલ આવતો હતો.


પરંતુ વિજયનો આનંદ એકદમ મરી ગયો; કેમકે પુલો તો ત્રણ આવતા હતા ને ચોરો તેમાંથી કયો પુલ પકડે તે અચોક્કસ હતું. આથી તેણે ટેલિફોનની તપાસ ચાલુ જ રાખી. તેણે લગભગ અર્ધો માઇલ પસાર કર્યો હતો છતાં એક પણ થાંભલો ન દેખાયો. ફરી તેણે સાઇકલની ઝડપ વધારી. એવામાં પાછળથી મોટરનો સ્પષ્ટ અવાજ આવ્યો. વિજય ધીમો પડી ગયો અને અનિચ્છાએ એક પગ જમીન ઉપર મુકી અસ્થિર ચિત્તે ઉભો.

ટૅક્સી નજીક આવી, સહેજ ધીમી પડી અને જમણી બાજુના રસ્તા તરફ વળી ગઇ. આગળની સીટ ઉપર બે જણ બેઠા હતા અને પાછળના ભાગમાં ફર્નિચર ખડકયું હતું.

હવે વિજયે જે કર્યું તે બધું વગરવિચાર્યું જ હતું. જો તેણે લાંબો વિચાર કર્યો હોત તો સૌથી નજીકના ટેલિફોનની શોધમાં જ તે પડ્યો હોત. પરંતુ તેમ કરવાને બદલે તેણે તો મોટરની લાલ બત્તીની પાછળ જ સાઇકલ મારી મુકી!


મોટર હવે ઝડપથી જઇ શકતી નહોતી, કેમકે રસ્તામાં ઉંડા ખાડા અને કાદવથી ભરેલાં ખાબોચિયાં ખુબ આવતાં હતાં. ઘણી મહેનતે વિજય મોટરની નજીક તો આવ્યો, પરંતુ તેને ખાતરી હતી કે શહેરની બહાર ગયા પછી પોતે મોટર સાથે રહી શકવાનો નથી. દરમ્યાન રસ્તામાં કોઇ પોલિસ મળે તો તેને ખબર આપી દેવાય, અને તેમાં જો સફળ ન થવાય તો પોતે ચોરોનું સ્થાન તો જરૂર જાણી શકે. આ વિચારે તેણે મોટર પાછળ જવાનું ચાલુ રાખ્યું.

હવે રસ્તો સારો આવ્યો તોપણ મોટરની ઝડપ બહુ વધી નહિ; કેમકે ડ્રાઇવર નાસવાનો દેખાવ ન થાય તેની ખાસ કાળજી રાખતો હતો. વિજય હવે



યુવાન ડેવિડ — મૂર્તિકાર: માઇકલ ઍન્જેલો (૧૪૭૫-૧૫૬૪)

માઇકલ ઍન્જેલો ઈટલિની એક અદ્દ્ભુત માનવ-વિભૂતિ હતો. મહાન શિલ્પી, ચિત્રકાર, સ્થપતિ, કવિ તેમજ ગ્રંથકાર તરીકેની તેની કીર્તિ યૂરોપના ખુણેખુણામાં પ્રસરી રહેલી છે. તેનો આત્મા જ કોણ જાણે એવો મહાન હતો કે નાનકડાં ટચુકડાં ચિત્રો તેને કરવાં રૂચતાં જ નહિ. ભીંતોની ભીંતો ભરી મુકે તેવાં જબરાં ભીંતચિત્રો, પ્રચંડ શિલ્પકૃતિઓ અને મોટાં ભવ્ય મકાનો તથા કીર્તિસ્તંભો જ કરવા એને ગમતાં. ઉગતી વયમાં જ અમર પ્રતિભાની આગાહી આપતી ફૉન, મેડોના, સેંટ જૉર્જ જેવી કૃતિઓ એણે આરસમાં ઉતારી હતી. ઇ. સ. ૧૫૦૧માં ૨૬ વર્ષની વયે પોતાની જન્મભૂમિ ફ્લૉરેન્સથી રોમ આવતાં માર્ગમાં એક રાજદરબારમાં ૧૮ ફુટ લાંબો ચોકખા આરસનો એક પત્થર તેના જોવામાં આવ્યો. પચાસેક વરસ પહેલાં એક શિલ્પીએ તેમાંથી મૂર્તિ ઘડવાનો પ્રયત્ન કરેલો, પણ નિરાશ થઇને છોડી દીધેલો. ઍન્જેલોએ એમાંથી એક સુંદર મૂર્તિ ઘડવાનો નિરધાર કર્યો. ત્રણ વર્ષમાં તેમાંથી 'યુવાન ડેવિડ'ની ભવ્ય મૂર્તિએ દેખા દીધી. ઉપર એ મૂર્તિનો શિરોભાગ આપ્યો છે. મૂળ મૂર્તિનું કદ તો ઘણું પ્રચંડ છે. તેમાં એ જુવાન વીરને નિઃશસ્ત્ર છતાં યુદ્ધતત્પર બનાવવામાં આવ્યો છે. જુવાનીનો હીંમતભર્યો રૂઆબ અને ઉમદા ખમીર બતાવતી આ શિલ્પકૃતિ એ વિષયમાં અજોડ મનાય છે.



આબુ ઉપરનાં દેલવાડાનાં જૈન મંદિરનો અંદરનો ભાગ ફોટો: સુમન્ત નીલકંઠ

'વિમળશાહે બંધાવેલું દેલવાડાનું એ મોટું દેવાલય સમસ્ત ભારતવર્ષમાં શિલ્પકળાનો સર્વોત્તમ નમુનો ગણાય છે. . . . દેલવાડાનાં દહેરાં એ કેવળ જૈન મંદિરો જ નથી. એ ગુજરાતના અમાપ ગૌરવની પ્રતિમા છે. એના એક એક તોરણ, ઘુમટ, સ્તંભ ને ગોખમાં ગુજરાતની અપૂર્વ કલા, શોભા અને લક્ષ્મી ઉભરાઇ રહ્યાં છે. આવી અપૂર્વ કૃતિ ઉત્પન્ન કરનાર અને તેને ઉત્તેજન આપનાર મનનું સાહિત્ય અને રસદર્શન પણ તે સમયમાં અનુરૂપ જ હોવાં ઘટે છે.'

થાકી ગયો હતો એટલે સાઇકલ અને મોટરની વચ્ચેનું અંતર વધવા લાગ્યું. અત્યારે તેઓ નદીની નજીક પહોંચી ગયા હતા, તેથી થોડી જ વારમાં મોટર કયો રસ્તો પકડશે તેની વિજયને ખબર પડવાની હતી. વિજયે થાકને ગણકાર્યા વગર બને તેટલી ઝડપે સાઇકલ ચલાવવા માંડી. તે ચારે તરફ નજર નાખતો જતો હતો, પરંતુ તેને ક્યાંય એક પણ પોલિસ દેખાયો નહિ.

મોટર તો આગળ ને આગળ જ ચાલવા લાગી. વિજયને લાગ્યું કે મોટર ત્રીજા પુલ ઉપર થઇને સામી બાજુ જશે. પણ તે પુલ અહીંથી બે માઈલ દૂર હતો. વિજયને આશા હતી કે ત્રીજા પુલ ઉપર તો જરૂર પોલિસ મળશે. મોટર હવે વધારે આગળ નીકળી ગઇ હતી ને તેનો લાલ દીવો દૂરથી દેખાતો હતો.

પરંતુ હજી કોઇ પોલિસ વિજયને મળ્યો નહિ. જ્યારે તેમની ખાસ જરૂર હતી ત્યારે જ તેઓ બધા પૃથ્વી પરથી અદૃશ્ય થઈ ગયા હતા! છેવટે તેણે દીન-ગામમાં પ્રવેશ કર્યો. ત્યાં એક જ દુકાન ખુલ્લી હતી ને માણસોનું નાનકડું ટોળું દુકાન પાસે ઉભું હતું. વિજયે હાંફતાં હાંફતાં ઉતરીને પુછ્યું, ‘અહીં ક્યાંય પોલિસ છે?’ એક જણે જવાબ આપ્યો, ‘ના, ખાસ જરૂરી કામ હોવાથી તે મધુપુર ગયો છે.’

આટલો વખત ગુમાવવા માટે મનમાં પસ્તાવો કરતાં વિજયે જોરથી પેડલ ચલાવવા માંડયાં. એકા-એક તેના મોં પર સ્મિત છવાઇ રહ્યું. જે પુલ ઉપરથી ચોરો પસાર થવાના હતા ત્યાં, પસાર થતી મોટરો ઉપર સરકાર તરફથી એક આનો કર તરીકે લેવાતો હતો. એ કરની રોકાણમાં પોતાને સાથે થઇ જવાની તક મળશે એ ખ્યાલે તે ફરી આશાવંત બની ગયો અને તેણે સાઈકલની ઝડપ એકદમ વધારી દીધી.

૮

તે પુલ ઉપર ચડયો ત્યારે તેણે મોટરના પાછળ-ના દીવાને પુલની બીજી બાજુએ સ્થિર જોયો. આ વખતે તેના આનંદની સીમા રહી નહિ. તે મોટરની આટલી નજીક જઇ પહોંચશે એમ તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. લાલ દીવાના પ્રકાશમાં તેણે મોટરની પાછળના પાટિયા ઉપરનો નંબર વાંચી લીધો: ૫૭૧૩.

પણ વિજય પુલ વટાવે તે પહેલાં તો મોટર ઉપડી. હવે વિજયની ખરી કસોટીનો સમય આવ્યો. મોટર બહુ ઝડપથી નહોતી જતી, તોપણ થાકેલા વિજયને સાથેસાથ રહેવું તો મુશ્કેલ જ હતું. અને આટલે દૂર આવ્યા પછી તો તેનો અંત લીધે જ છુટકો હતો. વળી તેને પ્રફુલ્લ તથા બીજા ગરુડોને બતાવવું હતું કે સાચી સમાજસેવા કઇ રીતે થઇ શકે.

એવામાં મોટર એકદમ ધીમી પડી ગઇ. થોડે આગળ એક નાનું મકાન હતું ને તેમાં પુષ્કળ પ્રકાશ હતો. તેઓ રસ્તા ઉપરની એક પેટ્રોલની દુકાન પાસે જતા હતા. વિજયે જોયું કે હવે આગળ વધવું સલામત નથી. તે નીચે ઉતરી ઝાડોની ઘટામાં સંતાઇ ગયો.

મકાનમાંથી એક માણસ બહાર આવ્યો ને મોટર-માં બેઠેલા માણસો સાથે કંઇક વાત કરી મોટરની પાછળની ટાંકી ભરવા લાગ્યો. દરમ્યાન વિજય બરાબર બારીકીથી બધું જોતો હતો. એકાએક તેની નજર દુકાનની બારીમાંથી દેખાતા અંદરની ભીંત ઉપરના ટેલિફોન ઉપર પડી, ને ચોરોને પકડવાની તેને પુરેપુરી આશા બંધાઇ.

મોટર ઉપડી કે તરત વિજય દુકાનના માણસની સામે જઇને ઉભો રહ્યો. દુકાનવાળાએ ભડકીને પુછ્યું, ‘શું છે? પેટ્રોલ જોઇએ છે?’

‘ટેલિફોન! પોલિસ!’ વિજયે હાંફતાંહાંફતાં કહ્યું.

‘જરા શાંત થા; કાંઇ અકસ્માત તો નથી થયો ને?’ તેણે પુછ્યું.

‘સૌથી નજીકના ગામમાં એકદમ ટેલિફોન કરો;’ વિજયે મહામહેનતે કહ્યું, ‘અને હમણાં જે મોટર અહીંથી પસાર થઈ તેને અટકાવવાના પોલિસને ખબર આપો. તે મધુપુરમાં ચોરાએલી સાઇકલોથી ભરેલી છે.’

‘તું ગાંડો થઇ ગયો છે, છોકરા? મોટરમાં તો ફર્નિચર ભર્યું છે. હું એ લોકોને સારી રીતે ઓળખું છું.’ દુકાનદારે કહ્યું.

‘પણ તે ફર્નિચર નીચે સાઇકલો ભરી છે. મને ખાતરી છે કે તેઓ સાઇકલચોર છે. તમે જલદી પોલિસથાણે ટેલિફોન કરોને, કે ૫૭૧૩ નંબરની—’

‘૫૭૧૩?’ વિજયને બોલતો અટકાવી તે વચ્ચે જ બોલી ઉઠયો, ‘તે મોટરનો નંબર તો ૩૮૯૧ છે. મને બરાબર યાદ છે.’

‘ચોર બહુ ચાલાક છે. તેમણે આજે સાંજે જ

નંબર બદલ્યો છે. મહેરબાની કરી તમે જલદી ટેલિફોન કરોને.' વિજયે કહ્યું.

વિજયનો આટલો બધો આગ્રહ જોઈ પેલા માણસે અનિચ્છાએ તેના કહેવા મુજબ પોલિસથાણા ઉપર ટેલિફોન કર્યો, ને વિજય સામુ જોઈ કહ્યું, 'છોકરા! પોલિસ અમલદાર તારી સાથે વાત કરવા માગે છે.'

વિજયે રીસીવર હાથમાં લીધું. અવાજ આવ્યો, 'શાબાશ છોકરા! તેં આ વાત ક્યાંથી મેળવી?'

વિજયે સ્પષ્ટ અવાજે પહેલેથી છેલ્લે સુધી બધી હકીકત કહી સંભળાવી. વાત પુરી થતા તે આખા દિવસના પરિશ્રમથી થાકીને પેટ્રોલના ડબ્બાઓ વચ્ચે બેસી પડ્યો!

હવે બધું પતી ગયું હતું, એટલે તેનું ધ્યાન પગના દુખાવા તરફ ગયું. સવારના ભોજન પછી તેણે કાંઈ જ ખાધું નહોતું એટલે ભુખ પણ કકડીને લાગી હતી.

દુકાનદાર તેને કંઈક કુતૂહલથી નિરખી રહ્યો. 'તું મોટરમાં આવ્યો કે મોટર સાઈકલપર?' તેણે પુછ્યું.

'બાઈસિકલ પર.' વિજયે શાન્તિથી કહ્યું.

'હેં! શું તું બાઈસિકલ ઉપર આવ્યો? ત્યારે તો તું ખુબ થાકી ગયો હોઈશ. વાહ! શાબાશ! બહાદુર છોકરો!'

દુકાનદાર તો વાતો કર્યે જ જતો હતો, પણ વિજય આંખ મીચીને અર્ધ નિદ્રામાં પડ્યોપડ્યો ભાગ્યે જ કંઈ સાંભળતો હતો. થોડીવાર પછી દુકાનદાર એકદમ બોલી ઉઠ્યો, 'પકડાયા! પેલાઓને કેદ કર્યા છે ને તું તદ્દન સાચો ઠર્યો છે. ઉઠ! ઉઠ! તેઓ હમણાં જ આ રસ્તેથી નીકળશે અને તને ઘર તરફ લેતા જશે. પોલિસ અમલદાર કહે છે કે જે ઈનામ જાહેર થયું છે તે તને જ મળવાનું!'

આંખો ચોળીને ઉઠતોઉઠતો વિજય બોલ્યો, 'અરે, મને મારાં રાબરોટલો મળી રહે તો બસ છે.'

૯

'વિજય! ઓ વિજય!'

વિજયે સાઈકલ ઉપરથી ઉતરતાં પુછ્યું, 'કાં કેશુ, શું છે?'

'તને પેલું ઈનામ મળી ગયું કે?'

'ના, પણ તેઓના કહેવા મુજબ આજે ઘેર પહોંચી ગયું હશે.'

'તેનું તું શું કરવા ઈચ્છે છે?'

'સૌ પહેલું તો' વિજયે જવાબ આપ્યો, તેમાંથી હું પ્રફુલ્લના જેવી એક B. S. A. સાઈકલ લેવાનો છું. તને ખબર છેને? જે સાઈકલો પકડાઈ તેમાંથી પ્રફુલ્લની પણ મળી આવી છે.'

'હા, પણ તું આજે તેને મળ્યો છે?'

'ના, કેમ?' વિજયે પોતાની સાઈકલની બાસ્કેટમાં લદાએલાં પડીકાં સામી નજર કરતાં કહ્યું.

'કાલે સાંજે પ્રફુલ્લે 'ગરુડ મંડળ' એકઠું કર્યું હતુ અને તને સર્વાનુમતે સભ્ય તરીકે ચુંટવામાં આવ્યો છે.'

વિજયે સાઈકલ ઉપર ચડતાં ચડતાં કહ્યું, 'તેમને કહેજે કે વિજય રાજીનામું આપે છે.'

'રાજીનામું?' કેશવ ચમક્યો.

'હા, કેમકે મેં મારૂં પોતાનું એક મંડળ સ્થાપ્યું છે ને તેનું નામ 'પાછળ પડી પકડનાર મંડળ!' વારૂ, નમસ્કાર!'

(અંગ્રેજી ઉપરથી) **અનંત પંડ્યા**

સાહિત્ય, સંગીત અને કળાના વિરોધી તરીકે મને નામોશી મળી છે. સાચું પુછાવો તો મેં તો એની મર્યાદાઓ જ આંકી છે. પં. વિષ્ણુ દિગંબર અને એમના શિષ્યોના આલાપો અને વાદ્યો, કાશ્મીરના ગાલીચા અને શાલો, શ્રી. રાવળ કે બોઝ અને એમના શિષ્યોનાં ચિત્રો, સુરતનાં ઘારી અને દૂધપાક, કસ્તુરી અને અત્તરો, સુંદર નવલકથા અને કાવ્યોથી કાંઈ મારી ઇંદ્રિયોમાં કે અંતઃકરણમાં કાંટા ભોંકાતા નથી. પણ તમારા ધ્યાનમંત્રની સિદ્ધિને એમાં હું શોધું છું, સ્વરાજ્યને—પરતંત્રતાના નાશને—શોધું છું, અને એ જો નથી જોતો તો મારે કહેવું પડે છે કે એની જરૂર નથી. ચોહાણોની રસિકતા અને હિંદુઓની પરાધીનતા, મોગલોની રસિકતા અને હિંદીઓની પરાધીનતા, મરાઠાઓની રસિકતા અને ગુજરાતની પરાધીનતા—એ બધાની વચ્ચે ઘણા જમાના વીત્યા નહોતા. એ રસિકતા જ એકલી કારણભૂત નહોતી એ ખરૂં, પણ રસિકતા તાત્કાલિક સ્વાર્થને જ જતે દહાડે પોષે. તેથી મારે કહેવું પડે છે કે અભ્યુદય માટે કે સ્વાતંત્ર્ય માટે આ બધાની આવશ્યકતા નથી.

છતાં, એ વિરોધ લાગતો હોય તો હું કહું છું કે જીવનનાં ધારણ-પોષણ અને સત્ત્વસંશુદ્ધિ, અભ્યુદય-વિમુક્તિ એની ઉપર સદૈવ તમારી જમણી આંખ રાખી ભલે એ પ્રવૃત્તિઓ રાખો!

(ગુ. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને: શ્રી કિશોરલાલ મશરૂવાળા)

અણીની પળ



લેખક
હરિનારાયણ આચાર્ય

પુરાં સો વર્ષ પણ આ વાતને હજી થયાં નથી. રશિયાને અંધકારમાંથી સંસ્કૃતિના પ્રકાશમાં મુકનાર ઝાર પીટર અને જર્મનીનો ભાગ્યવિધાયક ફ્રેડરિક સેન્ટ-પીટર્સબર્ગના શાહી મહેલમાં બીજે માળે વાતચીત કરતા હતા. સામાન્ય વિષયોમાંથી લશ્કરી વ્યવસ્થાની વાત નીકળી અને બંને રાજવીઓ ‘સંયમ’ના વિષય પર ઉતરી પડ્યા. પીટરનું માનવું હતું કે જર્મન લશ્કરમાં અમલદારોની ઉણપને લીધે સંયમ Discipline જોઇએ એવો પળાતો ન હતો; જ્યારે રશિયન લશ્કરમાં સંયમ મૌલિકતાએ પહોંચ્યો હતો.

ફ્રેડરિકને ગળે આ વાત ઉતરી નહિ. એ માનતો કે સંયમનો આધાર પ્રજાના માનસ ઉપર હોય છે. એટલે જર્મન પ્રજાના જીવનમાં દેશપ્રેમની ભાવના એટલી તો પ્રબળ હતી અને રશિયન પ્રજાનું દેશ-વિષયક જ્ઞાન એટલું તો અપૂર્ણ હતું કે સંયમનું તત્ત્વ પીટરના કહેવા પ્રમાણે હોઇ શકે જ નહિ. પીટરે હસતાંહસતાં એટલું જ ઉમેર્યું કે કોઇ પણ રશિયન દેશ કરતાં ઝારની ખાતર મરવાનું વધારે પસંદ કરે છે એ વાત સાચી: પરંતુ એથી સંયમના તત્ત્વની ઉણપ સિદ્ધ થતી નથી. અને એકદમ બાજુએ ઉભેલા પોતાના એ. ડી. સી. ને કહ્યું: ‘બારીમાંથી નીચે કુદી પડો.’ એ. ડી. સી. એ તરત જ પુછ્યું, ‘કઇ બારીમાંથી?’ ન તો એના મોં પરનો ભાવ બદલાયો કે ન એણે રજ પણ વિચારને અવકાશ આપ્યો. સંયમની પરાકાષ્ટા જ ને?

પણ એ સૈનિકની જગ્યાએ તમે હોત તો શું કરત? બારીમાંથી નીચે પડવાનો હુકમ થતાં જ તમારા મનમાં ધ્રાસ્કો પડત. ભય અને વિહ્‌વળતાથી તમારૂં શરીર કંપી ઉઠત. મોં પણ વિવર્ણું અને પરસેવાથી ભીનું બનત. રાજાજ્ઞા તોડવાની તમારી હીંમત તો નથી જ. તેમ બારીમાંથી નીચે કુદી પડવાની શક્તિ, ઉત્સાહ કે સ્નાયુઓ પર સંયમ પણ નથી. નીચે જોતાંવેંત તમ્મર આવે, ત્યાં ત્રીસ ફુટથી પત્થર પર પડવાનો નિશ્ચય જ શી રીતે થાય. છતાં?

છતાં પેલા સૈનિક તરફ જોયું હોત તો? એના મોં પર મુછ તો ફુટેલી પણ નહિ. બાવીસ વર્ષનો એ ગબરૂ જવાન આશાથી ભર્યા અંતઃકરણે રાજસેવા બજાવતો હતો. અને એનું ફળ? અને વળી સામો પુછે છે કે કઇ બારીમાંથી? તમે પુછવાનો વિચાર પણ કર્યો હોત કે?

હવે એનું કારણ તપાસીએ. એણે લશ્કરી તાલીમ લીધી છે, અત્યંત કઠિન વ્યાયામથી પોતાના શરીરને કસ્યું છે, પ્રફુલ્લ અને સુરેખ એનાં અંગોમાંથી જુવાનીની છોળો ઉડતી દેખાય છે. યોગ્ય આહારવિહાર અને શુદ્ધ વિચારથી આરસી જેવા સ્વચ્છ રહેલા એના મનમાં રજ પણ સંતાપ, શોક, થાક કે ગભરામણ નથી; એટલે એના વિચારબળના કાબુમાં એનાં અંગો હોય છે. નિયમિત વ્યવહારથી એને ક્ષણમાં નિશ્ચય કરી લેવાનો અભ્યાસ પડ્યો છે. આ બધાં લક્ષણોથી એનાં મન અને શરીર એટલાં તો સમતોલ છે કે કર્તવ્યનો વિચાર કરતાં કે ભયની સામે થતાં એને રજ પણ ગુંચવણ કે શિથિલતા ભોગવવી પડતી નથી.

તમારે આમ કુદી પડવાનું તો નથી જ. પણ કોણ જાણે: એવી અણીની પળ આવે તો? એને માટે તમે યોગ્ય તૈયારી કરી છે?

પેલા છાપરા પર તડકામાં પડેલી બિલાડી જુઓ. કેવી નિરાંતે લાંબી પડી છે! તમે પાસે જાઓ. ગરડેથી ચામડી પકડી એને ઉંચી કરો. (જોજો, ઉઝરડા ભરે તો મારો દોષ નહિ.) કેવી લોચા જેવી લાગે છે! જાણે રૂનું ગાભલું. પણ એટલામાં કુતરૂં ભસ્યું. વિજળીના ચમકારા પેઠે એ બેઠી થઇ ગઇ: કાન માંડી સાંભળવા લાગી અને એક છલંગમાં તો સામી બારીમાં પેસી ગઈ!

અને તમે? એ બિલાડીની પેઠે શિથિલ થઇ પડયા રહેવાનું જ કોને આવડે છે? પછી ક્ષણમાં છલંગ મારી ઉભા થવાની અને નિશ્ચયનું પાલન કરવાની તો વાત શી! પરાણે ઉભા થાઓ, વિચાર કરવામાં થોડો સમય લો. અને અરધાપરધા નિશ્ચયથી કામ કરવા માંડો; એમાં પછી શા ભલીવાર હોય? અરધી રાત્રે ઘરમાં આગ લાગે અને આવું કરો તો બચવાની આશા પણ ખરી? ત્યાં પણ અંગો તથા મન પરના એ સામાન્ય બિલાડીના અદ્ભુત સ્વામિત્વની જરૂર નથી લાગતી?

આ ઝાડ જોયું? પ્રકાશ અને પ્રફુલ્લતા પામવા એ કેટલો પ્રયત્ન કરી રહ્યું છે! મોટાં ઝાડની છાયામાં દબાવા છતાં, કચરાતું પીડાતું, આડુંઅવળું થઇ આખરે એ વાંકુંચુંકું પણ ઉગ્યું તો છે જ. શા માટે? વિકાસ માટે; ઉન્નતિ અર્થે; નવજીવન પામવા સારૂ.

એ તો વનસ્પતિ છે; અને તમે તો છો માણસ. એની પેઠે વ્યવહારનાં સંકટો અને અકસ્માતો વિરૂદ્ધ માથું ઉંચું કરી, દઢતાથી માર્ગ કરવાની શક્તિ તમે કેળવી છે? આવી પડતાં વિઘ્નો સામે ઝુઝવાની શક્તિ તમે ભેગી કરી છે? અર્થાત્ તમે પૂર્ણપણે તૈયાર છો?

સંકટો ક્યારે આવશે એની તમને કોઇ થોડી જ આગાહી આપશે! એ કંઈ કહીને થોડાં જ આવવાનાં છે! એટલે માર્ગ તો એક જ ઉઘાડો રહ્યો: પૂર્ણ તૈયારીનો. કુદરતની શિખામણ તો, સદા ય તૈયાર રહેવાની જ છે. જેમને નવજીવન મેળવવું છે, જેમને પોતાના સ્વત્વની રક્ષા કરવી છે, જેમને મનુષ્ય કહેવડાવવું નથી, પણ થવું છે, તેમણે તો આ શિખામણ માન્યે જ છુટકો.

અને એનું ફળ? 'ફતેહ.' આવી પૂર્ણ તૈયારીવાળો મનુષ્ય પોતાના માર્ગમાં 'ફતેહ' શબ્દને મોટા અક્ષરે કોતરેલો જુએ છે. કર્તવ્ય કરવામાં નથી એને વિચાર કરવો પડતો કે નથી પોતાની શક્તિ માટે એને શંકા આવતી.

તમે તમારૂં મનુષ્યત્વ કેટલું ખીલવ્યું છે?

ચા પીતાં હૃદય બંધ પડયું; ગાડીમાં ચડતાં પગ લપસ્યો અને પાટા તળે આવી કપાઇ મુઓ; આગ લાગતાં પહેલે માળેથી કુદી શક્યો નહિ અને બળી ગયો; તરતાં ન આવડયું એટલે નદી ઉતરતાં ડુબી ગયો; રસ્તો પસાર કરતાં ગભરાઈ જવાથી મોટર નીચે ચગદાઇ ગયો;—આ અને આવા અનેક બનાવો આપણે વાંચીએ છીએ, દિલગીરી બતાવીએ છીએ અને પછી ભુલી જઇએ છીએ. પણ—

પણ એની પાછળ રહેલી ભયંકર ભુલનો વિચાર કરતા નથી. એથી સુચવાતી તૈયારીનો અભાવ કોઇના ય વિચારમાં ભાગ્યે આવતો હશે. અને આવી અણીની પળ હમેશાં અણધારી જ આવવાની. આવી એટલે આપણા મનની અને શરીરના યંત્રની યોગ્યતા અયોગ્યતા ઉપર આપણી ફતેહનો આધાર રહેવાનો.

તમને લાગે છે કે આનો વિચાર કર્યા વિના ચાલશે?

તમને કોઇ પુછે કે તમે નીરોગી છો? તરત તમે 'હા' કહેશો. પણ ખાતરીથી માનજો કે તમારી એ 'હા'માં ઝાઝું તત્ત્વ નથી. કસોટીએ ચડયા નથી ત્યાં લગી એમ હા પાડશો. પણ હા—ના તો 'અણીની પળે' જણાશે.

સો ડગલાં દોડતાં શ્વાસ ચડે, મોં લાલ થઈ જાય, આંખો નીકળી પડે અને ફેફસાં ફાટી જાય; બે નીસરણી ચડતાં જરા હાંફ આવે; ભાર ઉપાડતાં કમરમાં ચસકો આવે, પગ થથરે અને છાતી બેસી જાય; છલંગ મારી ઓટલો ચડવાની કે વાડ કુદવાની, અગર એક છાપરેથી બીજે છાપરે દોડતાંદોડતાં જવાની તો સ્વપ્ને પણ વૃત્તિ ન થાય;—આ અને આવી અપૂર્ણતાઓના આપણે પાલક છીએ ત્યાં સુધી એ અણીની પળ ઘાતક જ નીવડવાની.

એવી અણીની પળ માટે તમે શી તૈયારી કરી છે? ન કરી હોય તો કેમ કરવી તે હવે પછી જોઇશું.

જીવન પરાગ

ગોખલેની બાલ્યાવસ્થા ગરીબાઇમાં ગએલી, અને તે સાદા પણ બહુ જ. ફર્ગ્યુસન કૉલેજમાં પ્રોફેસર તરીકે એ કામ કરતા હતા ત્યારે એક દિવસ સ્નેહ-સંમેલન માટે આઇસક્રીમ તૈયાર થતો હતો. ગોખલેએ કદિ આઇસક્રીમ જોએલો નહિ. તે સંચા પાસે જઇ કહે, 'શું કરો છો?'

'આઇસક્રીમ.'

'જોવા તો દો, આઇસક્રીમ કેવો હોય છે?'

એક ટીખળી પ્રોફેસરે સંચામાંનું મીઠાવાળું બરફનું પાણી લઈ ચમચામાં આપ્યું. ચાખીને ગોખલે કહે, 'આપણને તો ભાઇ, આઇસક્રીમ નહિ ભાવે. બહુ ખારો લાગે છે!'

ક્ક

ઔરંગઝેબ બાદશાહની ક્રૂરતા વિષે ગમે તે કહેવાય પણ તેના હૃદયની કોમળતાનો દાખલો આ રહ્યો.

એક રાત્રે ભુલથી એક નોકરે બાદશાહના શયન-ગૃહની નીચેના ખંડમાં બંદુકનો દારૂ મુકયો. ઔરંગ-ઝેબને સવારે ખબર પડી ત્યારે તેણે ધીમેથી કહ્યું, 'હવેથી સાચવજે; કારણ મારી જગ્યાએ અત્યારે જો જહાંગીર બાદશાહ હોત તો તને એ દારૂના થેલા પર બેસાડીને જ ઉડાડી મુકત.'

ક્ક

કાઠિયાવાડી નિશાનબાજ રાણા સરતાનસંગ પુના ગએલા ત્યારે લોકમાન્યના ફળિયામાં તેમણે પોતાના નિશાનબાજીના પ્રયોગો કરવાનું રાખેલું. માટલીઓના અવાજ આંખે પાટા બાંધી સંભળાવવામાં આવે અને દરેકનો રંગ કહેવામાં આવે. પછી ફરીથી માટલી-ઓનો ક્રમ બદલાવી માત્ર અવાજ જ કરવામાં આવે અને તે પરથી કહેલા રંગની માટલીઓ ગોળીથી વીંધવાની: એવો પ્રયોગ ચાલતો હતો. એવામાં પ્રેક્ષ-કોમાં કંઇ કારણથી ગરબડ વધી પડી અને સરતાન-સંગજીને અવાજ સાંભળવાનું અશકય થઇ પડયું. એટલે લોકમાન્ય ઉભા થઇ કહેવા લાગ્યા, 'ભાઇઓ, આ શબ્દવેધી પ્રયોગ ચાલે છે; તેથી જો કોઇના ગળાનો અવાજ માટલીના અવાજ જેવો નીકળી રાણાજીને કાને જશે તો તેનું માથું વીંધાઇ ગયું સમજજો!' આ સાંભળીને સાંભળનારાઓ ખડખડાટ હસી પડયા, પણ પછી ત્યાં તદ્દન શાન્તિ પથરાઇ ગઇ!

ક્ક

સ્વામી રામતીર્થ (એમ. એ.) વિદ્યાર્થીજીવનમાં ઘણા જ બાહોશ ગણાતા. તેમની બુદ્ધિ જોઈ કૉલેજ-ના પ્રિન્સિપાલે તેમને સિવિલ સર્વિસ માટે વિલાયત જવાની સલાહ આપી. પણ જન્મના જોગીરાજે તરત જ જવાબ આપ્યો, 'હું મારી બુદ્ધિ સરકારને વેચવા મા-ગતો નથી, પણ મારા દેશબંધુઓમાં વહેંચવા માગું છું.'

ક્ક

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર વિષે કહેવાય છે કે વડોદરાના દીવાન મણિભાઇ જશભાઇએ કવિની કીર્તિ સાંભળી કવિને મળવા બોલાવ્યા. કવિ પણ કાંઇક મદદની આશાથી ગયા. મણીભાઇએ કહ્યું, 'કવિ, એકાદ કવિતા સંભળાવો.' મસ્ત કવિએ કહ્યું, 'સાહેબ, હું એમ કવિતા સંભળાવતો નથી.' દીવાન સાહેબ તો કવિનો આ નિખાલસ ઉત્તર સાંભળી તેમની સામે જોઇ રહ્યા; પણ પાસેના એક ખુશામતિયાથી ન રહેવાયું. તે કહે 'કવિ, તમે જાણો છો, આ તમે કોની સામે બોલો છો?' કવિએ શાન્તિથી જવાબ આપ્યો, 'હા, તે તો હું બરાબર જાણું છું; પણ તમે જાણો છો કે તમે અત્યારે કોની સામે બોલો છો?'

ક્ક

ગોવર્ધનરામભાઇને શરદીની નિરંતર બીક રહેતી. એનાથી બચવા તેઓ બે ગંજીફરાક, ઉપર ગરમ બંડી, કેડ તથા પેટના ભાગ પર બાંધવાનું ગરમ કપડું, ઢીંચણ ઢાંકવાના ફલાલીનના કકડા, પગે બન્ને મોજાં, ગળે ગલપટો અને માથે કાનપુરી ટોપી—આવો પહેરવેશ ઘરમાં રાખતા. બહાર જવું હોય ત્યારે એક બે ગરમ કોટ તથા શિયાળામાં આ સર્વ ઉપર ઓવરકોટ! આ નિયમિત સાજ સજી નડિયાદની એક જાહેર-સભાનું પ્રમુખસ્થાન લેવા ગોવર્ધનરામ એક શિયાળાની સાંજે નીકળ્યા. તે સમયે એમનાં માતુશ્રી શિવકાશી એટલે બેઠાં હતાં. તે કહે, 'બચ્ચું, મોટા, ટાઢ તે

કાંઇ આખા ગામને વાય છે કે તને એકલાને જ ? આવું જાડુંજાડું તે શું પહેર્યું છે ?'

ગોવર્ધનરામે હાવકું મોં રાખી તરત જવાબ દીધો, 'શું કરું, બા ? આથી જાડું બીજું નહોતુ, એટલે આ પહેર્યું !'

ॐ

ગોવર્ધનરામ મુંબાઇમાં વકીલાત કરતા તે સમયે રિવાજ હતો કે દેશી ભાષામાં લખાએલા દસ્તાવેજ વગેરે પત્રો ન્યાયાધીશ સન્મુખ મુકવામાં આવે ત્યારે તેનું અંગ્રેજી ભાષાન્તર પણ વકીલોએ સાથે રજુ કરવું. આ નકામા બોજાથી સર્વે વકીલો કંટાળ્યા હતા. ગોવર્ધનરામે તેનો ઉપાય કરવાનું નક્કી કર્યું.

તેમણે આવો કેસ આવ્યો ત્યારે એકલા મરાઠી દસ્તાવેજ રજુ કર્યા. જસ્ટિસ કૅન્ડીએ અંગ્રેજી તરજુમો માગ્યો એટલે ગોવર્ધનરામે કહ્યું, 'સાહેબ, અંગ્રેજી તરજુમા કરવા એ મારૂં કામ નથી તેથી મેં તરજુમો કર્યો નથી.'

કૅન્ડી—મિ. ત્રિપાઠી, ખતના તરજુમા વકીલોએ કરવા એ હાઇકોર્ટનો શિરસ્તો છે તે તમે જાણો છો?

ગો૦—જી, કેટલાક વકીલો તે પ્રમાણે કરતા હશે, પરંતુ એ શિરસ્તો કાયદેસર નથી; કારણ કે ભાષાન્તર કરવું એ કોઇ રીતે વકીલનું કામ નથી.'

ન્યાયાધીશ સાહેબનો મિજાજ જવા લાગ્યો. તીખાશથી ફરી પ્રશ્ન પુછ્યો, 'મિ. ત્રિપાઠી, અંગ્રેજી ભાષાન્તર કરવાનું કામ તમારૂં નથી તો બીજા કોનું છે ?

ગો૦—સાહેબ, વકીલોનું કામ ભાષાન્તર કરવાનું બીલકુલ નથી. આપ નામદારને અંગ્રેજી ભાષાન્તરની જરૂર જ હોય, તો તે કામ હાઇકોર્ટના ભાષાન્તર ખાતા પાસે કે સરકારી ભાષાન્તર ખાતા પાસે કરાવવું જોઇએ. આવું કામ કરવા માટે જ પૈસા ખર્ચીને સરકારે આ ખાતાં ઉઘાડયાં છે.

કૅન્ડી—(વિચારમાં પડી) પણ મિ. ત્રિપાઠી, બીજા બધા વકીલો ભાષાન્તરો કરે છે, તો તમે મારી ખાતર પણ તેનું ભાષાન્તર નહિ કરી લાવો ?

ગો૦—ના, નામદાર, એક નિયમની ખાતર હું તે કરી શકીશ નહિ.

ન્યાયાધીશ સાહેબનો વધતો જતો ક્રોધ જોઇ એક મિત્ર વકીલે ગોવર્ધનરામનો ડગલો ખેંચવા માંડ્યો અને તેથી કાંઇ ન વળ્યું એટલે ચુંટિયા ખણ્યા. ગોવર્ધનરામે સહેજ ડોકિયું વાળી કહ્યું, 'અરે, બોલવા દેને; ન્યાયાધીશ થવાનો મને લોભ નથી કે દબાઇને હું બેસી જાઉં.' પછી છેલ્લું હથિયાર વાપરવાનો નિશ્ચય કરી મોટે અવાજે બોલ્યા, 'આપ નામદારને માલુમ હશે કે કાયદાની રૂઇએ ન્યાયાસને બિરાજનાર અધિકારી દરેક દેશી ભાષાઓથી વાકેફ થએલો હોવો જોઇએ.'

વરિષ્ટ કોર્ટના અંગ્રેજ ન્યાયાધીશને એક દેશી વકીલ સલાહ આપે, એ જોઇ સાહેબનો પિત્તો ગયો. એ કાંઇક વાક્યપ્રહાર કરવા જાય છે ત્યાં ગોવર્ધનરામ સમયસૂચકતા વાપરી કહે, 'અને આપ સાહેબ મરાઠી તો સારી રીતે જાણો છો.'

આ ચાટુક્તિયુક્ત પૂર્ણાહૂતિથી સાહેબનો ક્રોધાગ્નિ શાન્ત થઇ ગયો.

ફરીથી કોઇ વકીલને ભાષાન્તર કરવું પડયું નહિ.

ॐ

વર્ષો પહેલાંની વાત છે.

વડોદરાના સયાજીરાવ ગાયકવાડને ઇચ્છા થઇ કે તિલકને એકાદ ભાષાન્તરનું કામ સોંપી એ બહાને દસવીસ હજાર રળાવવા. આ માગણીનો અસ્વીકાર કર્યાની વાત કરતાં તેમણે પોતાના ભાણેજને કહ્યું, 'હું પારકાં ભાષાન્તર કરી સમૃદ્ધ થવા માગતો નથી; મારે તો જાત ખરચીને દેશને સમૃદ્ધ બનાવવો છે.'

[સંપાદિત] **નવલરામ ત્રિવેદી**

અથાણું

કાકા—ડાહ્યા માણસો હમેશાં વિચાર કરવા અટકે છે; માત્ર મૂર્ખાઓ જ ચોક્કસ અભિપ્રાય આપી દે છે.

મનુ—એ વાત ખરી છે, કાકા ?

કાકા—ચોક્કસ !

ॐ

રમણ—મધુ, આજે મેં રેલવે કંપનીને આબાદ છેતરી છે!

મધુ—કહે તો ખરો; કેવી રીતે ?

રમણ—જો, મેં આ રીટર્ન ટિકિટ ખરીદી છે ને હવે બંદો પાછો નથી જવાનો !

ॐ

શેઠ—(હજામત કરાવતાં) ઇશ્વરનું દરેક કાર્ય સહેતુક છે !

હજામ—હા, પણ અત્યારે તે કેમ યાદ આવ્યું ?

શેઠ—જો માણસના વાળ વધતા ન હોત તો તમે બધા શું ધંધો કરત ?

કાઠિયાવાડમાં
સાઈકલ ઉપર ૩૦૦ માઈલ
આઠ દિવસમાં



ગિરિજાપ્રસાદ — છોટાલાલ માંકડ

રાજકોટમાં અમારૂં એક વ્યાયામ મંડળ છે. શરીરને ખુબ મજબુત અને સુદૃઢ કરવું તથા અનેક જાતની મુશ્કેલીઓ વેઠી તેને ખુબ કસવું એ તે મંડળનું ખાસ કાર્ય છે. અમારામાંના કેટલાકે આને અંગે પગે ચાલીને અગાઉ એક સો માઇલની મુસાફરી કરેલી અને વર્ષમાં બેત્રણ વાર હજુ પણ ચાળીસ કે પચાસ માઇલની મુસાફરી તો હોય જ. હાલમાં આ પ્રવૃત્તિને અંગે સાહસ અને સાહસને અંગે પ્રગતિ સાધવાનો અમારો ઇરાદો થયો. સમાજના નવયુવકોના લોહીમાં સાહસવૃત્તિ ન હોય તો તેમનું જીવન વૃદ્ધ જેવું જ છે. તેથી સમાજના યુવકોમાં સાહસવૃત્તિ કેળવવાની મંડળ તરફથી શરૂઆત કરવી એમ નક્કી થયું.

એ વાતને તો આજે એક વર્ષ થઇ ગયું. આજથી એક વર્ષ પહેલાં અમે ઠરાવ્યું કે પાંચ જોડીદાર થઇ શકે તો આખા કાઠિયાવાડની મુસાફરી સાઇકલ ઉપર અને તે પણ અમુક જ દિવસોમાં પુરી કરવી. પણ પાંચ જણા યે આ કામ માટે ભેગા થવા મુશ્કેલ પડ્યા! એટલે એ વખતે તો એ વાત પડતી મુકી દેવી પડી. તે પછી છ મહીને ફરી પ્રયાસ કરી જોયો પરંતુ તે પણ નિષ્ફળ ગયો. આ વખતે તો અમે નિશ્ચય કર્યો કે ભલે બે કે ત્રણ જણ જ થાય; પણ આ સાહસિક પર્યટન ઉપર નીકળવું તો ખરૂં જ.

આ પર્યટનને સાહસિક કહેવું પડે છે તે એટલા ખાતર કે કાઠિયાવાડમાં આવાં પર્યટનો હજુ કદિ થયાં નથી, કે તેવાં પર્યટનો કરવાની ભાવના પણ ખીલી હોય તેમ જણાતું નથી. અને ખાસ તો એટલા સારૂ કે કાઠિયાવાડમાં એવા પ્રયાસમાં મુશ્કેલીઓ પણ ઘણી છે. સડક અથવા સારા રસ્તાઓ ભાગ્યે જ જોવામાં આવે છે. આવાં પર્યટનો દુનિયાના અન્ય પ્રદેશોમાં કરવાં જેટલાં સહેલાં છે તેથી અનેકગણાં અહીં મુશ્કેલ છે.

આ વખતે અમારો વિચાર મક્કમ હતો એટલે સ્થાનિક પત્રો દ્વારા કાઠિયાવાડના નવજુવાનોને આ પર્યટનમાં જોડાવા અમે આમંત્રણ કર્યું. પણ કાઠિયાવાડના કોઇ યુવકે અમને તેનો જવાબ સરખો યે આપ્યો નહિ. અમે જે છસાત જણ તૈયાર હતા તેમાંથી પણ એક પછી એક ડગુમગુ થવા લાગ્યા. કેટલાકે ઉપડવાની મુદત પાછી ઠેલવાનું કહ્યું; પરંતુ તે તો માત્ર બહાનું જ હતું.

હવે શું કરવું ? જાહેર ખબરોમાં મોટીમોટી વાતો કરી ચુક્યા હતા અને મારો વિચાર તો હજી દૃઢ હતો; એટલે ઉપડવાને આગલે દિવસે પેલા છસાતમાંના બે જણને હું મળ્યો. તેઓને ખુબ સમજાવ્યા અને ખર્ચનો વાંધો દૂર કરવા સાઇકિલ વગેરે મુસાફરીનો બધો સામાન તે સાંજે જ અપાવી દીધો.

બીજે દિવસે, નવેમ્બર તા. ૧૩મીની સવારે આઠ વાગ્યે અમારે ત્રણે જણાએ મળવું એમ નક્કી થયું હતું. પણ રાતમાં બધી તૈયારી કરી સવારે નક્કી કરેલે સ્થળે હું ગયો તો બે સાથીમાંથી એકકે ત્યાં

નહિ ! કદાચ આવતાં મોડું થયું હશે એમ ધારી હું તેઓને ઘેર ગયો કે તરત જ તેમનાં મોટેરાંઓએ સાફ ના પાડી દીધી !

છેવટનો પ્રયાસ અજમાવવા હું રાષ્ટ્રીય શાળામાં ગયો. ત્યાંના એક અધ્યાપક મારા મિત્ર અને અત્યાર સુધીના સાહસોના જોડિયા છે. તેમણે એક વખત મારી સાથે આવવા તત્પરતા બતાવેલી; પણ અત્યારે તો તે યે આળસી બેઠા !

આખરે મુસાફરી માટે હું એકલો તૈયાર થયો. ઉપડતાં પહેલાં બધા સાથીઓને મળવા જતાં હું દોઢેક કલાક મોડો થયો તેથી હવે જલદી રસ્તો કાપવા મનમાં તનમનાટ થયો. આઠને બદલે દસ વાગ્યે રાજકોટથી ગોંડળ જવા હું ઉપડ્યો. પહેલાં તો એકલા હોવાને લીધે ચારેક માઇલ સુધી મન ભારે રહ્યું; પણ પછી જેમજેમ રસ્તો કાપતો ગયો તેમતેમ મનમાં ઉત્સાહ અને આનંદ વધતાં ગયાં. બાર માઇલ પછી રસ્તામાં રીબડા પાસે વાડી આવે છે ત્યાં પાણી પીવા ત્રણચાર મિનિટ રોકાઈ રાજકોટથી ૨૪ માઇલ દૂર ગોંડળ હું બરાબર સાડા બાર વાગ્યે પહોંચી ગયો.

અહીંથી મારા એક ભાઇબંધ આ પર્યટનમાં જોડાવાના હતા, પણ તેમણે યે થોડાંક લુલાં બહાનાં બતાવી ના પાડી. ગોંડળમાં જે થોડું કામકાજ હતું તે પતાવી બરાબર સાડા પાંચ વાગ્યે ત્યાંથી જેતપુર ઓગણીસ માઇલ દૂર જવા ઉપડ્યો. રસ્તામાં વીરપુર પાસે સૂર્યાસ્ત થઇ ગયો ને ધીમેધીમે અંધારૂં થવા લાગ્યું. છેવટે સવા સાત વાગ્યે હું જેતપુર પહોંચ્યો. પરિશ્રમને લીધે ભુખ તો લાગેલી, પણ હું એમ ને એમ સુઈ રહ્યો.

સવારમાં ઉઠી સાઇકલ તપાસી તો આગલા પૈડામાં પંકચર પડેલું. સાઇકલ રીપેર કરવાનો બધો સામાન મેં મારા બે સાથીઓ જે પ્રથમ આવવાના હતા તેમને આપ્યો હતો તે તેમની પાસે જ રહી ગએલો ! આથી જેતપુરમાં સાઇકલવાળાની દુકાન ઉઘડી ત્યાં સુધી મારે રોકાઈ રહેવું પડ્યું. પંકચર સંધાવી તથા સાઇકલ રીપેર કરવાનો બીજો સામાન ત્યાંથી ખરીદી હું સાડા નવ વાગ્યે જેતપુરથી ૧૯ માઇલ જુનાગઢ જવા ઉપડ્યો. આગલી રાતનો ભુખ્યો અને સવારે પણ કાંઇ મળેલું નહિ, તેથી બજારમાં નાસ્તો લેવા ગયો; પણ ત્યાં વળી થોડા ઓળખીતા મળી જતાં એમ ને એમ રવાના થઇ ગયો.

એક તો ભુખ્યો હતો ને વિશેષમાં સૂર્ય પણ ઉપરથી ઠીક ત્રાસ દઇ રહેલો, એટલે જુનાગઢ પહોંચતાં લોથપોથ થઇ ગયો. સાડા અગિયાર વાગ્યે ત્યાં પહોંચ્યો. ગામમાં જે ગૃહસ્થને ત્યાં ઉતરેલો તે મારી કૉલેજ કરીઅરના એક મુરબ્બી સહાયક હતા. તેમને ત્યાં ખુબ સારી રીતે નાહીને થાક ઉતાર્યો ને પેટને પણ સંતોષ આપ્યો. તે પછી જીંદગીના ઉત્તમોત્તમ દિવસો જે સ્થળે ગાળ્યા હતા તે બહાઉદ્દીન કૉલેજની હૉસ્ટેલમાં કેટલાક મિત્રોને મળવા ગયો. હું સાઇકલ ઉપર કાઠિયાવાડની મુસાફરી કરવા નીકળ્યો છું એ વાતની ખબર પડતાં એક સાહસિક યુવાને મારો સાથ કરવા હિંમત બીડી. બીજા એક ભાઇએ જુનાગઢથી બાટવા સુધી આવવાની તૈયારી બતાવી.

તે જ સાંજે હું અને મારા બે નવા સોબતીઓ સાડા છ વાગ્યે બાટવા જવા ઉપડ્યા. જુનાગઢથી બાટવા ૨૬ માઇલ થાય છે, એટલે અમે ધારેલું કે અઢી કલાકમાં પહોંચી જવાશે, પણ વંથળીથી બાટવા સુધીના રસ્તાએ તો હેરાનહેરાન કરી દીધા. વંથળી પછી રસ્તામાં તરત જ નદી આવતાં તે ઓળંગવામાં અર્ધો કલાક જતો રહ્યો અને તે પછી રસ્તો તદ્દન ભાંગી ગએલો અને ખાડાટેકરાવાળો હોવાથી ચારથી પાંચ માઇલ પગે ચાલવું પડ્યું. ખુબ હેરાન થયા પછી રાતના સાડા દસ વાગ્યે અમે બાટવે પહોંચ્યા.

બાટવામાં એક સંબંધીને ઘેર ઉતર્યા ને તેમના ખુબ આગ્રહથી મોડી રાતે પેટપૂજા કરી સાડા બારે સુતા. સવારે પેલા બાટવા સુધી આવેલ ભાઇ આઠ વાગ્યે જુનાગઢ તરફ પાછા સીધાવ્યા; અને હું તથા મારા સોબતી ગિરિજાપ્રસાદ બાટવાથી કુતિયાણા જવા સવારના નવ વાગ્યે ઉપડ્યા. પાંચ છ ગાઉ ગયા પછી સરમઠ ગામ પાસે ભુલા પડ્યા. પણ સદ્‌ભાગ્યે ત્રણેક માઇલ રખડ્યા પછી સાચો રસ્તો જડી ગયો. રસ્તામાં બીજી નદી ઓળંગતાં પગે બાંધવાનું મારૂં એક બૅન્ડેજ ખોવાઇ ગયું તેથી મારે ઉઘાડે પગે આગળ વધવું પડ્યું.

પોણા બાર વાગ્યે અમે કુતિયાણા પહોંચ્યા. ત્યાં

એક સંબંધીને ત્યાં જમી અઢી વાગ્યે પોરબંદર (૨૬ માઇલ) જવા ઉપડ્યા. રસ્તામાં રાણાકંડોરણા સુધીનો રસ્તો બહુ જ ખરાબ હતો તેથી શરૂઆતમાં ઠીક વિલંબ થયો. વળી રાણાકંડોરણા પાસે નદી આવી અને તેને ઓળંગવામાં અર્ધો કલાક જતો રહ્યો. ત્યાંથી પોરબંદરની હદ આવતાં રસ્તો કંઇક સારો આવ્યો ને અમે પોણા પાંચ વાગ્યે રાણાવાવ પહોંચ્યા.

મારા સાથીને ચહાની ટેવ હતી, એટલે તેને માટે રાણાવાવમાં એક સ્નેહીને ત્યાં થોડું રોકાણ થયું. ત્યાંથી સાડા પાંચ વાગ્યે ઉપડી પોણા સાત વાગ્યે અમે પોરબંદર પહોંચ્યા. પોરબંદરમાં જે ભાઇબંધને ત્યાં ઉતર્યા હતા તેમણે ઘણી સારી આગતાસ્વાગતા કરી. ત્યાંથી બીજે દિવસે સાડા ત્રણ વાગ્યે અડવાણા (૨૦ માઇલ) જવા ઉપડ્યા. પહેલાં તો પોરબંદરથી દ્વારકા જવા મેં વિચાર કરેલો, પણ પેલા ભાઇને જેમ બને તેમ વહેલા કૉલેજ પાછા ફરવાની જરૂર હોવાથી એ પ્રયાસ મુલતવી રહ્યો. બીજું કારણ એ પણ હતું કે અમે ધારેલું તે કરતાં પોરબંદરથી દ્વારકાનું અંતર ઘણું લાંબું નીકળ્યું, અને રસ્તો ખરાબ હોવાની માહીતી મળી.

પોરબંદરથી અડવાણા જતાં રસ્તામાં એટલો બધો પવન વાવો શરૂ થયો કે સાઇકલ એક ચીલા ઉપરથી ઉપડીને બીજા ચીલા ઉપર જઇ પડતી ! દસેક માઇલ જતાં મારા સાથીની સાઇકલનું એક પેડલ તદ્દન છુટું થઇ રસ્તા ઉપર પડી ગયું ! અમને એકકેને સાઇકલનું પુરૂં રીપેરકામ આવડે નહિ, એટલે ભારે ચિંતા થઇ પડી. અર્ધો પોણો કલાક માથાકુટ કર્યા પછી માંડમાંડ સાઇકલ ચાલી. આ વખતે સુર્યાસ્ત થઇ ગયો હતો. અમે આગળ ચાલ્યા. બબ્બે ત્રણત્રણ માઇલે પેડલ રીસાઇ જતું ને પા અર્ધા કલાકનો ખોટીપો થતો. છેવટની એક નદી ઓળંગી રાત્રે આઠ વાગ્યે અડવાણા પહોંચ્યા.

ત્યાંના અંગ્રેજી નિશાળના માસ્તર ઉપર ચિઠ્ઠી હતી તેથી અમે નિશાળમાં ઉતારો કર્યો ને ગામડાની સાદી મહેમાનગત અનુભવી બીજે દિવસે સવારે આઠ વાગ્યે ૨૦ માઇલ દૂર ખંભાળિયા જવા નીકળ્યા.

આજે અમારી પુરેપુરી કઢણાઇ શરૂ થઇ. બે માઇલ જેટલે જતાં પોરબંદરની હદ બંધ થઇ. સાથે સડક પણ બંધ થઇ અને અમે ભુલા પડી ગયા. બે ત્રણ માઇલ રખડ્યા પછી એક ખેડુતે રસ્તો બતાવ્યો; પણ ભુલા પડતાં સાઇકલને ખાડાખૈયા

તકલી



તકલી મનુષ્યના પ્રાચીનતમ હથિયારમાંનું એક છે એમ સિદ્ધ થયું છે. તકલી ગરીબ લોકોનું યંત્ર છે, તેઓનો આશ્રય છે. હળ જેમ અન્નનું સાધન છે તેમ તકલી વસ્ત્રનું છે. હળનો ત્યાગ કરીએ તો જેમ આપણે ભુખે મરીએ, તેમ તકલીનો ત્યાગ કરવાથી આપણે નવસ્ત્રા થયા છીએ. મુઠીભર મનુષ્યોને કપડાં સાંપડે છે તેથી કોઈ એમ ન માને કે કરોડોને સાંપડે છે. ઇતિહાસ પુરવાર કરે છે કે આપણાં લાખો ભાઈ-બહેનો નાગાં ફરે છે ને ભુખો ખેંચે છે.

તકલીમાં બેવડી શક્તિ છે: અંગ ઢાંકવાની અને અંગને પોષવાની. કેમકે કાંતવાની ક્રિયા આપણને વસ્ત્ર આપે છે ને એને પરિણામે બચતો પૈસો આપણી અન્ન મેળવવાની શક્તિમાં વધારો કરે છે. તેથી તકલીને મેં અન્નપૂર્ણાની ઉપમા આપી છે. તકલી આપણું આળસ મટાડે છે, શરીર ઢાંકે છે ને તેને પોષે છે.

વળી તકલી આપણને આપણા ગરીબો સાથે જોડે છે ને તેમના દુઃખના આપણને હિસ્સેદાર બનાવે છે. તકલીને તુચ્છ માનનાર ગરીબને તુચ્છ સમજે છે. ગરીબને તુચ્છ જાણનાર પોતાના પગ કાપે છે, જે ડાળ પર બેઠા છે તેની જડ ઉખેડે છે. ગરીબ હોઇને તવંગર નભે છે. ગરીબ ન હોય તો તવંગરને સ્થાન જ ક્યાં છે ? તલવાર જેમ નાશનું ચિહ્ન છે તેમ તકલી પોષણનું એક મહત્ ચિહ્ન છે. જે કાંતવાનો યજ્ઞ કરતા નથી, જે તે યજ્ઞની પ્રસાદી રૂપ ખાદી પહેરતા નથી, તે ગરીબોને અને તેના નિવાજને ઓળખતા નથી એવો મારો દઢ વિશ્વાસ છે. તમારો પણ તે હો. મો. ક. ગાંધી

અને ઝાંખરામાં હાંકવાથી મારા સાથીની સાઇકલમાં પંક્ચર પડી ગયાં હતાં. તે ભાઇ પંક્ચર સાંધવા બેઠા ને મેં ટપાલ લખવા માંડી.

પોણા કલાક પછી અમે બંનેએ પાછી મુસાફરી શરૂ કરી. જેમજેમ આગળ ગયા તેમતેમ રસ્તો વધારે ને વધારે ખરાબ આવવા લાગ્યો. ઘડીમાં સાઈકલ ઉપર તો ઘડીમાં પગે ચાલવું પડતું. અધુરામાં પુરૂં ભાઇબંધની સાઈકલનું જે પેડલ રીસાઇ ગયું હતું તે પાછું હેરાન કરવા લાગ્યું. જેમતેમ કરતાં સાડા બાર વાગ્યે અમે ભીંડા નામના ગામે પહોંચ્યા. ત્યાં છાશ પીધી અને ઘીગોળનો નાસ્તો કર્યો. તાજા થઇ વળી આગળ ઉપડયા ને સાડા ત્રણ વાગતાં તો ખંભાળીએ પહોંચી ગયા. પહેલાં તો અમારો વિચાર ખંભાળીએથી તે ને તે વખતે આગળ ઉપડવાનો હતો; પરંતુ બહુ મોડું થવાથી અમારે ત્યાં રાત રોકાવું પડયું.

બીજે દિવસે જામનગર (૪૦ માઇલ) જવા માટે નવ વાગ્યે રવાના થયા. તે દિવસે પણ રસ્તો ભુલ્યા અને બેત્રણ માઇલ રખડવું પડયું. પછી આગળ ચાલ્યા ત્યાં મુસાફરીમાં પહેલી જ વાર મારી સાઇકલ રીસાઇ ગઈ. અડવાણેથી ખંભાળીએ આવતાં સાઇકલને એક સાંકડા ચીલામાંથી જ પસાર થવાનું હતું, અને પાછળ કૅરીઅર ઉપર પણ પુષ્કળ સામાન તથા બેડિંગ હોવાથી તે વારંવાર સમતોલપણું ગુમાવતી ને ચીલાની એક અથવા બીજી તરફ પછાડ ખાતી. આવી રીતે ખંભાળીએ પહોંચતાં સુધીમાં તો સાઈકલ ઓછામાં ઓછી પચાસ વખત પડી હશે. આને લીધે તેનું પાછલું પૈડું મરડાઇને ' આઉટ ' થઇ ગયું.

બેએક માઇલ સાઇકલ દોરીને ચાલ્યા પછી અમે રીપેરિંગ કરવા બેઠા. પૈડાને મરડીમરડી બેઉ તરફથી ચાકી ટાઇટ કરી સાઇકલને આગળ ચલાવી. મારે બહુ જ આસ્તેઆસ્તે ચાલવું પડતુ, કેમકે સહેજ પણ જોર કરીને ચલાવવા જતાં પાછી સાઇકલ એની એ! આમ કરતાંકરતાં માંડમાંડ અમે ખંભાળીએથી બાર માઇલ રાસંગપર પહોંચ્યા. ત્યાં ધર્મશાળામાં ઉતર્યા ને નાહીધોઇ નાસ્તો કરી લીધો. ત્યાંથી અઢી વાગ્યે ઉપડી બીજા બાર માઇલ કાપ્યા ત્યાં સૂર્યાસ્ત થઇ ગયો. અહીં વળી ખોટીપો થયો કેમકે ચંદ્રનું અજવાળું જામે નહિ ત્યાં સુધી આવા ખરાબ રસ્તા ઉપર સાઇકલ ચલાવવી એ તદ્દન અસંભવિત હતું. ચંદ્રોદય થતાં અમે વળી પાછી મુસાફરી શરૂ કરી ને આઠ વાગ્યે જામનગર પહોંચ્યા.

જામનગરમાં એક સંબંધીને ત્યાં ઉતારો કર્યો ને ગરમ પાણીથી નાહીધોઇ થાક ઉતાર્યો તથા ભોજન કર્યું. બીજે દિવસે સવારે મારી સાઇકલનું પૈડું ગામમાં બરાબર રીપેર કરાવી લીધું અને પછી બપોરે થોડું કામ પતાવી સાડા ચાર વાગ્યે ૨૪ માઇલ દૂર ધ્રોળ જવા ઉપડયા.

જામનગરથી ૧૬ માઈલ દૂર ફલ્લા સુધી રસ્તો સારો છે એમ સાંભળેલું, એટલે અમે ધારેલું કે ધ્રોળ પહોંચતાં અઢી કલાકથી વધારે વખત નહિ થાય. પણ અમે ૧૧ માઈલ આવ્યા ત્યાં રસ્તાની બંને બાજુએ બાવળની કાંટ (ઝાડી) આવી. તેની શૂળોને લીધે અમારી સાઇકલોમાં પંકચર પડયાં. અમે એક વાડીમાં પંકચર સાંધવા ઉતર્યા, પણ પંકચર તો એવાં પડેલાં! એકનું પંકચર સાંધી બીજાનું સાંધવા જઇએ ત્યાં પહેલાંની હવા ખલાસ થઈ જાય! આમ ત્રણ વાર પંકચર સાંધ્યાં ત્યાં રાતના આઠ વાગી ગયા.

ધ્રોળ હજુ લગભગ ૧૪ માઈલ દૂર હતું. એક કલાક ચાલ્યા પછી રસ્તામાં મોટી નદી આવી તે ઓળંગવામાં પણ ઠીક વખત ગયો. ધ્રોળથી ગાઉ સવા ગાઉ વાંકીઆ ગામ પાસે આવતાં વળી પાછા ઉંધે રસ્તે ચડી ગયા. વાંકીઆ ગામમાં જઇ ખેડુતો પાસેથી ધ્રોળનો રસ્તો પુછી લીધો અને સાઇકલો મારી મુકી. રાતના દસ વાગ્યે મહા મુશીબતે અમે ધ્રોળ પહોંચ્યા અને ભુખ્યા જ સુઇ રહ્યા.


સાંથી સવારે આઠ વાગ્યે ઉપડી પડધરી (૧૪ માઇલ) બરાબર દસ વાગ્યે પહોંચ્યા. આગલી રાત્રે કંઇ ખાવાનું મળેલું નહિ તથા સવારમાં પણ વહેલા જ ઉપડવાનું થવાથી કંઇ નાસ્તો કરેલો નહિ, તેથી પડધરી આવતાં ભુખ તો કકડીને લાગી. ત્યાં એક સ્નેહીને ત્યાં ઉતર્યા અને નાહી ધોઇને પેટપૂજા કરી.

પછી ગામમાં મિત્રોને મળવા ગયા અને એક વિદ્યાર્થી પડધરીથી રાજકોટ સુધી અમારી સાથે આવવા તૈયાર થએલો તેને સાથે લઇ ત્રણ વાગ્યે રાજકોટ જવા ઉપડયા ને બરાબર પાંચ વાગ્યે ૧૬ માઇલ કાપી રાજકોટ પહોંચી ગયા.

આવી રીતે અમે આખરે સહીસલામત ઘેર પહોંચ્યા. મુસીબતો તો અલબત્ત, ઘણી પડી–ન ધારેલી એવી પણ નડી; છતાં બીજા બીવડાવતા હતા તેમ અમને કોઇ પણ જાતનો થાક, માંદગી કે બેચેની તો લેશ માત્ર જણાયાં નહોતાં. ઉલટો આ ખડતલ જીવનનો અને મુસીબતો સામે થવાનો અવર્ણનીય આનંદ અમે અનુભવ્યો.

કાઠિયાવાડ અને ગુજરાતમાં આવાં પર્યટનો કરવાની યુવકવર્ગમાં પ્રેરણા થાય એટલો જ આ લખાણનો હેતુ છે. મુસીબતોનો હાઉ આપણાં પંપાળેલાં જીવનને જેવડો મોટો ને બિહામણો લાગે છે, તેવડો તે ખરૂં જોતાં નથી હોતો. ઉલટું જુવાન લોહીના ખમીરને તો એ મુસીબતભર્યું જીવન કેટલું ભાવે છે એ હકીકત કાગળ ઉપર ઉતારી શકાય તેમ નથી. એ અનુભવ અને આનંદ અવર્ણનીય છે. પણ મુળ વાત એ છે કે ઘરની હુંફ છોડીને એ માટે બહાર પડવાની આપણી છાતી જ નથી ચાલતી! સાહસિક વૃત્તિ અને બહાદુરી આવે એવું શ્રી પ્રભુ પાસે ઇચ્છી વિરમું છું.

છોટાલાલ લક્ષ્મીશંકર માંકડ





રેતીનાં રણોમાં ઘણી વાર એવાં પ્રચંડ વાવાઝોડાં થાય છે કે જેને લીધે રેતી ઉડીઉડીને જ્યાં સપાટ જમીન હોય ત્યાં ઉંડી ખાઇઓ પડી જાય છે; તો કોઇ ઠેકાણે રેતી જમા થઇને મોટા ટેકરા બને છે.

એક વાર રણમાં સફરે નીકળેલા એક ભાઈ-સાહેબ રાત પડતાં એક જગ્યાએ, ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે રેતીમાં દટાએલાં બે ઝાડ સાથે ઝોળી બાંધી આરામથી તેમાં સુતા. તેની બંદુક, સામાન તથા કુતરો નીચે રેતી પર હતાં. પણ સવાર પડતાં ઉઠયા ત્યારે બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણેની સ્થિતિ હતી! રાત્રે વાવાઝોડાથી રેતી ઉડીને નીચેની જમીન તથા ઝાડ તેની અસલ સ્થિતિમાં આવી રહેલાં. કુતરો તથા સામાન, રેતી ઉડી જવાથી સરીને નીચે ગએલાં ને ભાઇસાહેબ ઝાડ પર અદ્ધર ઝોળીમાં ટીંગાઈ રહેલા!

શિક્ષક—રમણ, વગેરેનો અર્થ જાણે છે?

રમણ—જી હા, વગેરે એટલે થોડા જ્ઞાનને ઝાઝું બતાવવા માટે વપરાતો શબ્દ.

નવો નિશાળિયો

'મિસ્તર, જરા આગળ ચાલોને; મારે બહાર જવું છે.' વીરૂએ પોતાની આગળ ઉભેલા એક છોકરાને કહ્યું.

કંઇક અણધાર્યું બન્યું હોય, અથવા વીરૂ એ ઑસ્ટ્રેલિયામાંથી પકડી આણેલું કોઇ વિચિત્ર પ્રાણી હોય એમ તાકીને પેલો જોઇ રહ્યો. પછી જરા ઘુરક્યો, તિરસ્કારથી હસ્યો અને બોલ્યો, 'જવાય છે, તારા કાકાનો રસ્તો નથી. નથી જતો જા.' અને એણે પોતાના લાંબા પહોળા શરીરથી પાછળ ઉભેલા વીરૂને ડારી દીધો.

વીરૂ તો ડઘાઇ જ ગયો. પોતે આ નિશાળમાં તદ્દન નવો જ આવેલો અને પહેલે જ દિવસે આ અપમાન થયું. કોઇને એ ઓળખતો નહોતો. એક્કે એક છોકરો એને નવો હતો. એ વિચારી ન શક્યો. અપમાનથી સમસમી એ બેસી ગયો. આથી છોકરાઓએ ડીખળમાં બુમો પાડી એને વધુ ગભરાવ્યો.

છોકરાઓ હસતા હતા અને મશ્કરી કરતા હતા. એ તો ત્યાં ને ત્યાં જ બેસી રહ્યો. એવામાં પાછળથી કાગળનો એક ડુચો માથામાં આવ્યો; પડખામાં એક ધપ્પો આવ્યો. વીરૂની આંખમાં આંસુની ઝાલક આવી. શંકર ચાલતો થયો એટલે અપમાનથી લજવાતો અને સંકોચાતો એ સૌથી વેગળો ચાલ્યો ગયો.

વીરૂ મૅટ્રિક ભણતો હતો. આજે જ એ આ નિશાળમાં દાખલ થયો હતો. એટલે, બધે ઠેકાણે બને છે તેમ, નવા છોકરાને સૌ પજવતા હતા. વીરૂનું શરીર કસરતબાજ હતું. એને ક્રિકેટ ન આવડતું, પણ એ જાણુ સામા આવે તો કેમ પછાડવા એ બહુ સારી રીતે જાણતો. છતાં દરેકને અનુભવ હોય છે કે વર્ગમાં ગમે એટલા બળ સાથે પણ તોફાન કરી શકાતું નથી; તેમાંયે ખાસ કરીને નવાથી અને ખાનદાનથી.

વિદ્યાર્થીઓને તો ફાવી ગયું. આવો સાલસ છોકરો બીજો, મશ્કરી કરવા કદિ' મળવાનો હતો! આખો દિવસ એને કંઇ ને કંઇ તોફાન સહેવાં પડયાં. બીજી જે જે શાળામાં એ ગએલો તે બધીયેમાં એ તોફાનીમાંનો એક ગણાતો; ત્યારે અહીં એને તોફાન સહેવાનું આવ્યું. માનવ સ્વભાવ જ એવો છે કે એક વાર માથું ન ઉચક્યું તો પછી ઉચકી શકાતું જ નથી.

વિરૂને ક્રિકેટનો શોખ હતો જ નહિ. એ રમતો, પણ સાધારણ જ. એને એ રમતમાં જોમ કે ઉત્સાહ ન લાગતાં. એ કરતાં તો એ ફુટબોલ અને હૉકી સરસ રમી જાણતો. એના પગમાંથી દડો લઇ જવો એ તો અસંભવિત જ ગણાતું. ટેનિસ એને આનંદ ખાતર ગમતું. એ કહેતો કે હું ટેનિસ રમું છું, કારણ કે એ મને સાવચેત અને ચપળ બનાવે છે. બૅડમિન્ટન કે પિંગપૉંગ રમતા છોકરાઓ પર એ ખુબ ખીજાતો. જેમાં એને વધુ મહેનત પડે, જેમાં એ વધારે થાકે એ રમત એને ગમતી. અખાડો એણે ત્રણ વરસ સેવ્યો હતો, અને એ શરત મારતો કે પોતાના બે પગ વચ્ચે પકડેલા માણસને પોતે નીકળવા ન જ દે. પણ વીરૂના નસીબે અહીં નહોતી હૉકી કે નહોતો અખાડો. મલ્લસ્થંભ પર ખીલીઓ ખોડી ક્રિકેટના શોખીનો લુગડાં ટીંગાડતા હતા, સમાંતર ઘોડી પર ચીરાડા પડી ગયા હતા, સીંગલ બાર અંતર્ધાન થઇ ગયો હતો અને સૅન્ડોનાં યંત્રો વપરાયા

વગર કટાઇ ગયાં હતાં.

મુળે તો ક્રિકેટનો કંટાળો, અને વળી પોતે નવો એટલે છોકરાની સતામણીનો દહેશત, એટલે વીરૂ કદિ રમવા જતો નહિ. નિશાળ છુટી ગઇ હતી. ક્રિકેટની મૅટ પથરાતી હતી અને વીરૂ ઘર તરફ જતો હતો ત્યાં એના વર્ગનો એક છોકરો દોડયો, 'એ વિરેન્દ્ર, ચાલોને રમવા.'

'મને ક્રિકેટ રમતાં નથી આવડતું.'

'હવે ઠીક એ તો. અમે કયાં વળી જાણીએ છીએ ? એ તો રમશો એટલે આવડશે, તમે તો મોણુ બહુ ખાઓ, ભાઇ !'

એ એને હેતથી ઘસડી ગયો. મૅટ પથરાઇ અને સૌસૌનું બેટિંગ હતું, એટલે મરજી પડે એમ સૌ ગોઠવાઇ ગયા. વીરૂને 'સ્લિપ'માં ઉભો રાખ્યો. વીરૂને સ્લિપનો દડો રોકતાં મહેનત ન પડતી, પણ 'સેકન્ડ બાઇ'નો માણસ વાતો કરવાના મહદ્ કાર્યમાં હોય તો એ દડો પણ એણે લાવવો. 'કટ'માં જાય એ પણ એણે લાવવો. 'લેગ ઑફ'માં પણ તેણે દોડવું.

નિશાળમાં નવા આવેલા છોકરાઓને માટે આ કંઇ નવી વાત નથી. તાજા આવનારના સંકોચ અને નમ્રતાનો લાભ લઇને, પોતે મોજ મારવાની વૃત્તિ સામાન્ય રીતે બધા છોકરાઓમાં હોય છે. આજુ-બાજુનાઓની વતી પોતે ફીલ્ડિંગ કરે અને પેલાઓ આનંદથી વાતો કરે ને દાવ લે; છતાં દાવ લેવાનો પોતાનો વારો આવે જ નહિ. આ પરિસ્થિતિથી વીરૂ ધુંધવાયો. સૌનો દાવ આવી ગયા પછી છેલ્લું વીરૂનું બૅટિંગ આવ્યું. એનું બૅટિંગ જોઈ ફીલ્ડિંગ-માંથી સૌ ધીમેધીમે ખરવા લાગ્યા, મરજી પડે એવી રીતે બૉલના ઘા થવા માંડયા અને નસીબજોગે વીરૂએ ત્રણ જ દડા લીધા ને ચોથે દડે ઉડી ગયો ! વીરૂ ખુબ ચીડાયો. કોઇ દિ' ક્રિકેટ ન રમવું એવો નિશ્ચય પણ કરી દીધો અને પોતાનો કોટ લેવા દોડયો.

હવે એવામાં કૅપ્ટનની બુમ પડી, 'વિરેન્દ્ર, ઉભા રહો; મૅટ ઉપાડવા માંડો.' વીરૂથી ન સહેવાયું. અત્યાર સુધી પોતે વેઠ કરી તે અધુરી હતી; તે પાછી મૅટ ઉપાડવાની રહી ? અને આટલા છોકરામાંથી હું જ શા માટે ઉપાડું ? તેનું માથું ફરી ગયું. એક હાથમાં બેટ, કોણી સુધી બાંયો ચડાવેલ, અને એનાથી બોલાઈ ગયું 'અને આ બધા ?'

'હું કહું છું કે તમે ઉપાડી લો' કૅપ્ટન ઘુરકયો.

વીરૂ જવાબ દે તે પહેલાં કોઇએ ફેંકેલો દડો આવ્યો. બૅટ ફેરવી એણે એક એવી તો ઝીકી કે દડો દૂરદૂર રેલીંગ પર ગયો. સ્કુલના તોફાનીમાંના તોફાની છોકરા વ્રજમોહન માટે એ દડો ફેંકાયો હતો. એને વચમાંથી કોઇ ઝડપી લે એ સૌને મન નવાઈ હતી. કૅપ્ટન ખીજાયો અને વ્રજમોહનનો તો પિત્તો જ ફાટી ગયો. આ આજકાલનો આવેલો ચેકુસ ! એની શી મજાલ કે પોતાનો દડો અદ્ધરથી લે ! પોતાના લાંબા નાટકીયા જેવા વાળ કપાળ પરથી ઉંચા લેવા ઝનુનથી એણે માથું ઉછાળ્યું અને બાંયો ચડાવતો ને દાંત કચકચાવતો એ ધીમે પગલે પાસે આવ્યો અને વીરૂ સામું તાકીને ઉભો રહ્યો. 'બૉલ કોને માટે ફેંકાયો હતો એ જાણે છે ? માથું ભાંગી નાખીશ, સમજ્યો ?'

'ગમે તેનો હોય.' વીરૂથી હવે આ સહન નહોતું થતું. એ ઘુરકયો 'રમત પુરી થઇ ગયા પછી હું ગમે તે કરી શકું.'

'ઓ હો હો ! ભામટાએ ભારે રૉફ છાંટયો ને શું ? પણ જોજે ભુલતો; આ હાથ બીજા છે, સમજ્યો ને ?' છોકરાઓ સૌ વ્રજમોહનથી બીતા હતા. એટલે તેને સારૂં લગાડવા, વીરૂનો જવાબ સાંભળી સૌ હસવા માંડયા અને કોઇએ તો હુરીઓ પણ બોલાવ્યો.

આ અપમાનથી વીરૂને રોમેરોમ જવાળા લાગી, શરીર ઝનુનથી કંપી ઉઠયું અને હાથમાંનું બૅટ ફેંકી દઇ તેણે વ્રજમોહનને ગળચીમાંથી પકડયો ને નીચે નાંખ્યો. બધા સડક થઈ ગયા. વજુની આવી ખબર કોઇએ લીધી હોય તો તે આજે પહેલી જ વાર. પડતાંપડતાં પણ પોતાની પ્રતિષ્ઠા જાળવવા વજુએ સરસ્વતી ભણી.

વીરૂને થયું કે આ મુરતી આમ માને એમ નથી. એટલે જેવો વજુ ઉભો થઇને ગાળ દેતો સામો આવે છે તેવી જ વીરૂએ કસીને એક થપ્પડ જડી દીધી; તરત ઉપર બીજી ને ત્રીજી. એ ઉભો થયો ને એક ધપ્પો લગાવ્યો; બે ને ત્રણ. વજુના હાડકાં ખખડી ગયાં. ફરી એ હુમલો કરી સામો આવ્યો. વીરૂએ તેને ગળાનો કોલર ઝાલી એવી તો ચોડી કે

વજુ તમ્મર ખાઈ નીચે પડ્યો. એવી લગાર અડાવી છોડી દીધો.

વીરૂના ગળાની નસો ફૂલી ગઇ હતી, હોળેલા વાળ કપાળ પર ઉડતા હતા, આંખો તથા નસ્કોરાં ક્રોધથી ફાટુંફાટું થઇ રહ્યાં હતાં. ચોમેર, આ તમાશો જોતા છોકરાઓ કુંડાળું વળી ચુપચાપ ઉભા હતા.

એ જવા ફર્યો અને મુંગામુંગા સૌએ માર્ગ કરી આપ્યો. ખભે કોટ લટકાવી ટોપી ફેરવતો વીરૂ ચાલ્યો ગયો.

અને પછી વજુનો એ ' વિરૂભાઇ ' થયો. **વિનોદ**

પુછો તંત્રીને

(૧) દોરડાને હલાવીને આપણે છોડી દઇએ તોપણ તે કેમ હાલ્યા કરતું હશે ?

(૨) ચામડી ઉપર ફોલ્લો કેમ થતો હશે ?

(૩) રાત્રે બત્તીથી જોતાં અને દિવસે સૂર્યના પ્રકાશમાં જોતાં એક જ રંગ જુદોજુદો કેમ દેખાતો હશે ?

(૪) દુનિયામાં ઉંડામાં ઉંડી ખાણ કઇ છે ?

(૫) પાણીની માટલીને તળીએ મોતિયા કેમ બાઝે છે ?

(૬) આપણે થાકી ગયા હોઇએ કે ઉંઘ આવતી હોય તે વખતે બગાસાં કેમ આવતાં હશે ?

(૭) આકાશમાં તારા અસ્થિર કેમ દેખાય છે ?

ગયા અંક સાથે ભેટ અપાએલા કૅલેન્ડરમાં

આટલી ભુલ સુધારી લેજો

મે મહીનાની સામે ગુજરાતી માસ ચૈત્ર વૈશાખ બે લખેલા છે, પણ સાથે ત્રીજો જેઠ પણ જોઇએ, કેમકે મેની ૩૧મી તારીખે જેઠ બેસી જાય છે. એટલે તે પાનાના ગુજરાતી માસમાં જેઠ ઉમેરવો; અને ત્યાર પછીનાં પાનાંઓમાં, અનુક્રમે જેઠ-અષાડ, અષાડ-શ્રાવણ, શ્રાવણ-ભાદરવો, ભાદરવો-આસો, આસો-કારતક, કારતક-માગશર અને માગશર-પોષ એમ સુધારી લેવાં.

બે છોકરાઓએ ભેગા મળીને એક પૈસાનાં બે જામફળ લીધાં. એક જણે એમાંથી એક જરા મોટું હતું તે લીધું એટલે બીજો ચીડાયો. આથી પહેલાએ પુછ્યું, ' તું મારી જગ્યાએ હોત તો શું કરત ? '

' મોટું જામફળ તને આપત '

' તો હવે શા માટે ચીડાય છે ? મોટું તો મેં લીધું જ છે. '

મારી પોતાની વાત

ગામ પરગામ ભટકવાથી મારૂં ભણવાનું જરા બગડેલું, પરન્તુ ગામ પરગામના તો રૂડા પ્રતાપ. ટાઢ, તડકા, ઉજાગરા, ભુખ અને તરસ વેઠવાં પડ્યાં છે, પણ જે અનુભવ એનાથી થયા છે, તે તો બાદશાહી નિશાળો કે મોટા હેડમાસ્તર પણ શું કરાવતા'તા ?

હવે અમારે ખંભાત જવાનું આવે છે. અમે ખંભાત ગયા ત્યારે પેટલાદ સુધી ટ્રેન હતી. ત્યાંથી પછી ગાડાંમાં બેસીને ખંભાત જવું પડતું.

ખંભાત દેશી રાજ્ય છે. એ ગુજરાતનું જુનું બંદર છે અને તામ્રલિપ્ત, સ્તંભતીર્થ વગેરે એનાં અસલ નામો છે.

' ખંભાતની ભલી સુતરફેણી ' એવું દલપતરામની કવિતામાં ભણ્યા હતા, પણ એ સુતરફેણી ઝાઝી લેવા જેટલા પૈસા અમારી પાસે નહોતા. તે વખતે અમારી જ ન્યાતના સ્વ. કેશવલાલ હીરાલાલ ખંભાતના દીવાન હતા. એ તથા એમનાં કુટુંબીઓ અમારા પર બહુ માયા રાખતા. એમના સૌથી નાના પુત્ર સ્વ. મુકુન્દરાય તથા એની માસીના દીકરા ઠાકોરલાલ સાથે અમારે દોસ્તી બંધાઇ હતી.


દરિયો મેં પહેલવહેલો ખંભાતમાં જોયો. પણ ભરતી ન હોય એ વખતે તે બહુ દૂર રહેતો હોવાથી છેક પાણી પાસે જઇ શકાતું નહોતું એનો અસંતોષ રોજ રહ્યા કરતો. આખો દિવસ અને રાત દરિયાના પવનની મીઠી લહેરો આવ્યા કરતી અને બપોરે કે ચાંદની રાત્રે દૂર ક્ષિતિજમાં એનાં ભુરાં પાણીનો ચમકાર આનંદ આપતો હતો.

દરિયાકિનારે ફરતાં મીઠાના અગર જોતા, ઇમારતી લાકડાં, નાળિયેર વગેરે દેશાવરોથી આવતો માલ તપાસતા અને ખંભાતની જુની જાહોજલાલીની વાતો સાંભળતા. મોટી હોડીઓ અને જહાજમાં માલ ચડે ઉતરે તે જોઇએ, દરિયાને માર્ગે ખારવા લોકો ભરૂચ, ધોલેરા, ભાવનગર, મુંબાઈ વગેરે બંદરોએ વહાણો કેમ લઇ જાય એ બધું સમજીએ અને રાજી થઇએ.

જે કોઠી અંગ્રેજ લોકોએ પ્રથમ વહેપારનો માલ ભરી રાખવા બાંધેલી તે કોઠીમાં તો મારા બાપાની કચેરી હતી. વેપાર કરતાંકરતાં અંગ્રેજો આ જગાએથી જ અને સુરતની આવી જ કોઠીમાંથી આખા

હિન્દુસ્તાનમાં કેમ પેસી ગયા એ વાતો એ કોઠીની બારીએથી દરિયા તરફ આંગળીઓ કરીને મારા બાપાએ અમને કહી હતી. અંગ્રેજોનું પ્રપંચથી મહાન રાજ્ય મેળવવું, પાણીનો બળવો, તાત્યાટોપી વગેરેની વાતો એ અમને કહેતા અને ઉશ્કેરાતા. સરકારની એ નોકરી કરતા, પણ સરકાર તરફ ઝાઝી વફાદારી એમના અંતઃકરણમાં નહોતી.

દીવાન સાહેબને ત્યાં ચોઘડિયાંમાં પડઘમ વાગતી, સામે મેદાનમાં લશ્કરની કવાયત થતી અને ત્રણ દરવાજા પાસે દર શુક્રવારે અંગ્રેજનો યુનિયન જેક વાવટો એક મોટા ઝંડા પર નવાબ સાહેબના હુકમથી ચડાવવામાં આવતો. આ બધો દબદબો અને રાજ્યચિહ્નો બાળકોનાં કોમળ મન પર બહુ વિપરીત અસરો કરે છે એનો હું સાક્ષી છું. 'બૉય સ્કાઉટ્સ'ની હીલચાલ બધી રીતે સારી છતાં એમાં અંગ્રેજ વાવટાને જે ફરજિયાત નમન કરવાનું આવે છે તેથી જ મને એ નથી ગમતી.



ખંભાતનો અકીક કામ કરનાર કારીગર

દીવાન સાહેબ પ્રમાણિક હતા. દેશી રાજ્યમાં પ્રમાણીકપણું હોય એ કંઇ જેવોતેવો ગુણ નથી. એ વિદ્વાન પણ હતા અને વર્તમાનપત્રો, પુસ્તકો વગેરે એમને ત્યાં ઠીક રહેતાં. તે સ્વામીનારાયણ ધર્મના અનુયાયી હતા અને નિયમિતપણું, ચીવટ, સ્વચ્છતા, કુટુંબપ્રેમ વગેરે ગુણો એમનામાં અનુકરણ કરવાયોગ્ય હતા.

પાછળથી સરસ્વતીચંદ્ર મેં વાંચ્યો ત્યારે દરબાર, બુદ્ધિધન, વિદ્યાચતુર વગેરેની વાતો આ જ ખંભાત, દીવાન સાહેબ, દીવાન સાહેબની હવેલી, બગીચા, દરિયો વગેરે સાથે મેળવી લઇને સમજી લીધાં હતાં.

નવાબ સાહેબ બહુ ભલા માણસ હતા. એમને તો એકાદ વાર જ મેં જોયા હશે. કારણ એ ઝાઝા બહાર નીકળતા નહિ. હાલમાં જે રાજ્ય આપણે માથે છે તેમાં નથી બાદશાહી કે નથી પ્રજાસત્તા; તેના કરતાં એમનું રાજ્ય સારૂં. એમનામાં ખાનદાની હતી અને નિશાળોમાં અંગ્રેજી કેળવણી સુદ્ધાં તદ્દન મફત હતી.

કેશવલાલ સાહેબ પછી માધવરાવ દીવાન થએલા. માધવરાવે ખંભાતમાં નળ લાવવાની યોજના કરી હતી. નવાબ સાહેબે લોકોને ઘેર બેઠાં મીઠું પાણી મળે એ વાત સાંભળીને પ્રથમ તો દીવાન સાહેબની બહુ તારીફ કરી; પણ જ્યારે એમણે જાણ્યું કે પાણીનો કર લેવાનો છે ત્યારે તો એ ગુસ્સે થઈ ગયા અને કહેવા લાગ્યા કે 'નવાબ સાહેબ નવાબ હે; ભિસ્તી નહિ બનેગા.' મતલબ કે ભિસ્તી લોકો પાણીના પૈસા લે છે એમ નવાબ સાહેબ નહિ લે. એ તો પાણી મફત આપે, વેચે નહિ.

ટાવર અને ઘડિઆળવાળા દરવાજા; મેદાન, લાયબ્રેરી, અંગ્રેજી નિશાળ, એ બધાં અમને બહુ ગમતાં. ખંભાત જેવું નિશાળનું મકાન પેહેલાં મેં કદિ જોયું નહોતું એટલે હોંશેહોંશે નિશાળે જવાનું મન થતું. અંગ્રેજી પ્રાયમરમાં હું ત્યાં દાખલ થયો હતો.

નિશાળનું સુંદર મકાન, ઉચ્ચ વાતાવરણ, પાટલીઓ, ચિત્રોવાળી અંગ્રેજી ચોપડીઓ, એ બધાથી મારો નંબર પેહેલો બીજો રહેવા લાગ્યો અને ભણવામાં ઉત્સાહ બહુ વધી ગયો. તે પહેલાં ૧૫–૨૦ નંબરથી ભાગ્યે જ ઉંચે ગયો હોઇશ.

ખંભાતમાં તાબુતના દિવસો બહુ જોવા લાયક. અહીં જેવાં તોફાનમસ્તી ત્યાં બીલકુલ ન મળે. મુસલમાન ભાઇઓ એ મહોરમના દિવસો શાન્ત, ગંભીર અને ધાર્મિક ભાવે ગાળે. અમારા માસ્તર વિલાયત જઇ આવેલા અને નવાબ સાહેબના કુટુંબના

ખાનદાન હતા. દરરોજ કાગળની વિલાયતી બીડીઓ એ એટલી બધી પીતા કે ગણી પણ ન શકાય. પરંતુ રમજાનનો આખો યે મહીનો એમણે બીડીઓ પીવી છોડી દીધેલી. બીજા મુસલમાન ભાઈઓ પણ અમારા માસ્તર જેવો જ એ દિવસોમાં સંયમ પાળે અને રોજા કરે.

રાજ્યની વારાંગનાનું ઘર ત્રણ દરવાજા પાસે હતું. એને ત્યાં તાબુતની પેહલી રાત્રે બધા આબરૂદાર મુસલમાન ભાઈઓ મિજલસ ભરીને બેઠા હતા. પણ એ મિજલસ ધર્મની હતી. વારાંગના સાદો પોશાક પહેરીને ભક્તિરસનાં હૃદયને હલમલાવી નાખે એવા ગીતો ગાતી હતી. કેટલાંક ગીતો એવાં પણ આવતાં કે ભરી સભામાં ભાગ્યે જ કોઈ રડ્યા વગર રહ્યું હશે.

પોલિટિકલ એજન્ટ થનાર અંગ્રેજો, આ યુગમાં ખરેખર ભાગ્યશાળી જનો છે. અમારા એક ઓળખીના વકીલ ઘણીવાર કહેતા કે પરમેશ્વર મને પ્રત્યક્ષ મળીને પુછે કે 'બોલ બચ્ચા! હવેનો જન્મ કોનો જોઈએ?' તો હું કહું કે 'ગોસ્વામી મહારાજનો અથવા સાહેબની મડમનો.' એ બંને બહુ સુખી જીવો છે. પણ મને લાગે છે કે કોઈ અંગ્રેજને એમના પરમેશ્વર પુછે કે 'બોલ બચ્ચા! હિન્દુસ્તાનમાં તારે કઈ નોકરી જોઈએ?' તો મારી એને એ સલાહ છે કે એણે દેશી રાજ્યના પોલિટિકલ એજન્ટની નોકરી માગવી.

ખંભાતના પોલિટિકલ એજન્ટ એ ખેડા જીલ્લાના કલેકટર હતા. હું ત્યાં હતો ત્યારે એક કેનેડી સાહેબ એ જગ્યા પર હતા. થોડે વખતે એમની બદલી થઈ. લોકો કહે સાહેબ બહુ સારા; કારણ એમણે કોઈનું કંઈ બગાડ્યું નથી.

દીવાન સાહેબે, કેનેડી સાહેબના માનમાં એક ઇવનિંગ પાર્ટી કરેલી. તે દિવસે દારૂખાનાં, રોશની, રમતગમત અને ખાવાપીવાની ખુબ મઝા થઈ હતી.

કેનેડી સાહેબ એટલે શી વાત! આખા ગામમાં નવાબ સાહેબ સૌથી મોટા, અને એમનાથી યે મોટા કેનેડી સાહેબ!

પાર્ટીને બીજે દિવસે એક મારી ક્લાસનો વિદ્યાર્થી નિશાળના છજામાં બેઠોબેઠો વાદળ સામું જોતો જાય અને એક પોતે જોડેલી કવિતા વારંવાર ગાતો જાય કે

'કેનેડી સાબ ગયા ત્યારે વાદળું ચડ્યું.'

મતલબ કે દિવાન સાહેબ, અમલદાર વર્ગ, ગામલોક એ બધાંએ તો સાહેબના ગયાથી શોક કર્યો જ, પણ ઇંદ્ર રાજાએ પણ પુરાણકાળની માફક આ શોકમાં ભાગ લીધો હતો. અને પેલા વિદ્યાર્થીને, કુદરતના અને જનસમાજના સંજોગો જોઈને ખરા અંતઃક્ષોભથી કવિતા જન્મતી હતી!

બાળ કવિનું ભવિષ્ય ખરૂં પડ્યું. વાદળ ચડ્યાં અને ધોધમાર વર્ષાઋતુ આવી. અમારા ઘરમાં પાણી ચુતાં હતાં અને બંને કરામાં વરસાદનાં પાણી ભરતાં હતાં. એક રાત્રે ખુબ વરસાદ પડ્યો. પવન, અંધકાર, કડાકા અને ગાજવીજથી રાત્રી ભયંકર બની હતી. અમારી મેડીમાં ઉભા રહેવા જેટલી પણ જગ્યા કોરી ન હતી. થોડી વારે ભીંતમાંથી માટી તથા ઇંટો ગરવા મંડ્યાં. મારી બા ચેતી અને બધાંને નીચે એક ઓટલા પર લઈ ગઈ. મારા બાપાની તબિયત છેક નરમ હતી. એ હાથમાં માળા લઈને બેઠાબેઠા ઇશ્વરસ્મરણ કરવા લાગ્યા.

થોડી વારમાં મોટા ધડાકા સાથે કરો તુટ્યો અને છાપરૂં ભાંગી પડ્યું. મારી બાને નીચે આવતાં એક જ મિનિટ મોડું થયું હોત તો એ છાપરા તળે ચગદાઈ જાત!

ઘર તળે ચગદાતાં બચ્યાં એ માટે અમે બધાંએ ઇશ્વરનો ઉપકાર તો માન્યો; પણ તરત જ પહેરેલે લુગડે બહાર આવ્યાં છીએ એનું ભાન થયું.

મધરાત થઈ ગઈ હતી. વરસાદ ધોધમાર પડતો હતો. એક ચકલું સરખું પણ ફરકતું નહોતું. કારમા ધડાકા સાથે ઘર પડ્યું, પણ પાડોશમાથી કોઈએ ચાંટો પાડીને પુછ્યું નહિ કે શું થયું.

નિઃસહાય, નિરાધાર સ્થિતિ પ્રત્યક્ષ થતાં મારી બાએ જોરથી ઘાંટા પાડવા માંડ્યા.

'અરે, કોઈ આવો! ઘર પડી ગયું છે! આ ગામ છેક જ નિર્દય છે કે શુ? કોઈના પણ હૃદયમાં રામ વસે છે કે નહિ?' રોતાંરોતાં એણે પોકાર કર્યા. બાપા એને વારતા હતા અને છાની રાખવા નિષ્ફળ પ્રયત્ન કર્યા કરતા હતા. અમે ભાંડુઓ પણ બાને રોતી જોઈ ખુબ રોયાં. આમ ને આમ સ્થિતિ અરધીએક કલાક ચાલી હશે. પછી પાડોશીઓ દીવા લઈ લઈને આવ્યાં અને અમને સમજાવી વિનવી પોતાને ઘેર રાતવાસો સુઈ રહેવા લઈ ગયાં.

સત્તારમાં, અમદાવાદના અમારા હીરાલાલ હેડ-માસ્તર જેઓ વડનગરા નાગર ગૃહસ્થ હતા તેમને ખબર પડવાથી એ અમને બધાંને પોતાને ત્યાં લઇ ગયા અને આઠ દસ દિવસ બીજું ઘર ગોઠવાતાં સુધી અમને પોતાને ઘેર જ રાખ્યાં.

ઇશ્વરે દુઃખ તો એવું નાખ્યું કે જે અમારાથી ઉપાડી ન શકાત, પરન્તુ પાડોશીઓ અને હીરાલાલ-ભાઈના હૃદયમાં પાછી એણે દયા ઉત્પન્ન કરી અને અમારૂં દુઃખ હળવું કરી નાખ્યું.

વ્હાણું વાતાં પહેલું કામ બાએ ભાંગેલા ઘરમાં જઇ ઘરેણુંગાંઠું અને પૈસા લઇ આવવાનું કર્યું અને ધીમેધીમે બીજી ચીજો પણ લગભગ બધી જ હાથ લાગી. આપત્તિ અને સંકટની સાથેસાથ પ્રભુની કરુણા પણ અમે ઘણીવાર આમ જ અનુભવી છે.

એ વખતે મારી ઉમર માંડ ૧૨ વર્ષની થઇ હશે. છતાં એ ઉમરમાં પણ વિદ્યાર્થી અવસ્થાના કુછંદ અને ગંદી વાતચીતો કરતાં અમે શીખી ગયા હતા. છોકરાઓ જ્યાં મળીએ ત્યાં ભુંડી જ વાતો થાય, અને હજારો માનસિક પાપોની ભ્રષ્ટતા અમારાં નિર્મળ જીવનને મલિન કરી નાખે.

અમે 'પ્રેમ'(!)ની વાતો પણ કરીએ અને કોઇ કીમિયાગર સાધુએ બનાવેલી ભસ્મનો મહિમા કેટ-લાક મિત્રોને મેં ખંભાતમાં કહેલો તે હજી મને યાદ છે. દેદગરોળીની પુંછડી કાપવી. પછી બાળીને એની ભસ્મ કરવી. એ ભસ્મ જે છોકરીને લુગડે લગાડો તે છોકરી તમારી પાછળ ગાંડી!

મશ્કરીમાં આ નુસખો મેં કહેતાં તો કહ્યો, પણ એક છોકરાએ તો એનો અમલ પણ કર્યો! વહેમ અને કામણટુમણની હલકી વાતો એ અવસ્થામાં બહુ ખોટી અસર કરે છે. વડીલોના પુણ્ય પ્રતાપે કોક જ ચારિત્ર્યબળથી તેમાંથી તરી નીકળે છે.

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ



આફ્રિકાના પત્રો



આફ્રિકન રમણી સુંદર વસ્ત્રાલંકારોમાં

આજે કિયોગા સરોવરના મસીન્ડી બંદરેથી આ કાગળ તમને લખું છું. મારી સન્મુખ એક તરતો ટાપુ પવનમાં નાચી રહ્યો છે; પાસે જ બંદર પર માલની ધમાલ ચાલી રહી છે; સામે ઘણે દૂર સુધી પેપીરસ ઘાસનો લીલોછમ ગાલીચો પથરાઇ રહ્યો છે; ચોમેર નાનીનાની મજાની ડુંગીઓમાં હલેસાં મારતાં કુદરતનાં કાળાં બાળકો રમવા નીકળી પડ્યાં છે.

આ અને આસપાસના પ્રદેશને લૅન્ગો પરગણું કહે છે. લીરા એ આ પ્રદેશનું મુખ્ય સ્થળ ગણાય છે, પરન્તુ વેપારમાં તો લીરાથી પણ ચડી જાય એવાં બીજાં સ્થળો છે. આ પ્રદેશમાં આવવા માટે હું તા. ૮-૫-૨૪ના રોજ જીન્જાથી નીકળ્યો હતો.

જીન્જાથી નામાસગાલીના સ્ટેશન સુધી બુસોગા રેલ્વેની ટ્રેન ચાલે છે. હું બુધવારના રોજ સવારે ૧૦ વાગ્યે જીન્જાથી બેઠો હતો તે બપોરના બે વાગ્યે

નામાસગાલી પહોંચ્યો. મારી સાથે લૅન્ગોના રા. ભાઇ રામશંકર હતા. ભાઈ રામશંકર જાતે કડીના ઔદીચ્ય બ્રાહ્મણ છે અને ઘણા વખતથી યુગાન્ડામાં રહે છે. બેચાર વર્ષ પહેલાં તો તેમની સ્થિતિ ઘણી સારી હતી અને હવે પણ સારી થતી આવે છે. એ ભાઇ કપાસની ખરીદમાં કીટ ગણાય છે. આમ પોતે કાંઈ ભણ્યાગણ્યા નથી એટલે લાકડાની તરવાર વડે ચલાવ્યે રાખે છે.

અમે નામાસગાલી આવીને જમ્યા. અહીં આપણા ભાવનગરના એક રા. ભાનુશંકરભાઇ સ્ટેશનમાસ્તર છે. નામાસગાલીથી અમારે સ્ટીમરમાં બેસવાનું હતું. અહીંથી કિયોગા સરોવર શરૂ થાય છે. જે નાઇલ નદી વિક્ટોરિયા સરોવરમાંથી નીકળી તે જ નાઇલ નદી ફરતીફરતી આ સ્થળે આવીને કિયોગા સરોવર બને છે. અને પાછી કિયોગા સરોવરમાંથી બહાર નીકળી નાઇલ બને છે. કિયોગા સરોવરના કાંઠાનાં બંદરો પર નાની સ્ટીમરો ફરે છે; આ સ્ટૅનલી નામની સ્ટીમર તેમાંની એક મુખ્ય સ્ટીમર છે.

સ્ટૅનલી સ્ટીમર અમસ્તી બહુ જ નાની ગણાય. થર્ડ ક્લાસનાં પૅસેન્જરોને તો સ્ટીમરમાં બેસવાનું જ નહિ. તેમને માટે તો સ્ટીમરની સાથે માલ ભરવાની હોડીઓ જોડે છે તેમાં પડ્યા રહેવાનું હોય છે. તેમને તો ઉપર આભ અને નીચે પાણી. તેમને પાણી પીવું હોય તો સરોવરનું ગંદુ પાણી સીંચીને પી લેવું. વરસાદ તો અહીં ગમે ત્યારે પડે છે, અને મુશળધાર પડે છે ત્યારે આ થર્ડ ક્લાસનાં પૅસેન્જરો શરદીમાં ને શરદીમાં જ્યાંત્યાં પડ્યા રહે છે, અથવા તો માલની પાછળ ભરાઈ જાય છે. તેમને નહાવાનું તો હોય જ ક્યાંથી? આ હોડી ચારે બાજુ ખુલ્લી હોય છે અને માથે પણ ઘણી વાર તો પતરાં સરખાં યે હોતાં નથી. આવી સ્થિતિમાં લોકો ચાર રાત અને ચાર દિવસ કાઢે છે!

આ લાઇટરોમાં બેસનારા મુસાફરોને મચ્છરનો ઉપદ્રવ તો હેરાનહેરાન કરી મુકે છે. કિયોગાને બન્ને કાંઠે મચ્છરો પુષ્કળ હોય છે અને ઘણીવાર તો મચ્છરદાનીમાં પોઢતા ફર્સ્ટ ક્લાસના ઉતારૂઓની પણ સારી એવી મહેમાનગત કરી શકે છે. સેકન્ડ ક્લાસની એક કૅબીનમાં ચાર જ ઉતારૂઓ બેસી શકે.

હું અને ભાઇ રામશંકર ફર્સ્ટ ક્લાસમાં બેઠા હતા. બુધવારે સાંજના ચાર વાગ્યે અમારી સ્ટીમર ઉપડી ને ગુરુવારે સવારના ૮ વાગ્યે અમે મસીન્ડી પહોંચ્યા. મસીન્ડી બંદર બહુ મોટું નથી, પરન્તુ આ બંદરેથી બેલ્જીયન કૉન્ગો જવાનો ધોરી માર્ગ છે. મસીન્ડી ગામ બંદરથી ૩૦-૩૫ માઇલ દૂર છે અને ત્યાંથી આગળ ચાલીએ એટલે હાથીઓનાં ટોળેટોળાં જેમાં વસે છે તેવાં મોટાં જંગલો આવે છે. હાથીનો શિકાર કરનારા ઘણા યુરોપિયનો મસીન્ડી બંદરે ઉતરે છે.

આ સ્ટીમરમાં કોલસાને બદલે લાકડાં બાળે છે અને એ લાકડાં લેવા માટે જુદાજુદા જગ્યાએ લાકડાં એકઠાં કરેલાં હોય છે. મસીન્ડી બંદર પાસે પણ એવો લાકડાંનો સ્ટોર છે. ત્યાંથી લાકડાં લઇ અમારી સ્ટીમર બપોરના ૧-૨ વાગ્યે ઉપડી.

અમારે કેલે બંદરે ઉતરવાનું હતું. શુક્રવારે સવારે સાત વાગ્યે અમે કેલે પહોંચ્યા. કેલેથી આઠ દસ માઇલ પર કબીલામાઇડા કરીને ગામ છે ત્યાં અમારે જવું હતું. કબીલામાઇડાના રા. મામદભાઈ અમને લેવા માટે બંદરે આવ્યા હતા.

રા. મામદભાઇ ખોજા ગૃહસ્થ છે. તે પોતે કબીલામાઇડામાં વેપાર ચલાવે છે તે ઉપરાંત કપાસને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાના મોટા કંત્રાટો રાખે છે અને સાથેસાથે શેઠ નાનજીભાઇના કપાસની ખરીદની એજન્સી પણ સાચવે છે. મામદભાઇ પોતે બહુ અચ્છા માણસ છે. પુરેપુરા અભિજાત, બહુ જ નિખાલસ અને ધંધાની ધમાલ વિનાના.

અમે કબીલામાઇડા પહોંચ્યા. આપણા ભવનમાં કાન્તિલાલ નામના વિદ્યાર્થી હતા, તેમના પિતા શ્રી હરિશંકરભાઇ અહીં શેઠ મામદભાઇને ત્યાં મહેતાગિરી કરે છે તેને ત્યાં અમે જમ્યા.

અમારે કબીલામાઇડામાં રોકાવું ન હતું, એટલે જમીને અમે કલાકી જવા ઉપડ્યા; હું અને ભાઈ રામશંકર. અહીં એક ભાઇની ઓળખાણ વહેલીવહેલી પણ આપવી જ પડશે. તે ભાઈ તે રા. અમીન.

રા. અમીનભાઈ ગ્રૅજ્યુએટ છે; લૅન્ગોના પ્રદેશમાં શેઠ નારણદાસ રાજારામની પેઢી તરફથી કપાસની ખરીદ કરવા માટે તેમને નીમ્યા છે. તેમને આ તરફ આવ્યાં હજી બહુ વખત થયો નથી, એટલામાં તો તેમણે કામ ઘણી ચાલાકીથી ઉપાડી લીધું છે. એમને

માટે મેં એમ પણ કહેવાતું સાંભળ્યું છે કે એ ભાઈએ હેઠ સુદાનની સરહદ પરના ભાગોમાંથી કપાસની ખરીદ કરી આજ સુધી કોઈએ નહિ કરેલું સાહસ ખેડ્યું છે. ભાઈ અમીન શરીરે ખબરદાર છે. મોટર સાઈકલ હાંકવામાં પાછું વાળી જુએ તેવા નથી, વિચારમાં અજંપી છે અને મહત્ત્વાકાંક્ષામાં જતે દિવસે આફ્રિકામાં નામ કાઢે એવાં ચિહ્નો મને તેમનામાં જણાયાં છે. કપાસની ગાંસડીઓ અને કપાસિયાની ગુણોમાં મચી રહેવા છતાં તે હિંદુસ્તાનથી 'મૉડર્ન રિવ્યુ' અને 'વેલફેર' માસિકો પોતાના પદરના ખર્ચથી મંગાવે છે, એટલું જ નહિ પણ સફારીમાંથી આવી રાતે પણ તે વાંચે છે. મારી આખી સફર દરમ્યાન તેમણે મારા પર અસાધારણ ભાવ ને સૌજન્ય દાખવ્યાં છે અને મારી મારફત દક્ષિણામૂર્તિ સાથે કાયમનો સંબંધ બાંધ્યો છે એમ કહું તો જરા યે અતિશયોક્તિ ન ગણાય.

બપોરના બે વાગ્યે અમે કબીલામાઇડોથી કલાકી જવા નીકળ્યા. બે સાઇડકારમાં અમે ચાર જણ હતા. દોઢેક માઇલ ગયા હઇશું ત્યાં તો સામેથી વરસાદ અને તોફાન ઉતર્યાં. અમે સાઇડકારો રસ્તા પર મુકી પાસેના એક દેશી ઝુંબામાં ભરાઇ ગયા. ઝુંબાની બે સ્ત્રીઓએ અમારા માટે બે ખુરશીઓ મુકી અને વધારે ખુરશી ન હોવાથી ઝુંબાનું કમાડ ખેડવીને કચરાવાળા ભાગ પર અમારા બેસવા માટે મુકયું. થોડીવાર થઈ એટલે તેમણે એક નાના કેળના પાન પર થોડાંએક મિષ્ટ કેળાં અમારા માટે આણ્યાં અને અમે તે ખાધાં.

અહીંના દેશી લોકોના આ ઝુંબાઓનું વર્ણન તો હું તમને અગાઉ આપી ગયો છું. આ ઝુંબાઓ આપણે ત્યાં ભાવનગરમાં કોળી લોકોના કુબા હોય છે તેને આકારમાં મળતા હોય છે. આખી એક ગોળ દીવાલ, એક જ નાનું બારણું અને માથે ઘાસનું છાપરૂં. આપણા કુબાઓ માત્ર માટીના હોય છે ત્યારે આ ઝુંબાઓ પડેલાં ઝાડની ડાળીઓથી રચવામાં આવે છે અને પાછળથી એ ડાળીઓને બન્ને બાજુએ માટી ચોંટાડવામાં આવે છે. વળી કુબા પ્રમાણમાં નીચા હોય છે, ત્યારે આ ઝુંબાઓ ઉંચા હોય છે; જો કે બારણું તો નીચું જ હોય છે. આ લોકો વિશેષમાં આ ઝુંબાઓમાં જુદાજુદા ખંડ પાડે છે અને દરેક ખંડમાં પથારી માટે ઘાસ બિછાવે છે. ઝુંબામાં પેસતાં જ એક બાજુ રસોડું હોય છે અને રસોડાની પાસે જ આ લોકોની ઘંટી હોય છે. આ લોકોની ઘંટી આપણી ઘંટી જેવી નથી હોતી. તેમની ઘંટીનો કાંઇક ખરો ખ્યાલ કરવો હોય તો મહાદેવમાં જે ચંદન ઘસવાના ઓરશિયા હોય છે તેનો વિચાર કરવો. એ ઓરશિયા જેવા જ એક પત્થર પર અનાજ રાખી આ લોકો બીજા એક નાના પત્થર વડે તેને વાટે છે, દળે છે અને આ લોટ પત્થરની નીચે એક બાજુ પાડે છે. વારંવારના ઘસારાના લીધે આ ઓરશિયા જેવા પત્થરને વચમાંથી ખાડો પડી જાય છે એટલે અંશે તેમાં અનાજ ઘડીભર ટકી શકે છે ખરૂં.

અમે તો ઝુંબામાં ઠીકઠીક ખોટી થયા. વરસાદ અને તોફાન વહ્યાં ગયાં એટલે અમે અમારો રસ્તો લીધો અને સાંજે કલાકી પહોંચી ગયા.

રા. રામશંકરભાઈ તથા ભાઇ અમીન પોતાના ધંધાના અંગે પહેલાં કેલેમાં રહેતા, ત્યારપછી કબીલા માઇડોમાં રહેતા અને આ વખતે કલાકીમાં રહેતા હતા.

રવિવારે અમે લીરા જવા નીકળ્યા. શેઠ મામદભાઇ પણ આજે લીરા આવી પહોંચ્યા હતા એટલે ફંડ તરત જ શરૂ કર્યું. આ બધી ફંડની દોડાદોડીમાં ક્યાં ખાધું, ક્યાં પીધું, ક્યાં સુતા, ક્યાં નાહ્યા કે ક્યાં પૂજા કરી એ તો કોઇએ પુછવું જ નહિ. એક વોરાજીના સફારી કોટમાં સુવાનું મળે તો હરિદાસ વિશ્રામ જેવાની કોઠમાં ભાઇ રામશંકર ખીચડી પકાવે ને વળી નહાવા માટે માંડમાંડ પાણી એકઠું કરીને જરા ચોકખા થઇએ ત્યાં કોઇના ખાટલા પર બેસીને પુજા કરવી એ જ શક્ય હોય. આવાઆવા અનેક રંગો તો આ આખી મુસાફરીમાં બની રહ્યા છે તે કહેવાની જરૂર જ ન હોય.

લીરાનું કામ પૂરૂં કરી સોમવારે અમે અટુરા જવા નીકળ્યા. કલાકીથી ૫૦ માઇલ લીરા અને લીરાથી ૬૫-૭૦ માઇલ અટુરા.

બપોરના બે વાગ્યે અમે અટુરા પહોંચ્યા. અહીં શેઠ જીવણભાઇ કાળાભાઇ તેમજ બીજા થોડાએક સારા વેપારીઓ છે. સાંજના સાડા ચારે વેપારીઓની જાહેર સભા બોલાવી અને તેમાં સારો એવો ફાળો ભરાયો. શેઠ જીવણભાઇએ તેમજ તેમના મિત્રોએ બહુ જ ભાવથી ફંડ ભર્યું એમ કહેવું પડશે. શ્રી અમીન-

ભાઈ તરફ એ સર્વનો ઘણો સારો ભાવ છે અને અમીનભાઈને રાજી રાખવા આ લોકો ગમે તે કરે તેમ હતા.

રાત અમે અટુરામાં ગાળી. સવારે બધા શિલિંગો ઉઘરાવી લીધા અને જમીને ત્રણ વાગ્યે રવાના થયા. રસ્તામાં વરસાદ તો કહે મારૂં જ કામ. પડતે વરસાદે મોટર સાઇકલની સાઇડકારમાં બેસવાનો ઠીક અનુભવ મળ્યો. માર્ગમાં એક પણ ઝુંપો ન હતો કે ત્યાં બેસીએ; અને રાત પડ્યા પહેલાં કોઇ રીતે લીરા પહોંચવું જ જોઇએ, એટલે અમે તો હાંકયે રાખ્યું. માર્ગમાં એક બે જગ્યાએ તો પુરા અઢી માઇલ સુધી બંને બાજુ પાણી અને વચ્ચે નાની એવી સડક. મને તો ઘડીએ ઘડીએ એમ થતું કે હમણાં ગયા. પણ અમીનભાઇ મને કહેતા ' આજે જો અકસ્માત થવા દઉં તો આખું ગુજરાત મને ઠપકો આપેને ! '

છેવટે અમારો સંઘ લીરા પહોંચ્યો. બધાં કપડાં કાઢી નાખ્યાં અને એકએક લુંગી પહેરીને અમે ગરમ ધાબળાઓમાં ભરાઇ ગયા.

આ બંને દિવસ મારો મુકામ ભાઈ હરિશંકરને ત્યાં હતો. તેમને ત્યાં બે દિવસ મેં બહુ જ આનંદથી પસાર કર્યા છે. હું તો તેમનો મેહેમાન રહ્યો એટલે મારા માટે દરરોજ નહાવાની સગવડ કરે. મારા માટે તેમના એક સાથી રસોઇ કરે અને આખો દિવસ તજવીજ રાખ્યા કરે.

શુક્રવારે કેલે સ્ટીમર આવે તેમ હતી. શેઠ મામદભાઇ મને સ્ટીમર પર કાર લઇને મુકવા આવ્યા હતા. મારી સાથે રોકડા ચાર હજાર શિલિંગનો ભાર હતો એટલે તે સાચવવા ખાતર પણ ફર્સ્ટ ક્લાસમાં જ હું બેઠો. શુક્ર, શનિ, રવિ અને અર્ધો સોમ સ્ટીમરમાં ગાળ્યા. સ્ટીમરમાં મારી સાથે કમળેજના એક લુહાર હતા. તેમનું ભાતું સ્ટીમરની હોડીમાં રહી ગયું હતું અને હોડીને વચ્ચે એક જગ્યાએ કાપી નાખી હતી એટલે મારા થોડા એવા ભાતામાં આ ભાઇનો ભાગ પડ્યો અને એકાદ છેવટનો દિવસ અલ્પાહારથી ચલાવવું પડ્યું.

સોમવારે નામાસગાળી પહોંચ્યો. ત્યાં ભાઇ ભાનુશંકરની મદદથી ફંડ કરી લઇ બપોરે સાડા બારની ગાડીમાં બેસીને સાંજે જીન્જા પહોંચ્યો. **નાનાભાઈ**

ટેલિગ્રાફી

આજના જમાનામાં તાર દ્વારા સંદેશા મોકલવા એ કાંઇ નવાઇ નથી. છતાં તાર દ્વારા અવાજ શી રીતે જાય છે તે બહુ ઓછા જાણતા હશે.


એટલું તો ઘણાખરા જાણતા જ હશે કે તારના સંદેશા વિજળીની મદદથી મોકલવામાં આવે છે. આ વિજળીમાં બે ગુણ છે: એક ગરમી પેદા કરવાનો ને બીજો લોહચુંબકનો. સંદેશા મોકલવાના કામમાં મોટા ભાગે બીજા ગુણનો જ ઉપયોગ થાય છે.

જો તાંબાના એક તારને લોખંડના કકડા ઉપર ગોળ વીંટીને તેને વિજળિક શક્તિ આપવામાં આવે તો જ્યાં સુધી તારમાં વિજળિક શક્તિ હોય ત્યાં સુધી તે લોખંડના કકડામાં લોહચુંબકનો ગુણ રહે છે. આ જ શક્તિનો પુરેપુરો ઉપયોગ તારના સંચાની બનાવટમાં લીધો છે.

કેટલાંક લોહચુંબકનો આકાર ઘોડાની નાળ જેવો કે અંગ્રેજી U આંકડા જેવો હોય છે. લોહચુંબકનો આવો આકાર ઘડવાનું એક ખાસ કારણ છે. લોહચુંબકવાળા લોખંડના આખા ટુકડામાં બધી જ જગ્યાએ આકર્ષણનો ગુણ સરખો નથી હોતો. આકર્ષણશક્તિ બંને બાજુના છેડા ઉપર વિશેષ હોય છે ને તે છેડાઓથી ઘટતીઘટતી બરાબર મધ્ય ભાગમાં તો બીલકુલ રહેતી નથી. હવે જો તે ટુકડો સીધો રાખવાને બદલે U ના આકારમાં વાળવામાં આવે તો આ આકર્ષણશક્તિ બમણી થાય છે અને તેથી જ આપણે લોહચુંબક ઘણે ભાગે વાળેલું જોઇએ છીએ. આ વાત તારનો સંચો બનાવવામાં પુરેપુરી ધ્યાનમાં રાખવામાં આવી છે.

હવે આગળ જાણવા માટે આપણે તારના સંચાની રચના બરાબર સમજવી પડશે. પાછલા પાના પરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તાર લેવાના સંચામાં ચાર લોખંડના ટુકડા હોય છે. તેમાંના (અ) અને (બ) ને (ક) ટુકડાથી જોડી તેમના ઉપર તાંબાનો તાર વીંટેલો હોય છે. આ તાંબાના તારમાં જ્યારે વિજળિક શક્તિ દાખલ કરીએ ત્યારે તે Uના આકારના જેવું જ લોહચુંબક થઇ જાય છે અને તે ઉપરના (ડ) ટુકડાને પોતાની તરફ આકર્ષે છે.

પણ આ (ડ) ટુકડાને એક સ્પ્રિંગ લગાડીને સંચામાંના લોહચુંબકથી જરાક છેટે ગોઠવેલો હોય



અને છોડી દેવાથી એક સ્પ્રિંગના જોરથી ચાવી પોતાની અસલ સ્થિતિમાં આવે છે ને પ્રવાહ પાછો ચાલુ થાય છે.

દરેક તાર ઑફિસમાં એક તાર મુકવાનો અને બીજો તાર લેવાનો. એમ બે સંચા હોય છે. અને તે દરેક ઑફિસના બન્ને સંચાઓ તાર દ્વારા વિજળિક 'સર્કિટ' માં જોડેલા હોય છે. એટલે એક ઑફિસે તાર મુકવાનો સંચો–'કી' દાબવાથી વિજળીનો પ્રવાહ બંધ થઇ જાય છે અને તેથી બધાં 'સાઉન્ડરો'માંનો પેલો (ડ) ટુકડો, પોતાની અસલ સ્થિતિએ આવી જાય છે ને તે બાજુના સ્ક્રુ સાથે અથડાતાં કટ અવાજ થાય છે. પાછી 'કી' છોડી દેવાથી તારમાં બધે વિજળી દાખલ થાય છે. આથી (અ–બ) ટુકડો લોહચુંબક બની જાય છે અને (ડ) ટુકડો ખેંચાણું બાજુના સ્ક્રુ પર અથડાતાં ફરી કટ અવાજ થાય છે.

'કી' વધારે વખત દબાવી આ અવાજને લાંબો, અને ઓછો વખત દબાવી ટુંકો, એમ નાનો મોટો કરવામાં આવે છે, અને આ નીચે બતાવ્યા પ્રમાણે

A · —
B — · ·
C — · —
D — · ·
E ·
F · · — ·
G — — ·
H · · · ·
I · ·
J · — — —
K — · —
L · — · ·
M — —
N — ·
O — — —
P · — — ·
Q — — · —
R · — ·
S · · ·
T —
U · · —
V · · · —
W · — —
X — · · —
Y — · — —
Z — — · ·

(અનુસંધાન પાછલા પાનાના પહેલા કૉલમને છેડે)

છે. આથી જેવી વિજળિક શક્તિ (અ–બ) છેડાવાળા U જેવા આકારના લોખંડ ઉપર વીંટેલા વાળામાં દાખલ કરવામાં આવે છે કે તરત જ તે લોહચુંબક બની જાય છે, અને તેના (અ–બ) છેડા ઉપર આવેલા લોખંડના (ડ) ટુકડાને પોતાના તરફ ખેંચે છે. (ડ) ટુકડો તે લોહચુંબક તરફ ખેંચાય છે અને તે ખેંચાણને લીધે સંચામાં ગોઠવેલા સામા સ્ક્રુ જોડે તે અથડાય છે. પછી જ્યારે પેલા (અ–બ) ટુકડાને વીંટેલા વાળામાંથી વિજળિક પ્રવાહ બંધ કરવામાં આવે છે કે તરત જ (ડ) ટુકડો સ્પ્રિંગના જોરને લીધે લોહચુંબકથી છુટો પડી પાછો પોતાની જગ્યાએ આવી અથડાય છે. આમ લોહચુંબકને ઘડીકમાં વિજળિક શક્તિ આપવાથી ને ઘડીકમાં પાછી બંધ કરવાથી પેલો (ડ) ટુકડો બાજુના સ્ક્રુ સાથે ને પાછું પોતાની અસલ જગ્યાના સ્ક્રુ સાથે વારેવારે આમતેમ અથડાય છે અને કટકટ અવાજ થયા કરે છે.

વિજળિક તારથી સંદેશો. મોકલવામાં મુખ્ય ત્રણ યંત્રો જરૂરી છે. એક તાર લેવાનો સંચો, બીજું તાર મોકલવાનો સંચો અને ત્રીજું વિજળિક પ્રવાહ લઇ જનારો તાર.

તાર લેવાનો સંચો જે 'સાઉન્ડર' કહેવાય છે તેને વિષે આપણે જાણી લીધું. હવે તાર મુકવાનો સંચો તપાસીએ. તેની રચના વિજળીનો દીવો સળગાવવા ને બંધ કરવાની ચાંપ જેવી જ છે. ચાંપને જેમ એક બાજુ ફેરવવાથી વિજળી ગ્લોબમાં આવી પ્રકાશ આપે છે અને બીજી બાજુ ફેરવતાં વિજળિક પ્રવાહ તુટી પ્રકાશ બંધ થાય છે, તેમ આ સંચામાં પણ ચાવી દબાવવાથી વિજળીનો પ્રવાહ તુટી જાય છે



નવાં પુસ્તકો

અંજલિ: (ગેયકાવ્યો) કર્તા અને પ્રકાશક, કેશવ હ. શેઠ; ખડાયતા મુદ્રણકલા મંદિર, રાયપુર, અમદાવાદ:કી.૧-૪-૦

ભાઈ કેશવલાલ શેઠ ગુજરાતના એક જાણીતા કવિ અને લેખક છે. અંજલિ એમનો ત્રીજો કાવ્યસંગ્રહ છે. 'રાસ'ને નામે એમના નવી ભાતના રાસો, 'સ્વદેશ ગીતાવલિ'ને નામે એમનાં રાષ્ટ્રગીતો, તથા 'પ્રાર્થનાનાં પદ'ના નામથી પ્રભુભક્તિનાં કાવ્યો, એમ આ અગાઉ એમના ત્રણ સ્વતંત્ર કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે.

આપણે ત્યાં હજુ કવિતાની કદર ઉગતી છે; તો પણ ભાઇ કેશવ હ. શેઠ ગુજરાતના હૃદયમાં સારૂં સ્થાન પામ્યા છે. મોવડી કવિઓ અને નવીનો વચ્ચેના અંતરાળના એ 'સેતુ' સરખા છે. એમનું મુળ ગામ કુમરેડ. પોતાના એ કુદરતી રમણીય વતન પર એમનો અથાગ પ્રેમ છે. એમનું કાવ્યસાહિત્ય એ કઠોર જીવનવૃક્ષનું વિરલ ફળ છે.

એમનામાં ખરા કવિનાં કેટલાંક લક્ષણો બહુ સ્પષ્ટપણે દેખા દે છે. એમનો દેશપ્રેમ, કુદરત પ્રેમ અને ભક્તિભાવ અનેક કાવ્યોમાં ઉતરી એમની કાવ્યોર્મિઓ સ્પષ્ટ કરે છે. ગુજરાતણની રસીલી ભાવના એમની કવિતાને રાસક્ષેત્રમાં રમાડે છે. એમનો શબ્દભંડોળ ભરપુર અને હૃદયભાવ ઉંચો છે.

ગામનું અતિ પરિચિત અને પ્રિય દૃશ્ય લેખક એક જ કડીમાં પ્રત્યક્ષ કરે છે:

એ ચોતરો, એ દેવળો ને એ જળાશય જળભર્યાં,
કલ્લોલતાં પારેવડાં નિરખી ઠર્યાં-દિલ ના ઠર્યાં
ફળિયાની મધ્ય ચબુતરો
સંમુખ ગૃહનો ઉંબરો:

... ...

'આત્મગુંજન' કાવ્યમાં કોઈ કવિપ્રદેશની ગુઢ છાયાઓ તરે છે:

તે લાંબાટુંકા અવાજ પરથી જે અંગ્રેજી ABCD ના અક્ષર નક્કી કરેલા છે તે પ્રમાણે તારના સંદેશા અપાય લેવાય છે.

નાનો અવાજ એટલે ટપકું (·) અને મોટો અવાજ એટલે લીટી(—). એ રીતે ગોઠવીને તેના નીચે મુજબ અંગ્રેજી મુળાક્ષરો રચ્યા છે. આ ગોઠવણીથી એ 'કડકડાટ'ની ભાષામાં સંદેશા સહેલાઈથી મોકલી શકાય છે.

ઘેરૂં આકાશ ઘેરીઘેરી વાદળીઓ
નભરી નિશ માહીં મ્હાલવાં જી રે:
ધનને ઘેરેલ ગોખ રૂપેરી ચાંદલો
ચમકે તે દિશ મારે ચાલવાં જી રે.

અને 'ભવાટવિ'નું કાવ્ય તો આખું યે સૌન્દર્યનાં સંવેદનોથી નીતરી રહે છે:

ભવાટવિ

ભુલી પન્થ ભમું દિનરાત રે,
કોઈ સન્ત બતાવો જી વાટ:
ઉગે સૂરજ વળી આથમે એવી ન્હોતી મ્હારી મૂળ ભોમ;
જ્યોતિ અખંડ ઝગે જાહીં જેનાં તેજ ઢળે વિધી વ્યોમ:
કોઈ સન્ત બતાવો એ વાટ:
—ભુલી

સંસારને ઉન્હે વાયરે થાય ઘરઘરના દીપ ગૂલ;
જીવન એવાં આહીંનાં વ્હેંતિયાં, મારે મુલક અમરોનાં કુળ:
કોઈ સન્ત બતાવો એ વાટ:
—ભુલી

ઉષાને અધરે ખીલતો ને સન્ધ્યાને કાંઠે વિલાય;
એવા રે સ્નેહને સોણલે મારૂં જીવતર ઝોલાં ખાય:
કોઈ સન્ત બતાવો દિવ્ય વાટ:
—ભુલી

પગલે પગલે પાવક પ્રજળે, આંખે ઠર્યો અન્ધકાર;
પામર દેહની પીઠ પડી, વહી ભવરણકેરો ભાર:
હવે સન્ત! દોરો સુરવાટ:
—ભુલી

અમે માનીએ છીએ કે ઉગતી પ્રજા ભાઈ કેશવ શેઠના આ કાવ્યસંગ્રહને સત્કારશે.

૫.

સ્ત્રી-ઈનામ

આ ઈનામમાળા દર મહીને 'કુમાર'નાં સ્ત્રીગ્રાહકો માટે ચાલુ રહેવાની છે એવા ખબર ગયા અંકમાં પહેલું ઈનામ જાહેર કરતી વેળા અમે આપ્યા હતા. એને માટે હજુ કોઇ તરફથી અમને નિબંધ મળ્યો નથી. સૌ સ્ત્રી-ગ્રાહકોનું આ વિષય તરફ ફરીથી ધ્યાન ખેંચીએ છીએ. આ માસના ઇનામ માટે નીચેનો વિષય છે:

શરીર શણગાર માટે અલંકારોની જરૂર છે ખરી? હોય તો તે ક્યાં અને કેટલાં? એ વિષય ઉપર 'કુમાર'ના એક પાના જેટલો લેખ લખી મોકલવો. સાથે પોતાનું નામઠામ, વય, તથા ગ્રાહક નંબર લખેલાં હોવાં જોઇએ. લેખ ફાગણની અમાસ સુધીમાં તંત્રીને પહોંચી જવો જોઇએ.

પહેલું ઈનામ રૂા. ૩નું તથા બીજું ઇનામ રૂા. ૨નું અપાશે. શ્રેષ્ઠ નીવડેલો લેખ 'કુમાર'માં છપાશે.

બાળ વિભાગ



બ્રહ્માનો ગર્વ

એક વાર બ્રહ્માને ગર્વ થયો. કેવી મનોહર આ મારી સૃષ્ટિ! આકાશ સાથે વાતો કરતા આ મોટામોટા પર્વતો; પર્વતના ખોળામાંથી વહેતી આ ગંગા-યમુના જેવી નદીઓ; પેલાં વિશાળ મેદાનો, ઘાડાં સુંદર જંગલો અને આ ઉછળતો ઘુઘવતો મહાસાગર! આ બધું કેવું સુંદર છે? પેલી સવારસાંજ ખીલતી સંધ્યા મેં ન બનાવી હોત તો ભારે ભુલ થાત! પણ હું બનાવ્યા વિના રહું જ કેમ? અને આ તારા–નક્ષત્રોવાળું આકાશ પણ કેટલું સુંદર છે!

મારા ચાકડા પરથી રોજ કેટલાં યે મનુષ્યો ઉતરે છે. પશુ, પંખી અને નાનાં જીવડાંનો તો પાર જ નહિ! અને આ બધું હું જ કરનારો! મેં જ મારી શક્તિવડે સરજાવેલું!

વિચારમાં ને વિચારમાં બ્રહ્મા ઉભા થઈ ગયા ને ગર્વમાં એમની છાતી ફુલી. એવામાં એમની આંખો દૂર આવેલા એક રસ્તા પર પડી. આંખો પડી તો પડી પણ ત્યાં જ થંભી ગઇ!

રસ્તા પર બબ્બે ઉંટોની હાર ચાલી જતી હતી ને દરેક ઉંટ ઉપર એકએક પેટી દોરડાંથી બાંધેલી હતી.

બ્રહ્માને વિચાર થયો, 'આવું જનાવર તો મેં હજી સુધી બનાવ્યું નથી, ને એ આવ્યું કયાંથી?' એ તો જોઇ જ રહ્યા. ઉંટોની હાર તો એક પછી એક આવ્યે જ જાય!

બ્રહ્માને પુછુંપુછું તો થાય, પણ કોને પુછે કે આ કયું જ-નાવર. ને ક્યાંથી આવ્યું? કોઇ માણસ દેખાય ત્યારે ને?

સવારથી માંડીને ઠેઠ સાંજ સુધી એમ હારબંધ ઉંટોની જોડી આવ્યા જ કરી; અને બ્રહ્મા પણ ખાવુંપીવું ભુલી આ કૌતક જોઇ જ રહ્યા.

સાંજ પડી. બ્રહ્માનો ઘડેલો સૂર્ય પશ્ચિમ દિશામાં લટક્યો અને અદશ્ય થયો. એ જ બ્રહ્માની બનાવેલી મનોહર સંધ્યા આકાશમાં ખીલી નીકળી. આ વખતે દૂર-દૂરના એક ઉંટ ઉપર કાળા માથાનો માનવી દેખાયો. તેના એક હાથમાં લાકડી હતી અને બીજા હાથમાં વીંટાળેલું એક દોરડું હતું.

દૂરથી આ આદમીને જોયો એટલે બ્રહ્માને જરા નીરાંત થઈ. 'આ માણસને પુછી જોઉં, એટલે બધો ખુલાસો થઇ રહેશે.'

પેલો માણસ ઉંટ પર બેઠોબેઠો ચારેકોર પોતાની નજર ફેરવતો, પણ બ્રહ્મા સામું તો જોતો જ ન હતો.

છેવટે બ્રહ્માએ બુમ પાડી, 'અલ્યા, એ…'

પણ તેણે સામું જોયું નહિ. 'અલ્યા, એ ભાઇ…'

હવે તો બ્રહ્મા ઠેઠ રસ્તા પર પહોંચ્યા ને સાદ માર્યો, 'એ ભાઇ…!'

ડાહી ડોશી

ડાહી એક ડોશી
જાત્રાની હોંશી;
કાચલીને વા'ણે
ચાલી તે ટાણે;
કાચલીમાં કાણાં
કે નીર ભરાણાં:
ડોશી ગઈ બુડી
ને વાત ગઇ ઉડી.

પેલા આદમીએ ડોક ફેરવી એટલે બ્રહ્માએ પુછ્યું, 'અરે ભાઈ, આ બધાં જનાવરો કોણે બનાવ્યાં છે ને તું એ બધાંને લઇને ક્યાં જાય છે?'

પેલાએ જવાબ આપ્યો, 'મારે બહુ ઉતાવળનું કામ છે: ને વળી મારા કામ સાથે તારે લેવાદેવા પણ શી છે કે મને નાહક રોકે છે? જો, સાંજ તો પડી.'

'પણ કહે તો ખરો, ભાઇ!'

'લે ત્યારે, સાંભળી લે. આ જનાવરનું નામ ઉંટ છે, ને દરેક ઉંટ ઉપર જે એકએક પેટી છે તેમાં એકએક બ્રહ્મા છે. હજી બ્રહ્માને આવા ઉંટો બનાવવાની સત્તા નથી મળી.'

'હેં! દરેક પેટીમા એકએક બ્રહ્મા!' બ્રહ્મા આશ્ચર્યમાં બોલી ઉઠ્યા.

'હા, દરેકમાં એકએક બ્રહ્મા. આ એક સૃષ્ટિના જેવી કરોડો સૃષ્ટિઓ આ વિશ્વમાં છે ને તે દરેક સૃષ્ટિના એકએક બ્રહ્મા છે. શેષશાયી ભગવાનની પાસે હમણાં જ ફરિયાદ આવી છે કે બ્રહ્માઓ અભિમાની થઈ ગયા છે અને મદમાં ને મદમાં ભાન ભુલી ગયા છે. એટલા માટે ભગવાને મને મોકલ્યો છે ને હુકમ કર્યો છે કે જે બ્રહ્મા અભિમાની થઇ ગયો હોય તેને ઉઠાડી મુકજે ને તેની જગ્યાએ પેટીમાંથી નવો બ્રહ્મા ગોઠવજે. અભિમાની બ્રહ્માને દોરડાથી બાંધી અહીં લાવજે.'

બ્રહ્મા તો વાતની અધવચથી જ આંખો મીંચી ધ્યાનસ્થ થઇ ગયા હતા. એમના હૃદયમાં શેષશાયી ભગવાનની મૂર્તિ ઉઠવા લાગી.

"આ સૃષ્ટિના બ્રહ્મા પણ–' પેલા આદમીએ આગળ ચલાવ્યું. પણ બ્રહ્માના કાન અંદર ઉતરી ગયા હતા, ઇંદ્રિઓ સર્વે નિશ્ચલ હતી.


દૂરદૂર પૂર્વ દિશામાં ચંદ્રમાએ કોર કાઢી. થોડીવાર પછી તેમનું ધ્યાન પુરૂં થયું. અત્યારે તેમની આંખો નિર્મળ હતી. પેલો આદમી, ઉંટો ને પેટીઓ તો કોણ જાણે ક્યાં અદશ્ય થઇ ગયાં હતાં! નીનરેલ હૈયે બ્રહ્મા બોલી ઉઠ્યા, 'આ બધો તારો મહિમા છે! હે પ્રભુ! હે દેવોના દેવ! હું બ્રહ્મા પણ તારા નાભિકમળમાંથી જ ઉત્પન્ન થયો છું ને તારી જ આપેલી શક્તિએ કામ કરૂં છું; તો પછી મુળથી વિખુટો પડી ક્યાં સુધી ટકું? દયાળુ! મને સદ્બુદ્ધિ આપજે!'

નાનાભાઈ

જ્ઞાનલીલા

પોષની જ્ઞાનલીલાના વખતસર આવેલા ઉત્તરોમાથી બધા પુરા સાચા તો આ ચાર ભાઇઓના જ છે. (૧) છોટાલાલ નરસિંહભાઇ પટેલ, અંબેટા (૨) હરિલાલ મલુકચંદ પારેખ, મુંબાઇ (૩) ધનજીભાઇ જગાભાઇ, દાહોદ (૪) જગસિંહ દીતા ગોહેલ, દાહોદ. ઇનામો એમને મોકલાશે. નવા સવાલોના ઉત્તર ફાગણ સુદ ૧૫ સુધીમાં પહોંચી જવા જોઇએ. ખરા જવાબો નીચે મુજબ: (૧) પાંચ કહેવતો: કોઈ વેંત નમે તો કોઇ હાથ નમે; માગ્યા વિના તો સગી મા પણ ન પીરસે: કીડી પર કટક; ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય: વાડ વિના વેલો ન ચડે. (૨) માણબત્તી, દીવો અથવા અગ્નિ. (૩) કઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે. (૪) હજાર રૂપિયાની દસ કોથળીઓ આ પ્રમાણે બંધાય: ૧, ૨, ૪, ૮, ૧૬, ૩૨, ૬૪, ૧૨૮, ૨૫૬, ને ૪૮૯. (૫) સગાઇ: ભાઇબહેન.

નવા સવાલ



(૧) બાજુના પાંચ વિચિત્ર ટુકડાઓમાં એક હાથી સંતાએલો છે; શોધીને મોકલો. (૨) 'કુમાર'ના આગલા એક અંકમાંની કવિતાની કડી બીબાં ગોઠવનારે સેળભેળ કરી નીચે પ્રમાણે ગોઠવી હતી. તમે તે કઈ છે તે જાણી શકશો?

આમ્રુ ત્યાં તીર હો બાલની નાવ,
ચાવલ ચભ્ર ડારિ શુનાં કુત્ય;
બાણો અભાત ખંપ ધૂડ વોળી,
પણ ચાર્યો ધવતું પ્રાભરા હૈ.

(૩) ૧૬ અક્ષરની એક કવિતાની જાણીતી લીટી છે. તેમાંથી નીચેના અક્ષરો મળીને બતાવ્યા પ્રમાણે અર્થ નીકળે છે: ૧, ૧૩=દુનિયા; ૧૦, ૪=ચુક; ૪, ૮=એક માપ; ૧૧, ૧૪, ૮=સ્વભાવ; ૧૫, ૮=વિદ્યુત; ૬, ૨=વહાલું; ૧૬મો અને ૧૨મો અક્ષર વિભક્તિના પ્રત્યય છે અને ૨જો ને ૭મો અક્ષર સરખા છે; તો તે લીટી કઇ? (૪) ગણિત ગમ્મત: (૧) એવો એક ગુણાકાર શોધી કાઢો જેમાં ગુણ્ય, ગુણક અને ગુણાકારમાં મળીને ૧ થી ૯ સુધીના આંકડા અને મીંડું માત્ર એક જ વાર આવતા હોય. (૨) ખીસામાં થોડાક રૂપિયા લઇ એક માણસ વેપારીની દુકાને ગયો ને દુકાનદારને કહ્યું, 'જો તમે મને મારા ખીસામાં છે તેટલા રૂપિયા

(અનુસંધાન જોડેના પાનાના પહેલા કૉલમને છેડે)



માધુકરી

હર્ષ ને શોક પ્રકાશ ને અન્ધાર
સદ્‌ગુણ દુર્ગુણ દ્વન્દ્વો સખી!
શ્વેત પટે એમ શ્યામલ માંડી
બ્રહ્માંડ કેરી આ કથા લખી.
સંસારને સર અમૃત ભરિયાં,
માંહીં ઘોળ્યા વિષના ઢગલા;
એ વિષને અમીના જલકુંડથી
પીશે અમી ધન્ય કો હંસલા.

—કવિ નાનાલાલ

શ્રી. અબ્બાસ તૈયબજી

નિર્ભયતા ને સત્યવચનની દીક્ષા લઇ અસહકારના મહા ગુરુએ નૂતન ગુજરાતને ઘડ્યું. અસહકારની આદ્વતીય પ્રવૃત્તિએ કેટલા યે રાજકીય પુરુષોને તપશ્ચર્યાની કસોટીએ ચડાવ્યા. એ કસોટીમાંથી પસાર થએલા, એ ધર્મભાવનાભરી લડતમાં સાચા મહારથી તરીકે ઝઝુમતા ને અસહકારને સત્ય સ્વરૂપે ઓળખતા ગણ્યાગાંઠ્યા ગુર્જરવીરોમાં અબ્બાસ તૈયબજીનું નામ મુસલમાન બંધુઓમાં અગ્રસ્થાને આવે છે.

વિલાયતી વાતાવરણમાં ઉછરેલ, વિલાયતી ઠાઠમાઠમાં રહેનાર, ને વિલાયતી રહેણીકરણીને વધાવનાર અબ્બાસ તૈયબજી આજે આત્મશુદ્ધિને આરે ઉભા રહી દેશી રીતભાત ને દેશી વસ્ત્રોને વધાવી લઇ ગામડેગામડે ઘુમી પોતાનાં દેશબાંધવોની સેવા કરવામાં તન્મય થઇ ગયા છે.

ઈ. સ. ૧૮૫૪માં ૧લી ફેબ્રુઆરીને દિવસે એમનો જન્મ ખંભાતમાં થયો હતો. નાનપણમાં બાળક અબ્બાસઅલીની તબિયત અસ્તવ્યસ્ત રહેતી. તેમનું નાનપણ મુંબાઇ અને કરાંચીમાં જ વીતેલું. અગિયાર વર્ષની ઉમર દરમ્યાન એમની તબિયત સુધરી નહિ એટલે એવો નિર્ણય થયો કે જો આ બાળકને વિલાયત મોકલવામાં આવે તો એની તબિયત સુધરે.

એ સલાહને અનુસરી મુંબાઇ ઇલાકાના મશહુર પુરુષ બદ્રુદ્દીન તૈયબજી સાથે અગિયાર વર્ષની ઉમરે અબ્બાસઅલીએ વિલાયત તરફ પ્રયાણ કર્યું. ત્યાં ગયા પછી એમની



આપો તો હું તમારી પાસેથી ૬ રૂપિયાનો માલ ખરીદું. દુકાનદારે શરત કબુલ રાખી ને પેલો માણસ ૬ રૂપિયાનો માલ ખરીદી ત્યાંથી બીજી દુકાને ગયો. અહીં પણ તેણે દુકાનદાર આગળ એ જ શરત મુકી. દુકાનદારે શરત કબુલ રાખી તેને ૬ રૂપિયાનો માલ આપ્યો. પેલા માણસે એ જ પ્રમાણે જ્યારે ત્રીજી દુકાનેથી ૬ રૂપિયાનો માલ ખરીદ્યો ત્યારે તેની પાસે કંઈ વધ્યું નહિ; તો પ્રથમ તેની પાસે કેટલા રૂપિયા હશે? (૫) એવું કોણ છે જે ગમે તેટલા ગાઉ જરા યે હાલ્યા ચાલ્યા વગર જઈ શકે? (૬) ઈજીપ્તનો એક પ્રાંત, રાક્ષસ, એક રસાયણ, એક પક્ષી;—એ ચાર અર્થવાળા શબ્દો અનુક્રમે એવા આવે છે કે દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઇને પછીનો અક્ષર બનતો જાય; તે કયા?

તબિયતમાં સુધારો થયો ને પોતે અભ્યાસમાં પણ ઉજ્જ્વળ પરિણામ લાવી શક્યા. એકવીસ વર્ષના જુવાન અબ્બાસઅલી બૅરિસ્ટરની પરીક્ષા પસાર કરી સ્વદેશ પાછા આવ્યા.

મુંબાઇ આવી અબ્બાસઅલીએ ત્યાંની હાઇકોર્ટમાં ચાર વર્ષ સુધી બૅરિસ્ટર તરીકે કામ કર્યું. ત્યાંથી ગાયકવાડી પ્રદેશમાં જૉઇન્ટ જજ, વીસનગરમાં ડિસ્ટ્રિક્ટ જજ, વડોદરાના સિટી જજ વગેરે હોદ્દા ભોગવી એમણે પોતાની કીર્તિ જમાવી. નામદાર ગાયકવાડ સરકારના ચીફ આફિસર તરીકે વિલાયતમાં એમણે બહુ પ્રશંસાપાત્ર કામ કર્યું. અને આખરે વડોદરાના મુખ્ય ન્યાયાસને બીરાજી એમણે પોતામાં રહેલી શક્તિઓને પુરેપુરી પ્રકાશમાં આણી.

એ વખતનું અબ્બાસઅલીનું જીવન અંગ્રેજી વાતાવરણથી સંપૂર્ણ રંગાએલું હતું. એમના ઘરમાં પણ આખું કુટુંબ એ જ રંગમાં તરબોળ હતું. એમનાં સંતાનો અને સર્વેની ગૃહભાષા અંગ્રેજી થઈ પડી હતી. કુટુંબના બધા જણાએ સાથે મળી ઠરાવ કરેલો કે આખો દિવસ ઘરમાં અંગ્રેજી ભાષા જ બોલવી. જો કોઇથી ભુલેચુકે બીજી ભાષાનો એકાદ શબ્દ બોલી જવાય તો શબ્દ દીઠ અમુક દંડ ભરવો પડે. આ રીતે આખું ઘર અંગ્રેજીમય જ હતું.

ઇ. સ. ૧૯૧૩માં પેન્શન લઈ અબ્બાસ સાહેબ નિવૃત્ત થયા. દેશનાં રાજકીય અને કેળવણી વિષયનાં ક્ષેત્રો એમનો પ્રિય વિષય હતો. નિવૃત્તિમાં પણ એ વિષયોમાં પોતે પોતાથી બનતો ફાળો આપે જતા. એટલામાં દેશમાં આત્મશુદ્ધિની હાકલ પડી અને સ્વતંત્રતા દેવીના મંદિરના પૂજારીઓની ઘોષણા સંભળાઇ. વૈભવ વિલાસમાં ઉછરેલા અબ્બાસ સાહેબે અસહકારની હીલચાલ પર વિચાર કર્યો. એમની આંખ સમક્ષ કરોડો ગરીબોની પરતંત્ર દશાનાં દૃશ્યો ખડાં થઇ ગયાં. ઉંચામાં ઉંચા અને ઉંચામાં ઉંચી ઢબનાં વિદેશી વસ્ત્રો પહેરનાર અબ્બાસ સાહેબે હવે ખરબચડી ખાદીને વધાવી. અને વડોદરાના અબ્બાસ સાહેબ આખા હિંદના પ્રસિદ્ધ દેશભક્ત તરીકે પંકાયા.

તોંતેર વર્ષની ઉંમરે આજે એ વૃદ્ધ પુરુષ અદ્ભુત ઉત્સાહ અને ઉમંગથી ગામડેગામડે ફરે છે. આ કર્મયુગની સાચી પ્રતીતિ રૂપ આવા પુરુષો તરફ મન મીટ માંડી રહે છે. અબ્બાસ સાહેબ એટલે ગંભીરતા, શાંતિ, સૌજન્ય અને સમભાવની મૂર્તિ. એ વૃદ્ધ પુરુષને રૂંવાડેરૂંવાડે નવજીવન ભર્યું છે; ગુજરાતની એ એક પ્રેરણા શક્તિ છે. ('શારદા'માંથી)

દેલવાડાનાં મંદિરો

દેલવાડામાં બધાં મળીને પાંચ મંદિરો છે. એમાંના બેની તોલે તો હિંદનું બીજું કોઈ મંદિર આવી શકે તેમ નથી. આમાં પહેલું મંદિર આદિનાથ તિર્થંકરનું છે. વિમળશાહે એ મંદિર ઇ. સ. ૧૦૩૨માં બંધાવ્યું હતું એમ શિલાલેખ ઉપરથી જાણી શકાય છે. એ મંદિરમાં આદિનાથની એક ભવ્ય મૂર્તિ છે. એની આંખોને ઠેકાણે રત્નો જડયાં છે, બહારથી જોતાં તો આ મંદિર એટલું સાદું દેખાય છે કે અંદરની આવી ભવ્યતાનો ખ્યાલ ભાગ્યે જ કોઇને આવી શકે. તેની સામે જ નેમિનાથ તિર્થંકરનાં બે મંદિરો છે. તે વસ્તુપાળ ને તેજપાળ નામના બે ભાઇઓએ ઈ. સ. ૧૨૩૧ માં બંધાવ્યાં હતાં.

આપણા અસાધારણ સ્થાપત્યમાંથી અવશેષ રહેલાં આબુ ઉપરનાં દેલવાડાનાં આ દેવાલયો અત્યારે પણ ગુર્જર સંસ્કૃતિનું ખરેખરૂં મૂર્ત સ્વરૂપ બતાવે છે. યૂરોપિયનોમાં એને પહેલી વખત જોનાર કર્નલ ટૉડ, એની સાથે મહાન મોગલ સામ્રાટ શાહજહાની હૃદયેશ્વરીની જગવિખ્યાત આરામગાહ તાજમહાલને જ સરખાવે છે; અને છેવટે લખે છે કે બન્નેનું સૌંદર્ય એવું અલૌકિક છે કે સરખામણી ન થાય. બન્નેમાં પોતપોતાની વિશેષતા છે; અને તેનું માપ દરેક જણ પોતાની બુદ્ધિ પ્રમાણે કાઢી શકે.

પરંતુ આપણે દેલવાડાનાં મંદિરોમાં ને તેનાં ઇતિહાસમાં તાજ કરતાં ચઢે તેવી એક વિચિત્ર વિશેષતા જોઈ શકીએ છીએ. તાજ અનન્ય સ્ત્રીપ્રેમથી બંધાયો છે. દેલવાડાના મંદિરો જૈનોની ભક્તિ, કર્મ કરવા છતાં ઉદ્ભવેલો વિરાગ, અને અપરિમિત દાનશીલતાથી બંધાયાં છે. તાજ એની આજુબાજુનાં મકાનો, દૃશ્યો, નદી, બાગ વગેરે સમગ્રતામાં જ રમ્ય લાગે છે. દેલવાડાનો અંદરથી એકએક થાંભલો, તોરણ, ઘુમ્મટ, ગોખ, એકએક જુઓ કે સાથે જુઓ, તો પણ રમ્ય લાગે છે. તાજનો એવો એકેક કકડો છુટો જોતો નહિ ગમે. તાજ એટલે આરસનું એક ગંજાવર રમકડું; દેલવાડા એટલે એક મનોહર આભૂષણ. તાજ એટલે એક મહા સામ્રાજ્યના મેજ ઉપરનું સુંદર પેપરવેઇટ; દેલવાડાનાં મંદિર એટલે ગુર્જરીના લાવણ્યનું પૂર વધારતાં હીરાના સુંદર કર્ણપૂરો (એરીંગ). તાજની રંગબેરંગી જડીત કામની નવીનતા બાદ કરીએ તો કેવળ શિલ્પકળા અને કારીગરીમાં દેલવાડાની મનોહર કારીગરી ચઢે તેવી છે. નવીનતા તો સમયના ભેદને લીધે પણ હોઈ શકે. એ બન્ને મહામંદિરોના સમય વચ્ચે પાંચ સદીઓનો ગાળો છે. દેલવાડામાં મંદિરો પાંચસો વર્ષ જુનાં છે એ ભુલવું ન જોઇએ. અને સર્વથી અગત્યની વાત તો એ છે કે તાજ પાછળ આખા ભારતીય સામ્રાજ્યની લક્ષ્મી વેરાઇ છે; દેલવાડા એક ગુજરાતી વેપારીએ બંધાવ્યું છે. તાજના પથ્થરોમાં રાજસત્તાની વેઠના નિશ્વાસ છે; દેલવાડામાં ગુર્જર વેપારીઓની ઉદારતાથી ઉદ્ભવેલા શિલ્પીઓના આશિર્વાદ છે. અને તેથી જ વેઠના ત્રાસથી મુક્ત એ શિલ્પીઓએ પૂર્ણ સંતોષ મળ્યાથી પોતે જ એક મંદિર દેલવાડામાં બાંધી એ અપૂર્વ સમૂહમાં ઉમેરો કર્યો

છે. તાજમાં કારીગરોને પુરતા રાજના પૈસા પાછા મળ્યા નથી. એકના બાંધનાર મહારાજ્ઞાટ: બીજાના બાંધનાર એક ગુજરાતી વાણિયા. જે સંસ્કૃતિએ એવા નર ઉપજાવ્યા છે તેની મહત્તા આજદિન સુધી કાયમ છે. (રત્નમણિરાવ જીભરામ)

મનોબળ કે મહાવરા–બળ ?

'સાયન્સ ઍન્ડ ઇન્વેન્શન' નામના વિજ્ઞાનના માસિકના તંત્રીએ, એ માસિકના હમણાંના એક અંકમાં સચિત્ર લેખ લખ્યો છે. એ લેખમાં તેણે, એક માણસે કરી બતાવેલા નીચેના પ્રયોગોનું તાજ્જુબ કરનારૂં બયાન કર્યું છે. તંત્રી પ્રસ્તાવનામાં કહે છે કે, 'મેં પોતે એ પ્રયોગો જોયા છે, અને એ પ્રયોગો ભજવાયા ત્યારે મારી સાથે સંખ્યાબંધ સંભાવિત ગૃહસ્થો હાજર હતા.'

'પહેલાં હાજીઅલી દસ શેર પાણી ઢીંચી ગયો. ઉપર સવાશેર ગ્યાસતેલ ચડાવ્યું, હાથમાં સળગતી મશાલ લીધી. પછી પેટમાંથી ગ્યાસતેલ કાઢી ફૂંકૂ કરતો તેના ઉપર કોગળા કરવા લાગ્યો. ભડકો જોસભેર બળવા લાગ્યો. બાદ પેલું ગેલન પાણી કાઢ્યું અને તે વડે આગ બુઝવી નાખી! સહુએ ખાતરી કરી અને આશ્ચર્ય પામ્યા.

'અખરોટ જેવા ૩૬ હેઝલ નટ અને એક બદામ તે ગળી ગયો. હોજરીમાં પાણી ઉપર તે તરતાં હતાં. અલી તેની મરજી મુજબ હોજરીમાંના એ ૩૭ ફળમાંથી ગમે તે બહાર કાઢી શકતો. પ્રેક્ષકોની ઇચ્છાથી તેણે બદામ બહાર કાઢી. આમાં તે કશી ચાલાકી કે કુડ ન વાપરે તે માટે ક્ષ-કિરણોવડે તેની હોજરી માંહેના એ ફળોના ફોટા પણ લેવામાં આવ્યા હતા. અલી તેની હોજરી ઉપર એવો અજબ કાબુ ધરાવે છે!

'કોઈ કોથળીમાં નાખેલાં ફળોમાંથી, બહારથી આંગળાંવડે ઓળખી, ૩૭માંથી એક બદામ શોધી કાઢવી એ પણ સામાન્ય માણસને કેટલી અઘરી થઈ પડે? ત્યારે હાજીએ તો હોજરીમાંથી આંગળાંની મદદ વિના મન અને મહાવરાના બળે કેટલી યે વાર બદામ કાઢી બતાવી. તે બદામ કાઢતો તે પહેલાં ક્ષ-કિરણોવડે હોજરીના ફોટાઓ પાડી દરેક વખતે ખાતરી કરવામાં આવતી કે તે બદામ હોજરીમાં બીજાં ફળો સાથે ક્યાંય સેળભેળ થઈ ગઇ છે કે કેમ? અને પૂરી ખાતરી બાદ વિજ્ઞાનીઓ, તંત્રીઓ અને પ્રેક્ષકોની હાજરી મધ્યે તે ફરી બદામ કાઢી આપતો અને હેરત પમાડતો!'

'ફળો સાથે તે ખીસ્સા ઘડિયાળ પણ ગળી ગયો. તેનો ફોટો પડાયો. પણ ઘડિયાળ હોજરીમાં અવળી અને ઉંધી થઈ જવાથી તેનો ક્ષ-કિરણી ફોટો ઝાંખો ઉઠયો છે.

'ન્યુયોર્કની ઇલેક્ટ્રિક ઇક્વિપમેન્ટ કંપનીએ તો ક્ષ-કિરણથી તેની હોજરીના પણ ફોટા લીધા. ત્યાર પછી અલી ત્રણ સુવર્ણ મહોરો ગળી ગયો અને ત્રણે ય પાછી કાઢી આપી. ત્યાર બાદ ત્રણ જૂદાજૂદા રંગના રૂમાલ તે ગળી ગયો અને મ્હોંમાગ્યા રંગના રૂમાલ તેણે કાઢી બતાવ્યો. ઉપરના બન્ને પ્રયોગમાં કશું કપટ કે ચાલાકી તો નથી ને, એ નક્કી કરવા ક્ષ કિરણોવડે ફોટા લેવાયા હતા અને ખાતરી કરાઈ હતી.

'હાજીનું કહેવું એમ છે કે તેના આ પ્રયોગોમાં કશો ચમત્કાર નથી. હોજરી, અન્નકોશના સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓ ઉપર અજબ કાબુ મેળવવાનું જ એ પરિણામ છે!' (સૌરાષ્ટ્ર)

સિયામના રાજા



સિયામના નવા રાજા પ્રજાતિપોકનો રાજ્યાભિષેક હમણાં જ ત્યાંની રાજધાની બાંકોકમાં થયો.

પ્રજાતિપોકની પહેલાં એમના ભાઇ રામ (છઠ્ઠા) ગાદી પર હતા, જે શેકસપીરિયન સાહિત્યના જાણીતા અભ્યાસી અને વિદ્વાન રાજા ગણાતા. બંને ભાઇઓએ ઇંગ્લંડમાં જ કેળવણી લીધેલી. પ્રજાતિપોક અત્યારે બત્રીસ વર્ષના છે અને તે ઇટનની કૉલેજના તથા વૂલ્વિચની રૉયલ મિલિટરી ઍકેડેમીના ગ્રૅજ્યુએટ છે. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સની મુલાકાત પણ એમણે લીધી છે.

સિયામના રિવાજ પ્રમાણે એમણે પોતાને શિરે વિજયમુકુટ ધારણ કર્યો. અને રાજગુરૂએ તેમના હાથમાં રાજદંડ તથા સફેદ રાજછત્ર આપ્યાં. ત્યાર પછી બપોરે રાજાએ પોતાની રાણીને પોતાને હાથે ચાંલ્લો કર્યો અને સિંહાસન ઉપર પોતાને પડખે બેસાડીને રાજરાણી તરીકે સ્થાપી. સાંજે શહેરમાં પાલખી પર રાજાની સવારી નીકળી તે વેળા બ્રાહ્મણો સમૃદ્ધિ અને આબાદીસૂચક શેકેલા અનાજના દાણા ચોમેર છાંટતા જતા હતા.

વરૂ છોકરી

વરસો પહેલાં આપણા દેશમાં જંગલી જનાવરોની વસાહત ઝાઝી હતી. સિંહ, હાથી, વાઘ, ચિત્તા, રીંછ અને વરૂઓ તો વટેમાર્ગુઓની આડે અવારનવાર પડતાં. હાલમાં રેલવે રસ્તાઓને લીધે એવાં પશુઓની સંખ્યા ઓછી થતી ચાલી છે. કેટલાકનો મુસાફરોના જાનમાલની સલામતી માટે શિકાર કરી નંખાતો જાય છે. કેટલાંકને સરકસ કે મદારીના ખેલ માટે કે કુદરતના પ્રાણી તરીકે અજાયબઘર સારૂ પકડાવામાં આવે છે. કેટલાંક રાજદરબારના દબદબા ખાતર પળાય છે. આને લીધે વનપશુઓની જાતો લગભગ નાબુદ થવા લાગી છે.

સાધારણ રીતે એવાં પશુઓ મુસાફરોને હેરાન કરે છે કે વાછરડાં કે પાડાં ઉપાડી જાય છે; કોઇકોઇ વાર તો બાળકોને પણ ઉઠાવી મારી ખાય છે. પણ એ બધાં હિંસ્ર પશુઓ કાંઇ ઝનુની અને જીવલેણ જ હોય છે એમ નથી. સિંહ ઘણો પાળેલો ને માયાળુ બને છે. હાથી તો મળતાવડું પ્રાણી છે. એ સઘળાંમાં બહુ અચંબો પમાડે તેવો કિસ્સો વરૂઓને વિષે કહેવાય છે.

નવાબ વજીરોના રાજ્યકાળમાં લખનૌ ખાતે સ્લીમન નામે એક સાહેબ રેસિડન્ટ તરીકે આવ્યો હતો. તેને જંગલોમાં ફરવાનો શોખ હતો. તેણે પોતાના પુસ્તકમાં વરૂઓએ પાળેલ એક છોકરાની વાત લખી છે. પણ એ તો જુની વાત.

હમણાં એવી જ એક નવી ઘટના બહાર આવી છે.

કલકત્તાની બિશપ કૉલેજમાં એચ. પેકનહમ વેલ્શ નામે એક પાદરી પ્રોફેસર છે. તેને વરૂઓની પાળેલી બે છોકરીઓ મળી આવી છે.

પશ્ચિમ બંગાળાના મિદનાપુર શહેરમાં પાદરી સિંહની દેખરેખ નીચે એક અનાથાશ્રમ ચાલે છે. શ્રી સિંહ એક વાર જંગલમાં થઇને જતા હતા, ત્યારે કેટલાક જંગલી લોકોએ તેને કહ્યું કે થોડે દૂર રસ્તા ઉપર ભૂતપ્રેતની જગ્યા આવે છે; અને ત્યાં એક બોડ છે. એ સાંભળી શ્રી સિંહ થોડાંક માણસોને લઈ એ જગ્યા જોઇ આવ્યા. ત્યાં બોડ હતી પણ ભૂતનું નામનીશાન નહોતું. સોળ મજુરોએ બોડને ખોદવા માંડી. થોડી વારમાં અંદરથી વરૂઓ નીકળીને ઝપાટાબંધ દોડી ગયાં. ખોદકામ તો ચાલુ રહ્યું. કેટલીક વારે એક વરૂ માદા બોડના મોઢે આવી ઘુરકવા ને દાંત કચકચાવવા માંડી. બહુ કપાયે પણ તે ત્યાંથી ખસી નહિ, એટલે શ્રી. સિંહે તેને બંદુકથી મારી. પછી એ બોડમાં ઉંડે જોયું તો બે વરૂનાં બચ્ચાં જોડે બે છોકરીઓ એકબીજા પર સુતેલી દેખાઈ. માણસોના અવાજને લીધે છોકરીઓ જાગી ઉઠી. એકની ઉમર બે વરસની અને બીજીની આઠ વરસની હતી. તેઓ જંગલી જનાવરની માફક ઘુરકી અને હાથપગ ખોડીને ભાગી. તે વખતે પકડવાની હિંમત કોઇનામાં નહોતી.

ઘણી વાર માતાઓ પોતાનાં બાળકોને ઉઘાડા ઘરમાં સુવડાવી કામ કરવા બહાર જાય છે; અથવા ખેતરમાં એકલાં છોડી કામે લાગે છે. તેવે વખતે વરૂઓ બાળકોને ઉપાડી પલાયન થાય છે અને પાછળથી તેમને મારી ખાય છે.

પરંતુ આ બનાવમાં તેમ બન્યું નહિ. વરૂઓ છોકરીઓને એક પછી બીજી એમ શા કારણે ઉઠાવી ગયાં અને શા માટે તેમને મારી ન નાખી એ કોયડો છે. માદાના બચ્ચાં ઉપરના હેતને લીધે જ એ છોકરીઓ જીવવા ને ઉછરવા પામી હોવી જોઇએ.

શ્રી. સિંહે પછી એ છોકરીઓને જાળામાંથી પકડી. પકડતી વખત તેઓએ કાંઇ તોફાન ન કર્યું; કેમ જે તેઓ તદ્દન નબળી અને મરણતોલ હાલતમાં હતી. શ્રી. સિંહ તેમને ગાડીમાં બેસાડી ઘેર લઇ આવ્યા. શ્રી સિંહના પત્ની તેમના ખાવાપીવાની સંભાળ લેવા લાગ્યાં. પાછળથી નાની છોકરી અતિસારના રોગે મરી ગઇ પણ મોટી છોકરી જીવી.

એ છોકરીની આંખોના ડોળા પશુઓના ડોળાની પેઠે ફરતા હતા. એ બેસતી તો પણ જાનવરની જેમ કાચું માંસ તેને બહુ ભાવતું. વળી જે ચીજ ખાતી તેને પહેલાં સુંઘી લેતી. ગંધને લીધે સતાડેલી ચીજની તેને ખબર પડી જતી. માંસ દેખીને તેના મોંમાથી લાળ નીકળતી અને જડબાં હાલતાં. વળી તે દાંત કચકચાવીને અજબ તરેહથી ઘુરકતી. અનાથાશ્રમનાં બાળકોની સોબત તેને પસંદ નહોતી; કપડાંની દરકાર નહોતી અને પહેરાવેલાં કપડાં પણ તે ફાડી નાખતી. રાતે બહારથી થોડુંક ઘાસ લાવી તેની પથારી કરીને સુતી.

હાલ મોટી છોકરી ચૌદ વરસની થઈ છે હવે તે કપડાં પણ પહેરે છે. પહેલાં તો ફાડી ન નાખે માટે એને તંગ કપડાં પહેરાવવાં પડતાં. પરંતુ હવે તે જુની આદત ભુલી ગઈ છે. બંગાળી ભાષાના શબ્દો પણ તે શીખી છે. કોઇ આવે તો તેને નમસ્કાર કરે છે. મોટે ભાગે તે મુંગી જ રહે છે તેનું નામ કમલા પાડ્યું છે. હજુ તેને રોતાં કે હસતાં આવડતું નથી.

તાજેતરમાં એ પશુની માફક મોઢેથી ચીજ લઇને ખાતી અને પાણી પણ મોંથી પીતી. હવે તે હાથે ખાવા શીખી છે. બાકુ ખેલવુંકુદવું કે નહાવું તેને ગમતું જ નથી. શ્રી. સિંહના પત્ની સાથે તેનું મન હળી ગયું છે; અને શ્રી. સિંહ કહે છે કે થોડા વખતમાં એ છે તેવી માનવકન્યા થઈ રહેશે.

૩૦૦૦ ફીટ ઉપરથી ભુસ્કો !

સારજંટ બોઝ એ એક કુશળ અમેરિકન વિમાની છે. એક વાર એણે કોઈ છાપામાં વાંચેલું કે જો વુલવર્થ બિલ્ડિંગ (૯૦૦ ફીટ) પરથી કોઇ હેઠે પડે તો એ પડતાં પહેલાં જ બેશુદ્ધ થઇ જાય. બોઝને આ સાચું ન લાગ્યું, કેમકે દરેક

વિમાની ઉપરથી પોતાની છત્રી ખોલી ઇન્તરો ફીટથી નીચે પડતો છતાં કોઇને ઇજા ન આવતી. આ વાતની ખાતરી કરવા માટે એક વખત તેણે આમ ને આમ પડવા વિચાર કર્યો. એ રીતે તે પોતાના એક ભયંકર ભુસકાનું વર્ણન નીચે પ્રમાણે કરે છે:—

આ અખતરો એવી રીતે કરવાનો હતો કે મારે પહેલાં વિમાનમાં ઉંચે ઉડવું ને ત્યાંથી ખભે છત્રી બાંધી નીચે નાટકવું. અને જ્યારે મને લાગે કે હું બેશુદ્ધ થવા આવ્યો છું ત્યારે છત્રી ખોલી નાખવી. આમ કરતાં ગણત્રીમાં જરાક ફેર પડે તો મારા બાર વાગી જાય. અખતરા માટે રવિવારના દિવસ ઠરાવ્યો. આ ભયંકર અખતરાની બીજી એક અગત્ય એ હતી કે જ્યારે દુશ્મનોનાં વિમાન આપણા ઉપર હલ્લો કરે, અને ન કરે નારાયણ ને વિમાન સળગી ઉઠે તો વિમાનીઓ પેરશુટ (છત્રી)નો ઉપયોગ કરે. પણ તેની ગતિ બહુ ધીમી હોય છે અને તેથી આ રીતે છત્રી વિના ભુસકો મારતાં ન આવડતું હોય તો ખુલ્લી છત્રીએ નીચે ઉતરતાં પહેલાં જરૂર આપણો શિકાર થઇ જાય.

પણ આ કામ જોખમભરેલું હતું. માણસ નીચે પડે છે ત્યારે બહુ ગતિથી પડે છે ને જેમજેમ નીચે ઉતરતો જાય તેમતેમ તે ગતિ વધતી જાય અને પેરશુટ ખુલે ત્યારે તે ગતિ એકદમ રોકાય. પરિણામે સખ્ત આંચકો આવે કે જે શુદ્ધિ ગુમાવી દેવાને પણ પુરતો થઇ પડે. પણ બીક કોને હતી?

· રવિવાર આવ્યો ને તૈયારી થઇ. હું વિમાનમાં ૩૦૦૦ ફીટ ઉંચે ચઢ્યો. છત્રીનું પેકેટ કરી મારા બરડે બાંધ્યું અને તેને ખોલવાની રસી મારા હાથમાં રાખી. પડતી વખતે માથું હમેશાં ભારે હોવાથી તે નીચે જાય છે ને ગુલાંટ ખવડાવે છે; પણ ખભાના જોરથી તેને અટકાવી શકાય છે. પડતાં પહેલાં એકવાર મેં નીચે જોયું અને હું બહુ ઉંચે લાગ્યો. નીચેનું બધું મને નહિ જેવું જણાતું હતું. મને જરા બીક લાગી: વખતે છત્રી નહિ ખુલે તો!

ત્યાં તો પાઇલટનો અવાજ આવ્યો. મેં તરત જ દાંડો ઝાલ્યો અને ઝંપલાવ્યું. પણ પાઇલટે ભુલથી એવા તો જોસથી વિમાન ઉંચે ચડાવ્યું કે તેના પંખાના પવને મારા ઉપર ખુબ અસર કરી અને હું રગડગબડ જોરથી નીચે પડવા લાગ્યો. વચમાં થોડી સેકન્ડ બાદ શુદ્ધિ આવતાં મેં મારા પગ સીધા કરી દીધા. છત્રી ખોલવાનો વખત આવી લાગતો જણાયો. પણ હું બેશુદ્ધ જેવો તો હતો અને છત્રીનો ઝાટકો લાગે તો વળી તેમાં ઉમેરો થાય. વળી છત્રી ન ખોલું તો તો મુઓ જ પડ્યો! એટલે મને કમને છત્રી ખોલાઇ ગઇ અને એવો તો સરસ ઝાટકો લાગ્યો કે વાત નહિ! જાણે કોઇ અંદરથી જીવ ખેંચી લેતું હોય! મને તો આંખે અંધારા આવવા લાગ્યાં; મોત નજીક દેખાયું! પણ થોડી વારે શુદ્ધિ આવતાં હું જાણી ગયો કે છત્રીના આધારે હું ધીમેધીમે નીચે ઉતરતો હતો. હું છેક જમીન સુધી આવી ગયો અને મારો અખતરો જોવા આવેલા ઉપસેલા ટોળામાં નીચે ઉતર્યો. હું સાજો ને તાજો હતો. ફરી મેં એ આજમાવી જોયું અને મને સાધારણ લાગ્યું. ઝંપલાવ્યા વિના સિદ્ધિ ક્યાં છે!

એક વીર કુમાર

ભારતના બાળકો, સ્ત્રીઓ કે પુરુષોની વીરતા સંબંધે હાલ બહુ જ થોડું સંભળાય છે. જ્યાંત્યાં વિદેશીઓની વીરતાની જ વાહવાહ થઇ રહી છે. એવું કાંઇ નથી કે યુરોપ વાસીઓમાં જ વીરત્વ ભર્યું છે ને હિંદીઓ તેનાથી સર્વથા વંચિત છે. હિંદીઓમાં પણ આ ગુણ છે ને તેનો ઉપયોગ પણ થાય છે, પરંતુ તેમની વીરતા પત્રોમાં પ્રકટ થતી નથી કે બીજી કોઇ રીતે તેમને ઉત્તેજન મળતું નથી. આથી ઉલટું, કોઈ અંગ્રેજ બચ્ચો શોય દાખવે તો તેનું વર્ણન તો શું પણ ફોટો યે અનેક પત્રોમાં છપાય ને તેને સારાંસારાં ઇનામો પણ મળે.

એ વીર બાળકનું ગામ સીતાપુર ને નામ ગુરુપ્રસાદ. એક દિવસ તે પોતાના ઓરડામાં બેસી પરીક્ષા માટે વાંચી રહ્યો હતો એવામાં કોઈની ચીસ તેના કાન ઉપર અથડાઇ ને એક ધબ્બ કરતો અવાજ પણ સંભળાયો. ગુરુપ્રસાદના ઓરડા પાસે જ એક કુવો હતો. ગુરુપ્રસાદ પુસ્તક પડતું મુકી એકદમ કુવા ઉપર દોડી ગયો. તેણે જોયું તો કુવામાં એક છોકરી ડુબકાં ખાતી હતી. ગુરુપ્રસાદે આમ તેમ જોયું પણ તેને સહાય કરનારું કોઈ જણાયું નહિ.

પ્રથમ તો તેણે પાસે પડેલી દોરીનો એક છેડો કઠેરા સાથે બાંધી બીજો છેડો કુવામાં ઉતાર્યો; પરંતુ છોકરી તે દોરી પકડી શકી નહિ ને નિરાશ થઇને તેને દોરી પાછી ખેંચી લેવી પડી. ગુરુપ્રસાદે નિશ્ચય કર્યો કે જાન જાય તો યે તે છોકરીને તો બચાવવી. પછી તેણે દોરીનો એક છેડો કઠેરા સાથે બાંધેલો રહેવા દઇ બીજો છેડો પોતાની કમર સાથે બાંધી દીધો ને કુવામાં પડતું મુક્યું. તેણે પોતાની કમર ઉપરનું દોરડું છોડી તે છોકરીની કમરે બાંધી દીધું ને તે જ દોરડાની મદદથી પોતે બહાર નીકળી ગયો. ગુરુપ્રસાદનો કુદવાનો અવાજ સાંભળી આ વખતે ઘણા માણસો આવી પહોંચ્યા હતા. ગુરુપ્રસાદે તેમની મદદથી તે છોકરીને બહાર કાઢી. થોડી વાર પછી છોકરી ભાનમાં આવી ને તેનો જાન બચી ગયો.

કુવામાં કુદતી વખતે ગુરુપ્રસાદના જમણા હાથને સખ્ત આંચકો લાગ્યો હતો. બીજે દિવસે પરીક્ષા હતી. નિશાળમાં જઇ હાથમાં સવાલપત્ર રાખી વેદનાથી તે મૌન બેસી રહ્યો હતો. શિક્ષકે તેને નહિ લખવાનું કારણ પુછતાં ગુરુપ્રસાદે આગલે દિવસે બનેલી વાત કહી સંભળાવી. શિક્ષક તેના ઉપર ખુબ પ્રસન્ન થયા. જ્યારે આ વાતની ખબર લખનૌમાં સર વિલિયમ મેરિસને પડી ત્યારે તેણે, અંગ્રેજ સરકાર તરફથી ગુરુપ્રસાદને એક રૂપાનો ચાંદ આપ્યો. આ ચાંદ મેળવનાર ગુરુપ્રસાદ પહેલો હિંદી બાળક છે.

શું ખાવું ? ધાણી સાથવો ?

તંદુરસ્તી સાથે જીવવા માટે ખાવું જરૂરી છે. એ ખાવાનું જેમ કરતાં સુંદર અને સ્વાદિષ્ટ બને; અને તે સાથે જ તેના ગુણો જળવાઈ રહે એવી રીતે તૈયાર કરવામાં જ ચાતુર્ય અને કળા છે. ખોરાક વિષે અંગ્રેજીમાં થોકબંધ પુસ્તકો છે; અને ખોરાકમાં સુધારાઓ દરરોજ થતા જ જાય છે. લાંબા લાંબા વિચારો કરીને છેવટ ડૉક્ટરો એવા નિશ્ચય પર આવ્યા છે કે વનસ્પતિજન્ય બધા પ્રકારના ખોરાક ખાવો અને તે સાથે જ પ્રાણીજન્ય ખોરાકમાં દૂધ, દહીં, માખણ, ઘી વગેરે ખાવાં એ ઉત્તમ રીત છે. વનસ્પતિજન્ય ખોરાકમાં આખુ ને આખું અન્ન ખાવું જ ઉત્તમ ગણાય છે. ભુસું કાઢીને ખાવું, બટાટા છોલીને ખાવાં, કડોળ છોડા કાઢીને ખાવું, એ બધું નુકશાનકારક જ છે.

ખોરાકમાં જેમ સ્વાદ જોઇએ તેમ ગુણ પણ જોઇએ. અન્નમાં રહેલો કયો ભાગ ઉપયોગી અને કયો નિરૂપયોગી એ સાધારણ માણસ જાણી શકે નહિ. ઘઉંમાં રવો અને મેંદો બે ઉપયોગી ભાગ ગણાય છે; અને ભુસું-થુલું નિરૂપયોગી ગણાઇ ફેંકી દેવાય છે ! પણ રવા કે મેંદાને પચાવનાર અતિ ઉપયોગી તત્ત્વો અને મગજને સતેજ કરનાર, બંધકોશ મટાડનાર, તથા કલેજું-લિવર સુધારનાર; એકંદરે જીંદગીનો મોટો આધાર જેના પર અવલંબી રહેલ છે તે તત્ત્વો તો ભુસામાં જ છે ! આથી જ સુધરેલા ડૉક્ટરો આખા દાણાનો ખોરાક ખાવાની સલાહ આપે છે.

કેટલાક કારણોથી મનુષ્યની શક્તિ હવે કાચું ને કાચું અનાજ પચાવવા જેટલી નથી રહી. અગ્નિની વધારે પડતી ઉપાસનાનું આ ફળ કહેવાય. હવે આપણને પકવ્યા વગરનો ખોરાક જીરવવો કઠણ પડે છે. અન્નમાં જે મેંદાવાળો ભાગ (Starch) છે તે શહેરવાસીઓને તો મુશ્કેલીથી પચે છે. આથી એ મેંદો પેટમાં જતાં પહેલાં અરધો પચાવી લેવો આવશ્યક મનાય છે. આને માટે આપણા પુર્વજોએ તેને રેતીમાં ભુંજવાની ટુંકી રીત શોધી કાઢી છે.

ચોખામાં મેંદો ઘણો છે; ઘઉંમાં થોડો છે. ચોખાના એકએક રજકણને પેટમાં વાયુ કર્યા વગર પચી જવા જેવા કરવા માટે, રેતીમાં ભુંજી કાઢવાથી તે ફુલીફુલીને હડા જેવા થઈ જાય છે. ઘઉં પણ એમ જ ફુલીને ફાટી જાય છે. કોઇક અન્નને મીઠાનું પાણી પાઈ પછી શેકવામાં આવે છે. કોઇને ફક્ત પાણીમાં ભીંજવીને શેકવામાં આવે છે. આમ જુદેજુદે પ્રકારે, પણ માત્ર મુશ્કેલીથી પચનાર ખોરાક સહેલાઈથી પચવા જેવો બનાવવા માટે, તે સાથે જ તેનાં છોડાં કાયમ રાખવા માટે આ ઉત્તમ ઉપાય યોજાયો છે. કારણ કે એ છોડામાં શરીરને અતિ ઉપયોગી એવાં સોળ તત્ત્વો છે. છોડાં કાઢી નાખીને ખાવાથી આપણે માત્ર બે ચીજ ખાઈએ છીએ, ૧૪ ફેંકી દઇએ છીએ ! ખાસ કરીને મગજનું કામ કરનારને તો આખું ને આખું છોડાવાળું જ અનાજ ખાવાની જરૂર છે. મગજનો ખોરાક જ એ છોડામાં છે; અને મગજને સારૂ રાખવા માટે બંધકોશ મટાડવાનો ગુણ પણ એ છોડામાં જ છે. મગજનું કામ કરનારો શરીરનું કામ ઓછું કરે છે તેથી તેને જ બંધકોશ વધુ થાય છે માટે છોડાં ખાવાં તેને માટે ખાસ આવશ્યક ગણાય.

ભુંજવાથી એકેક દાણામાં બાર કરોડ, પચાસ લાખ રજકણ ફુલીને પચવા જેવા થઇ જાય છે ! એ ભુંજેલા આખા દાણાનો ખોરાક, મમરા, ઘઉં, ધાણી, ચણા, સીંગ-દાણા વગેરે સુક્કા હોવાથી માણસને જોઇતા પ્રમાણમાં જ માત્ર ખવાય છે. મોંમાં લાળ હોય ત્યાં સુધી જ તે એ ખોરાક ખાઈ શકે ! આથી અજીર્ણ થાય એટલું અકરાંતિયાની માફક કોઇ મૂર્ખ માણસ પણ ખાઇ શકે જ નહિ. આવી રીતે આ ભુંજેલા અન્નમાં એકંદર ગુણ જ ગુણ છે.

હવે એક તરફ આ ધાણી અને બીજી તરફ પેલાં ખેંચાણકારક લેબલવાળા ટીનના ડબામાં પૅક કરેલાં બિસ્કિટ સરખાવો. બે આને શેરના ઘઉં લઈ જઇને તેના રોટલા વિલાયતવાળા ઘડી, શેકીને ડબા ભરી અહીં મોકલે તે વાપર-નારના હાથમાં તો એકાદ વરસે જાય ! અને તે ઘરમાં સવારની રોટલી સાંજના ન ખાનારો શહેરી, સવાથી માંડી સવા બે રૂપિયે રતલ સુધીના ભાવે ખરીદીને ખાય ! આમાં પેલા ભુંજેલા અન્ન કરતા અરધો ગુણ નહિ ! ભુંજેલા ધાણી મમરા તાજેતાજા રોજેરોજના મળી શકે. પણ ખોરાક વિષેના જે પુસ્તકો ડૉક્ટરોને ભણાવવામાં આવે છે, તેમાં આ ધાણી ચણાનું વર્ણન જ ન મળે, એટલે એ હિંદુસ્તાનમાં જન્મેલા ડૉક્ટરો પણ બીચારા ધાણી મમરાના ગુણ ક્યાંથી જાણે ?

બિસ્કીટના પક્ષપાતીઓ દલીલ કરે છે કે એ ડબા તો બરાબર પેક કરેલા હોવાથી એમાંનો માલ સડી બગડી શકે જ નહિ; પણ એ ભાઇ જો સુક્ષ્મદર્શક યંત્રથી જુએ તો ખાતરી થાય કે એમાં જીવાત કેટલી પાકે છે.

શરીરને તેમજ મગજને બન્નેને ફાયદાકારક, સંપુર્ણ પોષણ આપનાર તાજો ને તાજો અને સસ્તામાં ઘરને આંગણે મળતો સર્વગુણસંપન્ન ખોરાક ભુંજેલું અન્ન, ધાણી, મમરા વગેરે છોડી, વરસ વરસનો વાસી, જીવાત પડી ગએલો અને ગુણહીન ખોરાક એકને સોળગણે ભાવે જે પ્રજા ખરીદીને ખાય તે પ્રજાએ કેટલી પ્રગતિ કરી કહેવાય ? (ગુ. કેસરી)

મહત્તાનાં સ્મરણો

નિશાળમાં પરીક્ષા આવી છે. પરીક્ષક પુછેલા સવાલો એ ધોરણને માટે વધુ પડતા વિકટ છે. નાજુક પ્રકૃતિનો ગોપાળ મુંઝાઇને રડવા જેવો થઇ ગયો. પડખે ચડીને શિક્ષક મહાશયે એને પાડોસીની પાસેથી સાચા જવાબો જાણી

લેવાનું સૂચવ્યું. ગોપાળે માસ્તર સાહેબની સલાહ સ્વીકારી. બીજે દિવસે વર્ગમાં જતાં, માસ્તર સાહેબ કહે છે કે "ગોપાળ, તારા દોકડા સહુથી વધારે છે, પહેલો બેસ." ખસિયાણો પડીને ગોપાળ થંભી ગયો. બોલ્યો કે "એમ કેમ બને? મને તો બીજાએ શીખવેલું જ મેં લખ્યું હતું, તો પછી પહેલો નંબર કેમ લેવાય!" માસ્તર અને વિદ્યાર્થીઓ તમામ હસી પડ્યા, "અરે ગાંડા, અમે સહુ એમ જ કરીએ છીએ." પણ ગોપાળ ન માન્યો. સહુ કરે તેમ કરવાનું એને માટે નહોતું સરજાયું.

વિદ્યાર્થીજીવન તદ્દન સાધારણ: શરમાળપણાનો પાર જ નહિ, પણ યાદદાસ્ત તો ગોપાળના જ બાપની! દેવતાના ગુપ્ત વરદાન શી એ સ્મરણશક્તિને માટે તો એક વાર હરકોઈ લખાણ પર આંખ જ ફરી જવી બસ હતી. કાને એક વાર વેણ પડ્યું એટલે વજ્રલેપ બની જતું. કૉલેજમાં તો સ્કૉટ, શેક્સ્પીઅર અને મિલ્ટનની હજારો પંક્તિઓ જીભને ટેરવે રમતી હતી. મિત્રો પુછે "ગોપાળ, ફલાણો ફકરો બોલ જોઉં!" જવાબમાં પ્રવાહ છુટે. એક શબ્દ પણ ત્રુટે નહિ. એને મુરખો જાણીને મિત્રો વળી પાછા ફરમાવે કે "ખરો હો તો બોલ, 'and' શબ્દથી શરૂ થતી પંક્તિ: બોલ: 'but' થી જેટલા ફકરા શરૂ થતા હોય તે." અને એક મિનિટ પણ જવા દીધા વિના ગોપાળનાં મુખમાંથી ધોધ વહેતો. પુનામાં ગોપાળનો એક પાડોસી મિત્ર એની સાથે કરારમાં ઉતર્યો. શરત એ હતી કે પાડોસી ઠરાવે તે પુસ્તકના અમુક પાનાં રોજેરોજ ગોપાળે કંઠે કરવાં ને પછી બોલી જવાં. એક પણ શબ્દ ભુલે તો ભુલ દીઠ અક્કેક આનો ગોપાળે ચુકવવો. પાડોસીના હાથમાં એક પણ આનો કદિ પડ્યો નથી, એમ કથા ભાખે છે

અઢાર વર્ષનો ગ્રેજ્યુએટ, એટલે દુનિયાની અમાપ મુંઝવણની સાક્ષાત મૂર્તિ: ગોપાળકૃષ્ણને જીવન-પંથ જડતો નહોતો. તે દિવસના ગ્રેજ્યુએટની સામે તો સમૃદ્ધિનાં દ્વાર સહેજે ઉઘડતાં. ભણેલાઓનાં કીડિયારાં નહોતાં ઉભરાતાં. મિત્રોએ ઈજનેરી અને આઈ. સી. એસ. નાં પ્રલોભનો ખાડ્યાં. એલ. એલ. બી. ના માર્ગ પર જાય તો સામે જ સબ જડજનું સિંહાસન ઝળહળતું હતું. પણ ગોપાળકૃષ્ણને હાથે એક મહાન પ્રજાની વકીલાત લડવાનું, નાનાં મકાનોને બદલે એક પ્રજામંદિરનું ચણતર કરવાનું ને Indian civil servant ને બદલે Servant of India બનવાનું રેખા-નિર્માણ હતું. એ ડેક્કન એજ્યુકેશન સોસાઈટીમાં નજીવા મહેનતાણાથી જોડાયા. પ્રથમ હાઇસ્કૂલના શિક્ષક ને પછી ફર્ગ્યુસન કૉલેજના અધ્યાપક નીમાયા.

(સૌરાષ્ટ્ર)

આધુનિક ઈરાની સાહિત્ય

'ઇરાનનું આધુનિક કાવ્ય-સાહિત્ય' એ વિષય ઉપર વિખ્યાત ઉર્દૂ શાયર ખુદાબક્ષે હમણાં જ કલકત્તામાં એક સરસ ભાષણ આપ્યું. માહિતી, વિચારપ્રેરકતા અને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણની સમર્થ રજુઆતની દ્રષ્ટિએ એ ભાષણ ખાસ નોંધ લેવાજોગ છે. ભાષણમાંથી ફલિત થાય છે કે ઇરાનનું આજનું કાવ્ય--સાહિત્ય મધ્યકાલીન કાવ્ય--સાહિત્ય કરતાં ક્યાંય નિરાળું છે. રાજાઓની પ્રશસ્તિઓ, પ્રિયાના પ્રેમ-સ્તવનો, શરાબનાં સ્તુતિગીતો, એ બધી શબ્દોની રમત આજે ઈરાનમાંથી અદ્રશ્ય બની છે. અને તેનું સ્થાન, વાંચનારના હૃદયને હલમલાવી નાખનારાં પિતૃદેશના પ્રેમનાં સ્તોત્રોએ લેવા માંડ્યુ છે. ઇરાને ઇશ્કના દેવની કુર્નિશ કરવાનું છોડી, હવે સ્વાતંત્ર્યની દુર્ગાના ચરણની પૂજા આરંભી છે. ઇરાને સમજી લીધું છે કે સુક્ષ્મ ચર્ચા કરતાં, પાંડિત્યના પ્રદર્શન સમાં તત્ત્વજ્ઞાનના પુસ્તકો કોઇ પ્રજાની હૃદયતંત્રીના તારો નહિ ઝણઝણાવી શકે, કોઈ સુષુપ્ત પ્રજાને નહિ ઢંઢોળી શકે. સુતેલી પ્રજાને ખડી કરવાને તો કાવ્યો જ જોઇએ, પણ તે શરાબની તારીફનાં ગઝલ--કાવ્યો નહિ, તે તો પિતૃ-દેશની પૂજાના વીરરસથી ઉછળતા શૌર્ય--કાવ્યો! ઇરાને આ મંત્ર સમજીને જુની વ્યવસ્થાને જમીનદોસ્ત કરી નાંખી, અને નવું જ ઈરાન સરજી લીધું. હિન્દમાં--ગુજરાતમાં આ મંત્ર સમજાયો છે?



'તમારૂં માથું કપાય તો બહેતર છે; પરંતુ બ્રિટિશ કે જાપાની માલ તો હરગીઝ વાપરતા નહિ' એવાંએવાં લખાણોવાળાં પાટિયાં હાથમાં લઈ પરદેશી માલનો બહિષ્કાર પોકારતા શહેરની બજારોમાં સરઘસરૂપે ફરતા ચીના વિદ્યાર્થીઓ. ('સ્ફીઅર'માંથી)

હાથની સોનાની ચુડીઓ ગીરવી મુકીને મુખ્ય અતિથિના સત્કાર કર્યો ત્યાર પછી તો ભગવતીદેવીનો મોટો દીકરો ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર ત્રણ સો રૂપિયાનો સંસ્કૃત આચાર્ય બન્યો. ઇશ્વરચંદ્રે પુછ્યું, 'મા ! હવે ઘરેણાં કરાવું ?'

દેવીએ જવાબ આપ્યો, 'હા, બેટા ! મારે ત્રણ ઘરેણાં જોઇએ છે. દેશના છોકરા મૂરખ ન રહે એટલા માટે એક ધર્માદા શાળા કાઢ, રોગથી પીડાતા લોકો માટે એક ધર્માદા દવાખાનું કાઢ ને ત્રીજું ગરીબો માટે ધર્માદા અન્નસત્ર સ્થાપ.'

ને દીકરાએ એ બધું કરી આપ્યું.

ગણિતનો ચમત્કાર

૧×૯+૨=૧૧

૧૨×૯+૩=૧૧૧

૧૨૩×૯+૪=૧૧૧૧

૧૨૩૪×૯+૫=૧૧૧૧૧

૧૨૩૪૫×૯+૬=૧૧૧૧૧૧

૧૨૩૪૫૬×૯+૭=૧૧૧૧૧૧૧

૧૨૩૪૫૬૭×૯+૮=૧૧૧૧૧૧૧૧

૧૨૩૪૫૬૭૮×૯+૯=૧૧૧૧૧૧૧૧૧

મનુ—મારા દાદાની ઉમર ૧૦૦ વર્ષની છે; કેવું સરસ આરોગ્ય !

વિનુ—એમાં સરસ શેનું ! મારા દાદા જીવતા હોત તો તેમની ઉમર આજે ૧૫૦ વર્ષની થઇ હોત !

ખોરાકની ચીજોને કીડીઓ કે બીજાં જીવજંત ચડી જતાં હોય તો બે રકેબીઓમાં પાણી ભરી તેમાં ખાલી કુંજ મુકવા. પછી એ કુંજ ઉપર એક લાંબુ પાટિયું મુકી તેના પર ખોરાકનાં વાસણો મુકવાથી જ્યાં સુધી રકેબીઓમાં પણી હશે ત્યાં સુધી કોઈ જીવજંત વાસણને પહોંચી શકશે નહિ.

શરીરના જે ભાગ ઉપર જીવજંત કરડે તેના ઉપર એમોનિયા કાર્બોનેટ ભીનો કરી તરત ચોપડી દેવો. આથી જરા યે પીડા થતી નથી ને ચામડી સુઝી પણ નથી જતી.



ફર્નિચર પર પૉલિશ ચડાવવા માટે ઉપરની ત્રણે શીશીમાંથી સરખે ભાગે પ્રવાહી લઇ તેનાં થોડાં ટીપાં ફર્નિચર પર ફલાનલ વતી લગાડો. વધુ સરસ પૉલિશ કરવા માટે વધુ પટ દેવા ને છેલ્લે રેશમી કપડાથી લુછી નાખવું.

સાંધા વા ઉપર મધમાખીના ડંખ મરાવીને મટાડવાનો ઈલાજ અકસીર મનાયો છે.

માણસમાં શ્રદ્ધા સાથે નમ્રતા જોઇએ અને ઉત્સાહ સાથે ધીરજ જોઇએ.

સોય તરે !



પાણીથી ભરેલા પ્યાલામાં સાફ કરેલી સોયને ધીમે રહીને સપાટી પર મુકી દો. આમ કરતાં એટલું ધ્યાન રાખવું કે આંગળીઓ પાણીને અડે નહિ ને સોય પાણી ઉપર બરાબર સપાટ રહે. થોડા પ્રયત્ન પછી ચિત્રમાં બતાવ્યા મુજબ સોય તરતી થઈ જશે.

આગ્રહની માફક વ્યવસ્થા આખર સરવાળે જીત મેળવે છે.

નીચેનું વાક્ય વાંચો જોઇએ

NA M K'J K JV VT



નીફેન બેચર નામનો એક જર્મન કલાકાર એક વાર ગરીબ અવસ્થામાં હતો તે વેળા એ કેપ્રી નામના ગામે કોઈ હૉટેલમાં ઉતરેલો; પણ તેનું બિલ ચુકવવા પુરતા પૈસા તેની પાસે ન હોવાથી તેણે એ હૉટેલની ભીંતો ઉપર છાયાચિત્રો ચીતરીને એ દેવું વાળી આપ્યું. આને લીધે તો એ હૉટેલ ખુબ પંકાઈ ગએલી. ઉપલા ફોટામાં એ હૉટેલની બહારની ભીંતો પર તેણે ચીતરેલાં છાયાચિત્રો જણાશે.